# સમિધા



# આવો સમિધ બની સળગીએ
# અને પામીએ પરમ પ્રકાશ



અનેક લોકોએ આ પુસ્તક વાંચ્યું છે. તેમને ઇશ્વરની અનુભૂતિ થઇ છે. આ પુસ્તક આપે વાંચ્યું ? વાંચ્યું હોય તો રોજ વાંચો. ફક્ત એક પ્રકરણ, એક પાનું કે એકાદ ફકરો. આપના મનમાં જરાક પણ આ જગતમાં વસતા અબજો મનુષ્યો પ્રત્યે સહેજ પણ પ્રેમ પ્રગટે તો આપનું જીવન સફળતાના માર્ગે છે એમ જાણજો. આપના મનમાંથી પ્રેમ વહેશે અને ઇશ્વર એનો સાક્ષી બની સામે ઊભો હશે.

સુરેશ ઠાકુર



# સમિધા

સુરેશ સોમપુરા




તમે સૂર્યોદયની રાહ જોઈ બેઠા છો ?
સૂર્યોદય અને સૂર્યાસ્ત બન્ને તમારી
ભ્રમણા છે. વાસ્તવમાં તો નથી
સૂર્યનો ઉદય થતો નથી અસ્ત-તમે જ
સૂર્ય તરફથી ક્યારેક તમારો ચહેરો
ફેરવી લ્યો છો-

Come Let us Kindle & Burn & Let us Achieve the Highest Radiation

## અર્પણ

સ્વ. હીરા સોમપુરા
લીના વિવેક શીંદે
જ્યોતિ સોમપુરા
મીરા-આશિષ સોમપુરા
અને
ઉન્નતિ શીંદે - સાગર કાંબલિ
વામા - સમીર સોમપુરા
માનસ આશિષ સોમપુરા

Aksharnaad.com




સમિધા

સુરેશ સોમપુરા
Original thoughts by
Suresh Sompura
(1934-1999)

© ડૉ. પ્રજ્ઞા સોમપુરા
M.A., Ph.D.

પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર, ૧૯૮૨
ચોથી આવૃત્તિ : જાન્યુઆરી, ૧૯૯૦

કિંમત : રૂા. ૬૨/-

ચિત્રો : જયદેવ અગ્રાવત

આયોજન : લીના વિવેક શિંદે

E-Book : પ્રોસીજર - ડોટ એડ. રાજકોટ

સંપર્ક : ડૉ. પ્રજ્ઞા સોમપુરા
sompura.pragna@gmail.com

Thanks to
કિશોર મકવાણા
Wama Software
વામા-સમીર સોમપુરા

Aksharnaad.com

# મારી વાત

**આજ** સુધીમાં મને જે પત્રો મળ્યા છે તેમાં મારા વિશે જાણવા ખૂબ જ ઉત્સુકતા જોવા મળે છે. આમેય જોકે મારે મારી વાત કરવી જ જોઈએ.

**મારો** જન્મ પૈસાદાર કુટુંબમાં થયો છતાંય બાળપણ- (જીવનનાં શરૂઆતના પચીસ વર્ષો) ખુબ જ ગરીબાઈમાં વીત્યાં. આ ગરીબાઈએ જીવન પ્રત્યે જોવાની મને નોખી દ્રષ્ટિ આપી. પુષ્કળ ગરીબાઈ છતાં હું મારી દાદીના જણાવ્યા પ્રમાણે એમ જરૂર માનતો કે 'આ જિંદગીમાં- આ પૃથ્વીમાં- માણસ માટે પર્યાપ્ત ધનદોલત છે. આપણું મન શુદ્ધ હોય તો આપણને એ મળી રહે. મન હોય તો ઈશ્વર પણ મળે.'

**આ** મનને જાણવા સમજવામાં મેં મારું જીવન ખર્ચ્યું છે. સોળમાં વર્ષે નોકરીની શરૂઆત કરી. એક ફ્લોરિંગ ટાઈલ્સ બનાવતી કંપનીમાં ડીઝાઈનર તરીકે. ત્યાં મને જીવનના અનેક પાસાઓનો અનુભવ થયો. ડીઝાઈનરમાંથી સેલ્સમેન અને સુપરવાઈઝર તરીકેની નોકરીઓ પણ કરી. એ પછી હું એક પારસી કોન્ટ્રાક્ટરને ત્યાં સુપરવાઈઝર તરીકે રહ્યો. સ્ટીલ ફેબ્રિકેશનના પણ અનેક કામો કર્યા.

**આ** દરમિયાન મને વાંચવાનો પુષ્કળ શોખ હતો. શાસ્ત્રો અને અનેક પુસ્તકો વાંચ્યા. ચિત્રકાર બનવાની એક માત્ર ઈચ્છા હતી. ચિત્રો પણ સરસ દોરતો. બે એક એક્ઝિબીશનોમાં ભાગ પણ લીધો. એક સ્વતંત્ર એક્ઝિબીશન પણ યોજ્યું.

**મારા** લગ્ન પણ થયા. એ સમયે હું લગ્નને ફક્ત વાસના સંતોષવાનું સાધન માનતો. દિવસના કામકાજ અને રાતના વાસનાઓ ભોગવવી એ જ મારું જીવન બની ગયું હતું. આ દરમિયાન હું ત્રણ બાળકી અને એક બાળકનો બાપ બની ચૂક્યો હતો.

**એ** વર્ષો દરમિયાન હું શ્રી ચૈતન્યાનંદજીના પરિચયમાં આવ્યો એમણે મારી માન્યતાઓને જબ્બર રીતે પલટાવી નાંખી. હું જે રીતે જીવન વિશે વિચારતો એ બધું ખોટું હતું. એમણે મને નવો માર્ગ ચિંધ્યો હતો. છતાંય એ માર્ગને સમજતાં અને અનુસરતા મને પંદર વર્ષ લાગ્યા.

**એમ**ણે મને સંસારમાં પાછો ધકેલ્યો. કલ્પના યોગ, માનસિક અને નિ:સ્વાર્થ પ્રેમની શક્તિ આપીને.

**એ** પછી તો મારા અનુભવો ખુબ વિશાળ બન્યા. એક સારા પ્રેસમાં મેનેજર તરીકે સાત વર્ષ નોકરી કરી. દરમિયાન ખુબ વ્યંગચિત્રો બનાવ્યા. વખણાયા, પત્રકાર બન્યો. બીજા એક સાપ્તાહિકનો સાત વર્ષ તંત્રી સંપાદક બન્યો. અનુભવો આલેખ્યા. પત્રકારોને પણ ઓળખ્યા, જાણ્યા.

અનેક સાધુ-સંતો-મહાપુરુષોને મળ્યો. અમીર અને ગરીબ માણસોને પણ મળ્યો. તેમની ઈચ્છાઓ, યાતનાઓ જાણી. પાંચ વર્ષ ફોટોગ્રાફર તરીકે સારા ભારતની યાત્રા

Aksharnaad.com

કરી.

**અ**ને આ દરમિયાન મારી અને મારા મન વચ્ચેની મથામણ ચાલુ કરી. આ સંસારમાં રહીને માણસ નિ:સ્વાર્થ પ્રેમ કેવી રીતે મેળવે! એ માટે એણે કેવી અને કેટલી યાતનાઓ સહન કરવી પડે? આ બધું હું જોતો-પ્રત્યક્ષ અનુભવતો.

**મા**રા પુત્ર-પુત્રીઓના દુ:ખોનું, મારી પત્નીની વેદનાઓનું, મારા જે ભાઈઓ દુ:ખી હતા તેમના દુ:ખનું એ જ રીતે સમાજના દરેક માનવીઓનું દુ:ખ મારું દુ:ખ બન્યુ હતું. જગતના આટલા બધા દુ:ખો વચ્ચે સુખેથી રહેતાં પણ હું શીખ્યો. બધાના દુ:ખ મારા ગણીને.

**પાં**ચેક વર્ષ પહેલાં નોકરી છોડી. એ દરમિયાન ઘરે જ રહ્યો. એક ડોક્ટર મિત્ર પાસે રહી તેના દર્દીઓની વેદના જાણવા પ્રયાસ કર્યો.

**અ**માપ-અસહ્ય દુ:ખ

**અ**ને આ બધા દુ:ખ વચ્ચે એક સુખ હતું. મને હું શોધી શક્યો. ત્યારે મને કલ્પનાયોગ સમજાયો. સંતો-મહાત્માઓ, ફકીરો અને ફાધરો જે સમજાવી નહોતા શક્યા એ પ્રથમ આધ અને છેવટ સુધી રહેનારું સત્ય સ્પષ્ટ સમજાયું.

**દરેક મનુષ્યે અન્ય મનુષ્યને આ જગતના સર્વ પ્રાણીઓને, સર્વ વસ્તુઓને, આખાય વિશ્વને નિ:સ્વાર્થ પ્રેમ કરવો જોઈએ. આ સિવાય મનુષ્ય માટે અન્ય કોઈ ધર્મ હોઈ ન શકે.**

**આ** સમજાયું અને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો. અનેક મિત્રોને આ વાત કરી. ઘણાયે કહ્યું, 'તમારી વાત સાચી છે પણ જીવનમાં ઉતારવી મુશ્કેલ છે.'

**પ**ણ મેં જોયું કે જેઓ જીવનમાં આ સત્યને સ્વીકારી જીવ્યા છે તેઓ જ ખરેખર જીવી ગયા છે. આપણે આજે પણ તેઓને પૂજીએ છીએ. સર્વશ્રી વ્યાસ, વાલ્મીકી, બુદ્ધ, મહાવીર, ઈશુ, મહમદ પયગંબર સાહેબ- આ બધાને આપણે દેવ તરીકે પૂજીએ છીએ તે એમના મનુષ્યો પ્રત્યેના નિ:સ્વાર્થ પ્રેમને ખાતર જ.

**આ** પુસ્તક આ પહેલાં અડધા પ્રકરણો સાથે પ્રગટ કર્યું હતું. ચાર હજાર કોપીઓમાંથી અર્ધી તો મિત્રોને આપી હતી. છેલ્લા પાંચ વર્ષમાં જ્યારે સમય મળ્યો ત્યારે એમને મળ્યો. પુસ્તક વિશે પૂછ્યું. મને આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે કોઈની ફરિયાદ નો'તી! બધાંયે વાંચીને સંતોષ વ્યક્ત કર્યો હતો. બાકી નિ:સ્વાર્થ પ્રેમ મેળવવો સહુને અઘરો લાગ્યો હતો.

**સા**ચી વાત તો એ છે કે પ્રચલિત ધર્મોના અનેક નિતી-નિયમો પાડવા, એ પ્રમાણે મનથી નહીં પણ તનથી વર્તવું. કોઈને ધન આપવું, દેવદર્શને જવું, સાધુસંતોની પૂજા કરવી આ બધાથી જ મન દ્વારા સહુને નિ:સ્વાર્થ પ્રેમ કરવો ખુબ સહેલો છે.

**મેં** આ પુસ્તકમાં જે કંઈ લખ્યું છે તે મેં આ જગતમાં ખીલેલા પુષ્પો પાસેથી, આકાશમાં ચમકતા તારાઓ પાસેથી અને બહુ થોડા મનુષ્યોએ આ જગતના અબજો

Aksharnaad.com

મનુષ્યોને કરેલા પ્રેમમાંથી નિ:સ્વાર્થ ભાવે મેળવ્યું છે.

ઘણા લોકો મને પૂછે છે. આ નિ:સ્વાર્થ પ્રેમ એ શું છે? એ કેવી રીતે કરી શકાય? હું મારી પત્નીને પ્રેમ કરું છું. એ પણ મને પ્રેમ કરે છે. માબાપના પ્રેમને 'નિ:સ્વાર્થ પ્રેમ' ન કહી શકાય?

"એક ફૂલ સુવાસ આપે, આપે જ. એ કોઇ પાસે સામે સુવાસ માંગતું નથી. એ પણ એ જોતું નથી કે સામો માણસ કેટલો ગંધાય છે કે સુગંધાય છે. એક ધુપસળી એક ઓરડામાં સળગતી હોય એ સહુને સુગંધ આપે છે. તે એ નથી જોતી કે સામો માણસ સ્વજન છે કે દુર્જન! એક દીવો સળગતો હોય, એક સૂર્ય પ્રકાશતો હોય એ સહુને પ્રકાશ આપે છે. દુષ્ટ હોય કે શિષ્ટ એને કશો ફરક પડતો નથી, એ જ રીતે માણસે-મનુષ્યે પણ આ જગતમાં સહુને પ્રેમ-નિ:સ્વાર્થ પ્રેમ આપવો જોઇએ. પ્રેમ પાછો મળવાની આશા વગર."

પણ આપણે ત્યાં આ જગતમાં બધે જ વાસના અને નિ:સ્વાર્થ પ્રેમને એવાં ભેળવી દેવામાં આવ્યા છે કે વાસનાને પણ માણસ પ્રેમ જ સમજે છે. આપણાં બધાં જ દુ:ખ દર્દનું કારણ વાસના છે. હું ડોક્ટરને ત્યાં જે દર્દીઓને મળ્યો હતો તેઓના દર્દનું કારણ પણ વાસના જ હતી.

એક બાળક જન્મતાં જ અપંગ-અપાહિજ જન્મે, એ બચપણથી જ મસ્તકના વિકારોનું ભોગ બન્યું હોય. એને બાળ લકવા થાય, એને ચામડીના રોગો થાય, એને નાનપણમાં કેન્સર જેવા, ક્ષય જેવા, અસ્થમા જેવા રોગો થાય. તો અવશ્ય માનજો એ પાછળ મા-બાપની અમર્યાદ વાસના જ ભાગ ભજવી રહી છે. યુવાનોને મેં કંપવા, અસ્થમા, ક્ષય અને અનેક ચામડીના રોગો પણ થતાં જોયા છે. માનસિક પીડાથી તો અનેક લોકો પીડાય છે. આ બધા પાછળ વાસના છે. મનુષ્ય સ્વાભાવિક વૃધ્ધ થતોતો આપણને ભાગ્યે જ જોવા મળે. અગાઉ આપણા ઋષિઓ સો વર્ષ તો સામાન્ય રીતે જીવતાં જ. આજે કોણ જીવે છે! .

ઈશ્વરે મનુષ્યને સર્જકતાની શક્તિ આપી છે. સ્ત્રીપુરુષ બંને ભેગા મળીને આ શક્તિ દ્વારા નવા મનુષ્યનું સર્જન કરી શકે છે.

આ સર્જન શક્તિને મનુષ્યે મનોરંજન બનાવી દીધી છે. બેફામ વાસનાને કારણે એ આ સમાજને કેવા રોગીઓ આપી રહ્યો છે તે પણ એ મનોરંજનના ચળકાટમાં જોઇ શકતો નથી. જ્યાં સંયમ રાખવો જોઇએ ત્યાં એ બેફામ પણે વર્તે છે. જ્યારે આ જગતમાં બે કે ત્રણ સંતાન ખુબ કહેવાતા. એ માટે સ્ત્રીપુરુષનું મિલન પણ ફક્ત બે ત્રણ વાર જ થતું ત્યારે મનુષ્યને વૃદ્ધ થઇને મોત આવતું તે પણ સ્વાભાવિક, સો કે સવાસો વર્ષે!

મનુષ્યે વાસના-મનોરંજન માટે પોતાના ખોરાકમાં તો અનહદ ફેરફારો કરી ગાંડપણ જ કર્યું છે. સાદો ખોરાક મનુષ્યને જીવવા માટે બહુ થઇ રહે. ત્યાં મરી, મસાલા, દૂધ,

Aksharnaad.com

માંસ, પકાવેલા અનાજનો મસાલેદાર ખોરાક, તેલ, ઘી, માખણ વગેરે વીર્ય વધારનાર જ છે તેમાં બે મત નથી, આવો ખોરાક ખાઇ એ સંયમપૂર્વક કેવી રીતે જીવે?

**આ** માટે આપણે જીવનમાં સંયમના ગુણને અપનાવવો જોઇએ, થોડું ખાવું, સારું ખાવું, થોડું બોલવું, આવશ્યકતા અનુસાર જ કમાવું, શરીરને પણ સંયમથી તંદુરસ્ત રાખવું. જોવું, વાંચવું, વિચારવું બધામાં સંયમ, પ્રત્યેક ઠેકાણેથી ફક્ત સારું જ ગ્રહણ કરવું એ છે સંયમનો નિયમ.

**અ**લબત મેં પણ મારા જીવનમાં સત્ય, સંયમ અને સ્નેહનો નિયમ અપનાવવામાં બહુ મુશ્કેલી ભોગવી છે. અનહદ મુશ્કેલીઓ, આ બધું જ સંસારમાં રહીને, જાણીને, જોઇને. ભુલ કરીને અને ભુલોને સુધારવાનો પ્રયત્ન કરીને. અને સાચું પૂછો તો એ મુશ્કેલીઓમાં મેં આનંદ માણ્યો છે. સંતોષ અનુભવ્યો છે.

**મ**ને ઘણા લોકો પૂછે છે. તમે ઇશ્વરને જોયો છે? હું કહું છું. 'હા' મેં ઇશ્વરને ત્યારે જોયો છે જ્યારે મારામાંથી સહેજ નિ:સ્વાર્થ પ્રેમ-રસ વહ્યો છે, ત્યારે. એ નિ:સ્વાર્થ પ્રેમને ઝીલવા મારી સામે જ ઊભો હોય છે.

**'અને એણે મને કહ્યું છે, એક દિવસ હું હતાશ હતો. આશાને પાછી મેળવવા હું મોટા સાદે બોલ્યો. જગતમાં જે કંઇ શ્રેષ્ઠ હોય તે મને પ્રાપ્ત થાય અને અસંખ્ય સૂર્યો મને તે જ અર્પવા આ વિશ્વમાં રચાયા, આમ છતાંય અંધકાર મારાથી દૂર ન થયો. એ પછી વિશ્વમાં સુગંધ રચાઇ ફૂલો રૂપે અને છતાંય દુર્ગંધ પણ ત્યાં હતી જ અને આખરે જ્યારે કોઇક મનુષ્યમાંથી મને નિ:સ્વાર્થ પ્રેમ મળ્યો ત્યારે ત્યાં અંધકાર પણ નો'તો, દુર્ગંધ પણ નો'તી અને સ્વાર્થી વાસના પણ નો'તી.'**

**ત**મને ઇશ્વરનો સાક્ષાત્કાર જોતો હોય, નિ:સ્વાર્થ પ્રેમ જોતો હોય તો..... આ પુસ્તક અવશ્ય વાંચજો અનુસરજો. આચરણમાં ઉતારજો.

**સુરેશ સોમપુરા**
**૧૧-૧૧-૮૯**

**આ** પુસ્તકનો અડધો ભાગ ડિસેમ્બર-૮૨માં 'સમિધા' નામે પ્રગટ થયો હતો. બે વર્ષ પહેલાં આ પુસ્તકની ૪૦૦૦ નકલો વેચાઇ ચૂકી હતી. નવો ભાગ ઉમેરતાં, જેમણે વાંચ્યું હતું તેમને મળતાં, તેમના વિચારો જાણતાં આટલો સયમ વીત્યો છે. પ્રિય મિત્રો માફ કરશે એ આશા સાથે.

**સુરેશ સોમપુરા**
**૧૧-૧૧-૮૯**

Aksharnaad.com

## અનુક્રમ


સમિધા/આઠ
સાહિત્ય/દસ
ધર્મ/બાર
સત્ય/ચૌદ
જ્ઞાન/સોળ
સંયમ/અઢાર
આધ્યાત્મ/વીસ
રાજકારણ/ત્રેવીસ
સજા/ચોવીસ
પુનર્જન્મ/છવીસ
બંધન અને મુક્તિ/અઠાવીસ
ભય/એકત્રીસ
બ્રહ્મચર્ય/બત્રીસ
ભ્રમણા/પાંત્રીસ
મનુષ્ય/છત્રીસ
મનશક્તિ/આડત્રીસ
નિ:સ્વાર્થ પ્રેમ/ચાલીસ
ગુરુ/બેતાલીસ
શિષ્ય/ચુમાલીસ
આત્મશ્રદ્ધા/છેતાલીસ
તમે/અડતાલીસ
કર્મ અને કર્મફળ/પચ્ચાસ
યુદ્ધ/બાવન
કલ્પનાયોગ/ચોપ્પન
ક્રોધ/છપ્પન
પ્રાર્થના/અઠાવન
સ્પર્ધા/સાઠ
સાક્ષાત્કાર/બાસઠ
ભાગ્ય/ચોસઠ
સર્જન/છાસઠ
જિંદગી/અડસઠ
કળિયુગ/એકોતેર


Aksharnaad.com

## સમિધા

**સ**મિધા... એક જમાનામાં સમિધ જિજ્ઞાસાનું પ્રતીક હતું, આજે પણ છે. સમિધનો શબ્દાર્થ છે: યજ્ઞમાં વપરાતું લાકડું. જિજ્ઞાસુ વિદ્યાર્થી ગુરુ પાસે જ્ઞાન પ્રાપ્ત કરવા જતો ત્યારે જંગલમાંથી થોડાં લાકડાં કાપી લઇ જતો. જ્ઞાનયજ્ઞ સતત ચાલુ રહેતો. 'ફી'રૂપે વિદ્યાર્થી પાસેથી સતત જિજ્ઞાસાની-જ્ઞાનપિપાસાની જ અપેક્ષા રખાતી...

**જ્ઞા**નપિપાસાનો અંત ક્યારેય આવતો નથી. આ પ્યાસ બુઝાય તો મનુષ્યત્વનું મૃત્યુ જ થઇ જાય. જ્ઞાનથી જ સત્યને પામી શકાય છે, સત્યને જાણી શકાય છે. અનેક લોકો તમને ઠસાવવાની-ફસાવવાની કોશિશ કરે છે. તેઓ કહે છે, જુઓ ત્યાં તે જગ્યાએ સત્ય છે અને એ સનાતન સત્ય છે.


**વા**સ્તવમાં સત્ય સનાતન છે એ વાત સાચી, પણ એમણે આપણે જે જાણ્યું છે તે તો આપણા જ્ઞાનચક્ષુની સીમા છે. એ વિસ્તર્યા કરે તેમ તેમ સત્યનો ચહેરો વધુ ને વધુ સ્પષ્ટ બને છે. સત્યને વધુ ને વધુ સારી રીતે સમજવું એ માટે સતત પ્રયાસો કરવા આ ઉત્તમોત્તમ મનુષ્યત્વ છે. જડ બુદ્ધિથી સ્વીકારાયેલાં સત્યો ચાહે એ શાસ્ત્રોમાં હોય શાસ્ત્રોના આધારે હોય, યા સ્વયં 'તે'ના મુખે કહેવાયાં હોય, અજ્ઞાન-અસત્ય તરફ દોરી જાય છે.


**ઈ**શ્વર કઇ ભાષા બોલે છે? રખે ભૂલશો, એ તમારી ભાષા બોલતો નથી. એ ફૂલોની સુગંધનાં રંગોમાં બોલે છે. એ બાળકની નિર્દોષ આંખોની ભાષામાં બોલે છે. એ સિતારાઓની ટીમટીમમાંથી ઇશારાઓની ભાષા બોલે છે અને તમે જ્યારે મૌન બની એના સાન્નિધ્યમાં બેસો છો ત્યારે મૌનની ભાષા બોલે છે. જ્યારે તમે તમારી ભાષા ભૂલી શકો ત્યારે જ તમે એની ભાષા સમજી શકો.

**ઈ**શ્વર છે? હું કહીશ ખૂબ જ દૃઢતાથી: હા છે. મેં એને અનુભવ્યો છે, સાંભળ્યો છે, જોયો છે, સ્પર્શ્યો છે. પણ હું કહીશ કે તમે જે રીતે એને ઓળખો છો- ઓળખવાનો દાવો કરો છો તે રીતે નહીં. મેં એને હંમેશાં મંદિરની બહાર ભટકતો જોયો છે. શાસ્ત્રોથી કંઇક વિપરીત ભાષા બોલતો જોયો છે. એનાં ચરણોમાં ચડાવવામાં આવેલાં દંભનાં નાળિયેરો ફોડી ફોડીને-ફંફોસી ફંફોસીને એને નિ:સ્વાર્થ પ્રેમ શોધતો અને નિરાશ થતો અને ફરીથી નવી આશા સાથે એ જ કાર્યને દોહરાવતો જોયો છે.

**અ**ને દંભ, એ બાલ્યો, મનુષ્યે મનુષ્યને અને ઇશ્વરને છેતરવા માટે અને સાચું પૂછો તો પોતાની જાતને છેતરવા માટે શોધી કાઢેલું સર્વોત્તમ શાસ્ત્ર છે. દંભથી તમે તમારી જાત સિવાય કોને છેતરો છો? કૃપણતા છુપાવવા દાન અને દ્વેષ છુપાવવા દયા અને રોષ છુપાવવા હાસ્ય  અને મુત્યુને છેતરવા આત્મા.

**આ**ખરે આ જીવનનો અર્થ શો છે? મનુષ્ય જેવો સ્વાર્થી તમને ક્યાં મળશે? એ જીવવામાં પણ અર્થ શોધે છે! અર્થ શોધે એનો ક્યાં વાંધો છે! પણ એ તો અર્થ સાથે સ્વાર્થ શોધે છે! જીવનનો અર્થ છે પરમાર્થ: પરમ અર્થ. તમે શું એમ માનો છો કે કશાય અર્થ વગર તમને જીવન મળ્યું છે? સમગ્ર બ્રહ્માંડમાં જીવન શ્રેષ્ઠ છે અને તે અર્થ વગર કેવી રીતે હોઇ શકે? પરમ અર્થને જાણવો હોય તો સ્વ-અર્થથી મુક્તિ-છુટકારો મેળવવો પડે. સ્વ-અર્થ સ્વાર્થથી છુટકારા વગર જીવનના હેતુને પામી ન શકાય. તમે તમારામાંથી મુક્ત બનો. તમે તમારી જાતને જ કેન્દ્રમાં રાખી ન વિચારશો. તમારું જીવન જ એ કંઇ જીવન નથી. જીવન તો સતત આ બ્રહ્માંડમાં ધબકતું રહ્યું છે. તમારા પહેલાં અને તમારા પછી







Aksharnaad.com

જીવન રહેશે જ. જીવન મહાસાગરના તમે તો એક અંશ છો. પરમ અર્થથી વિચારો તો તમે બહુ અગત્યના અંશ છો અને સ્વાર્થી અંશોનું કશું જ મહત્વ નથી.

**અ**ર્થ વગર આ વિશ્વમાં કશું જ નથી. તો જીવન અર્થ વગર કેવી રીતે હોઇ શકે? વિશ્વમાં જે અતિમૂલ્યવાન છે તે જીવન, અર્થસભર. હજારો વર્ષથી મનુષ્ય શું કરી રહ્યો છે? એ જીવનના અર્થને શોધી રહ્યો છે. જેઓએ આંખ પરથી સ્વાર્થના પડળ દૂર કર્યાં છે એમને જીવનનો અર્થ સ્પષ્ટ દેખાયો છે.

**સ્વા**ર્થમાંથી મુક્તિ કેવી રીતે મળે? તમે થાંભલાને વળગીને ઊભા છો અને પૂછો છો આ થાંભલાથી મુક્ત કેમ થવાય? તમારા શરીરને આ ધરતી સાથે જકડી રાખી શકે છે, એ તમારી આંખોને ચોપાસ જોવાથી રોકી શકતી નથી. તમારી કલ્પનાઓને વિશ્વવિહાર કરતાં કોણ રોકી શકે? તમે તમારી જાતે નિર્માણ કરેલી કેદમાં પુરાયા છો. વાસ્તવમાં તો તમે પેલા થાંભલાને છોડી દેતાં ડરો છો. એ થાંભલો તમારા માટે તમારો પર્યાય બની ગયો છે. એ થાંભલા વગર ઊભા રહી શકવાની તમારી તૈયારી છે ખરી?

**યા**દ રાખજો, કશું જ છોડ્યા વગર કશું પામી શકાતું. નથી. તમે એક થાંભલાને છોડીને બીજાને પકડો છો, બીજાને છોડીને ત્રીજાને. અને તમને થાંભલા પકડવાની આદત પડી ગઇ છે. ફક્ત થોડો સમય વિચારો: જેને તમે અનિવાર્ય સહારો માન્યો છે એ ખરેખર વાસ્તવમાં સહારો છે ખરો? એ તમને પંગુ તો નથી બનાવી રહ્યો? તમારી અપંગતાનું કારણ તમારી અસહાયતા છે. જેને સહારો ગણ્યો છે એણે તમારા પગ તોડી નાખ્યા છે.

**અ**ને હું તો તમને ઝકઝોરવા ઇચ્છું છું. હું તમને અશાંત બનાવવા ચાહું છું. હું તમારા આધારોને તોડી નાખવાનો છું. કારણ કે હું તમને સ્થિર, શાંત અને પોતાના આધારે ઊભા રહેલા જોવા ઇચ્છું છું. કારણ કે જેઓ સ્થિર, શાંત અને પોતાના આધારે ઊભા હોતા નથી તેઓ પરમ જ્ઞાન, આનંદ, સત્ય અને પ્રેમને પામી શકતા નથી.

## સાહિત્ય

**જે** મનુષ્યનું હિત કરે એને સાહિત્ય કહેવાય. જે મનુષ્યત્વનું સંશોધન કરે એને સાહિત્ય કહેવાય. જે માનવતા સિદ્ધ કરે એને સાહિત્ય કહેવાય. અને તમે મારી પાસે સાહિત્ય વિશે જાણવા ચાહો છો, તો હું તમને કહીશ કે તમારા મૌનમાંથી જે શબ્દ જન્મે છે તે સાહિત્ય છે.

**સા**હિત્યના નામે તમે શોર સિવાય શું કરો છો? અને તમારી પાસે પરંપરાઓ સિવાય સાહિત્યમાં શું છે? તમારી ભૂતકાળની યશોગાથાઓ ગાવા સિવાય તમારી પાસે અન્ય

Aksharnaad.com

ગીતો ક્યાં છે? અને તમારા બધા જ શબ્દો શું ભૌતિકતાની ગુલામી નથી કરતા? અને શું તમારા બધા જ સાહિત્યકારો શ્રીમંતોના જ વિચારોની ગુલામી નથી કરતા?

**ભૌ**તિકતામાંથી મુક્ત કરે એ સાહિત્ય. તમારું સાહિત્ય તમને ભૌતિકતામાં જકડી રહ્યું છે. વિચારોને, વિચારવાની શક્તિને જાગૃત કરે એ સાહિત્ય. તમારું સાહિત્ય વિચારને પોષતું નથી, એ વિચાર જે તમારા જીવનને ઊંચે લઇ જઇ શકે.

**ત**મારું સાહિત્ય જો હૃદયની ધરતી પર પ્રેમના સિંચનથી પાંગરે નહીં તો એ સાહિત્ય નથી. તમારું સાહિત્ય પ્રયોગશાળાઓમાં ફોર્મ્યુલાઓના આધારે તૈયાર થાય તો એ સાહિત્ય નથી. અને તમારું સાહિત્ય જો કારખાનાઓમાં ટેસ્ટટ્યુબોના આધારે તૈયાર થાય તો એ સાહિત્ય નથી. તમે જો કોમ્પ્યુટરની જેમ અથવા તેમની પાસે કવિતાઓ બનાવી શકો તો પણ તમે સર્જનનો આનંદ કેવી રીતે માણી શકવાના? અને જે સર્જક સર્જન સમયે પરમ આનંદની અનુભૂતિ નથી કરતો એ સાહિત્યનું સર્જન નથી કરતો.

**દ્ર**વ્યલાભ અને કીર્તિલાભ માટે જે સાહિત્ય સર્જાય છે એ સાહિત્ય નથી. જે સાહિત્ય એના રચનારને દ્રવ્ય અને 'કીર્તિના મોહમાંથી મુક્ત નથી કરી શકતું એ સાહિત્ય નથી.

**જે** નિયમોથી જકડાયેલું હોય છે એ સાહિત્ય નથી. જે નિયમિત હોવા છતાં નિયમોથી મુક્ત છે એ સાહિત્ય. અને યાદ રાખો પ્રથમ સાહિત્ય છે એ પછી તમારાં વ્યાકરણો અને વિવેચનો. સર્જન સિવાય વ્યાકરણ અને વિવેચનનું કશું ય મહત્ત્વ નથી અને આવશ્યકતા પણ નથી.

**સા**હિત્યનું તમે સર્જન કરો છો અને સાહિત્ય તમારું સર્જન છે. સાહિત્ય શુદ્ધ સર્જનાત્મકતા છે. સર્જકતા ઇશ્વરીય છે. અને ઇશ્વરીયતાના બદલામાં તમે કશું ય ગૌણ ન સ્વીકારી શકો. અને જુઓ, તમે સાહિત્યના કેવા સોદા કરી રહ્યા છો!

**શ**બ્દના અર્થોનું પિષ્ટપેષણ પંડિતો કરે છે. શબ્દોને અર્થ વિદ્વાનો આપે છે. અને શબ્દોને વિશિષ્ટ અર્થ સાહિત્યકારો આપે છે. શબ્દ પણ જેની પાસે પોતાના અર્થને તરસે એ સર્જક છે. તમે ફક્ત સાહિત્યકાર નહીં, એક સર્જક બનો.

**અ**ને હું કહીશ કે તમે ફક્ત મૌનનું સર્જન કરો. તમારી ભાષાઓ, તમારું સાહિત્ય, તમારી અને તેની વચ્ચે દીવાલ બની ઊભું છે. દીવાલ એ સાહિત્ય નથી, સર્જન નથી. તમે જો તમારા ઇતિહાસના ગૌરવથી મુક્ત થઇ શકો તો એનો નાશ કરો. એ બંધનો તોડો વિવિધ ભાષાની જેલો તોડીને બહાર આવો.

**એ**ક એવી ભાષાનું સર્જન કરો જે તમારી અને તેની વચ્ચે, તમારી અને 'તે'ની વચ્ચે અને તમારી અને તમારી આવતી કાલની વચ્ચે દીવાલ ન બને.

**ફ**કત સ્નેહ સિવાય કશું જ જેમાંથી ન નીપજે એવા શબ્દોનું સર્જન જ્યારે તમે કરી શકશો ત્યારે સર્જક બનશો. તમારા શબ્દો વિવાદ માટે જ ઉપયોગી ન રહો. તમારા શબ્દો સંવાદનું પણ સર્જન કરે.

**શ**બ્દ એક એવું શસ્ત્ર છે જે સાંધી પણ શકે અને તોડી પણ શકે. શબ્દ એક એવો અર્થ

Aksharnaad.com

છે જે અનેક અનર્થ પેદા કરી શકે અને અર્થને પરમ અર્થ પણ આપી શકે. શબ્દ એક એવો સાથી છે જે તમને કોલાહલ તરફ પણ લઈ જઈ શકે અને મૌન તરફ પણ-તમે શબ્દનો કેવો અર્થ કરવા ઈચ્છો છો એ તમારે પસંદ કરવાનું છે. તમારી સર્જકતાને સંહારને હવાલે ના કરશો. સાહિત્યને પંડિતો અને વિદ્વાનોની દાસી બનવા ના દેશો. સાહિત્યને સુગંધની જેમ મહેકવા દો-હૃદય સુધી પહોંચે એ સાહિત્ય છે અને હૃદયને 'હૃદય' બનાવે એ સર્જકતા છે.

અને જુઓ 'એણે' આ વિશ્વના ફલક પર કેવા અજોડ સાહિત્યની રચના કરી છે. એ તમે સમજી શકો તો તમને સાહિત્ય અને સર્જકતાનું રહસ્ય આપો આપ સમજાશે.

## ધર્મ


અને તમે ધર્મ વિશે ખૂબ ચિંતિત છો. ધર્મનું શું થશે? આ ફિકર તમને સતત કોરી ખાય છે! આશ્ચર્યની વાત છે. ધર્મ અધર્મથી ત્યારે જ હારે છે જ્યારે એ સાચો ધર્મ નથી હોતો. આ વિશ્વમાં ધર્મની ગ્લાનિ ક્યારેય ન થઈ શકે, ગ્લાનિ અધર્મની થાય છે. અને તકલીફ એ છે કે તમે અધર્મને ધર્મ માનો છો.

ધર્મ અને અધર્મમાં ભેદ છે. ઝવેરી સાચા હીરાને પારખે તેમ સાચા ધર્મને ઓળખતાં શીખવું જોઈએ. સ્વાર્થી બનાવે તે અધર્મ, ભૌતિક્તામાં જકડે તે અધર્મ, મોહના બંધનોમાં નાખે તે અધર્મ. ધર્મ નિ:સ્વાર્થ બનાવે, ધર્મ ભાવનાત્મક્તા અને મોહથી મુક્ત કરે. સત્યને જાણવા માટે તમારામાં સતત ઝંખના હોય તો તમે ધાર્મિક, સત્યને જાણવાનો પ્રયાસ તમે સંયમથી કરતા હો તો તમે ધાર્મિક, અને આખરે જીવનમાં પામવા જેવું શું છે એ તમે જાણી શકો તો મે ધાર્મિક.

ધર્મ ભ્રષ્ટ કેવી રીતે થઈ શકે? ધર્મ તો વહેતી ગંગા છે. એ પવિત્ર કરે. એ પોતે કેવી રીતે મિલન થઈ શકે? પવિત્રસ્થળો, ધાર્મિકસ્થળો, ધર્મ વગેરેને વિધર્મીઓએ અભડાવ્યાની વાતો સાંભળીને હસવું કે રડવું તે સમજાતું નથી. આવા બનાવોમાં ખરેખર તો ધર્મને કશું જ થતું નથી, દુભાય છે તમારો અહમ્, ઘવાય છે તમારી સ્વાર્થી લાગણીઓ.

સ્વધર્મી અને વિધર્મી આ શક્ય જ નથી. ધર્મમાં કશું જ વિધર્મ જેવું હોતું નથી. આ જગત પર સૂર્ય એક છે, પૃથ્વી એક છે તો ધર્મ બે, ત્રણ કે ચાર કેવી રીતે હોઈ શકે? અલબત્ત, અજ્ઞાન, અધર્મને કોઈ સંખ્યાની સીમા હોતી નથી. તમારાથી અલગ પ્રકારનો મનુષ્ય મને બતાવો, જે શ્વાસમાં કાર્બન ડાયોકસાઈડ લેતો હોય, જે કાનથી જોતો હોય અને આંખથી સાંભળતો હોય. આ શક્ય નથી. તમને ડાબેથી લખનારા અને જમણેથી લખનારા, ઈશ્વરમાં માનનારા અને ઈશ્વરમાં ન માનનારા મનુષ્યો મળશે, પણ શ્વાસમાં

Aksharnaad.com



પ્રાણવાયુ ન લેનારો જીવંત મનુષ્ય ક્યાંય નહીં મળે.

વેજીટેરિયન-નોન વેજીટેરિયન, કાળા-ધોળા-પીળા મનુષ્યો મેં જોયા છે, પણ તે બધા જ શ્વાસમાં પ્રાણવાયુ લે છે. આમાં તેઓ ભેદ પાડી શકે એમ નથી. ધર્મ એ પ્રાણવાયુ છે. તમને જે ભેદ દેખાય છે તે તો અધર્મના છે.

શુદ્ધ પ્રાણવાયુની જેમ શુદ્ધ ધર્મનો આગ્રહ રાખો. શુદ્ધ હવા જોઈએ તો તમે તેને પ્રદૂષિત કરતાં તત્વોને દૂર કરો છો. એ જ રીતે જો તમારે શુદ્ધ ધર્મને જાણવો હોય તો ધર્મને પ્રદૂષિત કરતાં તત્વોને દૂર કરો. શુદ્ધ ધર્મ સ્વાભાવિકતાથી, સહજતાથી તમારી સામે આવશે.

ધર્મને પ્રદૂષિત કરે છે કોણ? મિથ્યા આચાર અને મિથ્યા માન્યતાઓ. મિથ્યા આચાર, મિથ્યા માન્યતાઓને કેવી રીતે ઓળખી શકાય? સહજ રીતે. મનુષ્ય અને મનુષ્ય વચ્ચે જે ભેદ ઊભા કરે તે સર્વ મિથ્યા છે. જરા તમે જ વિચારો. આ તમે જ કરી શકો. તમારા અને તેના વચ્ચે કોણ ઊભું છે? જો એ ઈશ્વર હોય તો શંકાસ્પદ છે. જો એ ધર્મ હોય તો અધર્મ છે. જો એ શાસ્ત્રો હોય તો બકવાસ છે. જો એ ધર્મગુરુ હોય તો શેતાન છે.

ધર્મ વિવેકને, તમારા અંતરાત્માને જાગ્રત કરે છે. એ તમારી આત્મશ્રદ્ધાને વધારે છે. જે ધર્મ આ ન કરી શકે તે અધર્મ છે. અને જુઓ, યુગોથી તમે શું કરી રહ્યા છો? તમે તમારા વિવેકને કચડી નાખ્યો છે, તમારો અંતરાત્મા ઊંઘી ગયો છે અને તમે અંધશ્રદ્ધાને વળગી રહ્યા છો,

અને સ્વાભાવિક જ તમને ધર્મનો અંચળો ઓઢેલો અધર્મ ગમે છે. સ્વભાવ એ ધર્મ

Aksharnaad.com

છે. જડતા એ મનુષ્યના શરીરનો સ્વભાવ છે. શરીર એ પાયો છે. એ જડ રહેવા ઇચ્છે અને એને જડ તત્વો પ્રત્યે જ મોહ હોઈ શકે. શરીર, જમીન, દોલતનો મોહ આ જડતાનાં પ્રતીક છે. પણ મનુષ્યનો એક વિશેષ ધર્મ-કર્તવ્ય છે: જડતામાંથી ચેતનાના સહારે મુક્ત થઈને ભાવનાત્મક બનવું. પણ મનુષ્ય ક્યારેક ચેતનાનો સહારો લેવાના બદલે ચેતનાના મોહમાં પડે છે!

**ચે**તના-શક્તિ-ઊર્જા જડને કાર્યાન્વિત કરે છે. મશીનોને ચલાવવા વીજળીની જરૂર પડે છે. મશીન અને વીજળી મળીને કંઈક નિર્માણ કરે છે. શરીર અને ચેતના, જેને તમે જીવ કહો છો, સાથે મળીને કશુંક નિર્માણ કરે છે. આ કશુંક આખરે છે શું?

**જી**વનભર તમે શું કર્યું? અસફળ રહ્યા, કામયાબી મેળવી, લાખો-કરોડોની દોલત જમા કરી, પૃથ્વીના કોઈ ટુકડા પર સત્તા ભોગવી, જીવનભર ઢસરડો કર્યો અને મૃત્યુ પામ્યા. આ બધી જ ભૌતિક જડ સફળતા-નિષ્ફળતાને ભૂલી જવામાં આવે, ભૂંસી નાખવામાં આવે તો તમે ફક્ત યા તો પ્રેમ મેળવ્યો છે યા ધિક્કાર.

**અ**ને જુઓ કે તમે જે કાર્ય કરો છો તેનાથી આખરે તમે શું મેળવો છો- પ્રેમ યા ધિક્કાર? તમે જો તમારા ગમે તેવા પરમાર્થી કાર્યથી ધિક્કાર મેળવતા હો તો એ અધર્મ છે અને જો 'સ્વ-અર્થી' કાર્યથી પ્રેમ મેળવતા હો તો એ ધર્મ છે.

**પ**ણ એ શક્ય નથી. સ્વ-અર્થી કાર્યથી પ્રેમ મળતો નથી. તમારાં શાસ્ત્રો ધાર્મિક નથી. એ વ્યવહાર શીખવે છે. જમીનના ટુકડા માટે કર્તવ્યના નામે યુદ્ધ કરવા પ્રેરે એ ધર્મ નથી, વ્યવહાર છે. અને તમે સતત વ્યવહારને જ ધર્મ માનતા રહ્યા છો!

**ભૌ**તિક્તામાં જીવનારાને પ્રદૂષિત ધર્મ માફક આવી જાય છે. ઉકરડા પર જીવનારા કાગડાને સુગંધી બગીચા અને ઘુવડોને જ્યારે તમે સૂર્યની વાત કરો છો ત્યારે તેઓ તમને ચાંચ મારવા પ્રયાસ કરે છે. આખરે પ્રદૂષિત ધર્મનો ભ્રામક આનંદ મેળવવો કે પરમ આનંદ માટે પ્રયાસ કરવો અને ધર્મ-સાચા ધર્મ માટે ઝંખવું એ તો તમારે જ નક્કી કરવાનું છે.

## સત્ય

**ત**મે સત્ય વિશે જાણવા આતુર છો. તમે સદા સત્ય વિશે જાણવા આતુર રહો. અને સત્ય વિશે તમારામાં કેટલીક વિચિત્ર અને રૂઢ માન્યતાઓ છે એ દૂર થાવ. આ વિશ્વમાં જીવન એ અંતિમ સત્ય છે. એ તમે પામો. સમગ્ર વિશ્વના વલોપાતનું પરિણામ આ જીવન છે અને જ્યારે તમે જીવન વિશે સત્ય જાણો છો ત્યારે જ તમે સત્યને પામી શકો છો.

Aksharnaad.com

**અ**ને સત્ય શોધવાનો પ્રયત્ન ના કરશો. સત્યને આપોઆપ તમારી સામે પ્રગટ થવાની મોકળાશ આપો. તમે તમારી બુદ્ધિના, હૃદયના, મનના દરવાજા બંધ કરી બેસી ગયા હો પછી સત્ય તમારી સામે કેવી રીતે પ્રગટ થઇ શકે?

**અ**ને સાચું કહું તો સત્ય તો ત્યાં તમારી આંખ સામે છે જ. તકલીફ એ છે કે તમને સત્યને પારખતાં આવડતું નથી. ખુલ્લા મેદાનમાં જઇ આકાશને જોવાને બદલે તમે તો તમારા ઘરમાં લટકતાં આકાશને જોયા કરો છો અને વિશાળતાને શોધો છો એ શક્ય નથી. આવો, બહાર આવો. આપણે તેની વિશાળતા સાથે એક રૂપ બનીએ અને સત્યનો અનુભવ કરીએ.

**જ**્યાં સુધી તમે સત્યને જાણી ન શકો ત્યાં સુધી તમે સત્યનું આચરણ કેવી રીતે કરી શકો? પ્રથમ સત્યને જાણો.

**મ**નુષ્ય ગમે તેટલો અસત્ય તરફ ભાગે, આખરે સત્ય તરફ જ એની ગતિ નિશ્ચિત છે.

**અ**ને તમે પૂછો છો કે અમારે સત્યને ઓળખવું કેવી રીતે? જ્યારે તમને તૃપ્તિ થઇ જાય ત્યારે માનજો કે તમે સત્યને પામ્યા છો. જ્યારે તમને કોઇ ઝંખના સત્યને પામવાની ઝંખના- પણ ન રહે ત્યારે જાણજો કે તમે સત્યને પામ્યા છો અને જ્યારે તમે સંપૂર્ણપણે નિ:સ્વાર્થ બની જાવ ત્યારે માનજો કે તમે સત્યને પામ્યા છો.

**અ**ને ત્યારે તમે જ સ્વયં સત્ય બની જશો. સત્યને જાણવું, સત્યને પામવું એટલે સ્વયં સત્ય બની જવું. જ્યારે તમે સ્વયં સત્ય બનો છો ત્યારે અસત્ય સદાય તમારાથી દૂર રહે છે.

**સ**ત્ય આવશ્યકતા છે અને અનિવાર્યતા છે. તમે જીવનમાં ફક્ત સત્ય પામી શકો તો એ જ પર્યાપ્ત છે. યાદ રાખજો. સત્ય સિવાય આ જગતમાં પામવા જેવું કશું જ નથી.

**ત**મે જ્યાં સુધી ભૌતિકતામાંથી બહાર નહીં આવો ત્યાં સુધી તમને સત્યનો સાક્ષાત્કાર થવો સંભવ નથી અસત્યને ભૌતિકતા સાથે સંબંધ છે. જ્યારે તમે જડત્વમાંથી બહાર નીકળો છો ત્યારે તમે આપોઆપ સત્ય તરફ ગતિ કરો છો.

**ત**મને કદાચ આશ્ચર્ય થશે પણ સ્વયં સત્ય જ તમારી સમક્ષ પ્રગટ થવા સદાકાળ ઉત્સુક છે અને એટલે જ આજે જે કંઇ તમે જાણો છો, જેને તમે જ્ઞાન કહો છો એ તેને આભારી છે.

**ત**મે જાણો છો એમ તમે માનો છો એ તમારો અહંકાર જ અસત્ય છે. 'હું કશું જ જાણતો નથી.' એમ કહેવાની મહત્તા તમને પ્રાપ્ત થશે ત્યારે જ તમે સત્યને જાણી શકશો.

**સં**કુચિતતા અસત્ય છે. વિશાળતા સત્ય છે. મનુષ્ય મનુષ્ય વચ્ચેની દીવાલો અસત્ય છે અને મનુષ્ય સત્ય છે. જે તમે જુઓ છો એ અસત્ય છે, જે તમે જાણો છો એ અસત્ય છે, જે તમે સાંભળો છો એ અસત્ય છે, સત્ય છે જે ફક્ત તમે હૃદયપૂર્વક અનુભવો છો. જે તમારા જીવનને જીવંત બનાવે છે એ સત્ય છે.

**અ**સત્યના મસ્તક પર કદમ મૂકી સત્યને પામો. વ્યર્થ સત્ય પાછળ જીવન વેડફશો નહીં કારણ કે સત્ય કરતાં પણ જીવન વધુ કિંમતી છે. સરળતા ખાતર એટલું કહીશ કે

Aksharnaad.com

સરળતા એ જ સત્ય છે.

**અ**ને સત્યનો દૂરાગ્રહ કદી ન કરશો અંકુરને ખેંચીને તમે જેમ છોડ નથી બનાવી શકતા તેમ સત્યને પણ મારી મચડીને તમે ક્યારેય સત્ય તરીકે સ્થાપિત ના કરશો. સત્યને આપોઆપ પ્રગટવા દો. તમે ફક્ત એને આવકારવા તૈયાર રહેજો, એક ઉત્સવની તૈયારી સાથે સદા તત્પર રહેજો.

## જ્ઞાન

**મા**ખણ તો તમે ખાધું હશે. માખણ કોણ આપે છે? તમે તરત જ કહેશો, અમે એ ગાયના દૂધમાંથી મેળવીએ છીએ. પણ એ સાચું છે? ગાય એમ કહી શકે કે માખણ હું આપું છું? ગાયના શરીરમાં દૂધ પેદા થાય છે એના ખોરાકથી, ઘાસથી. ઘાસમાં સમગ્ર સૃષ્ટિનું અનેક પ્રકારે અસ્તિત્વ છે. ખુદ ગાયમાં પણ સૃષ્ટિનું અનેક પ્રકારે અસ્તિત્વ છે. સમગ્ર સૃષ્ટિના કણકણમાં દોહન થઈને આખરે અનેક વલોપાત પછી માખણ બને છે.


**જ્ઞા**ન એ પણ સમગ્ર સૃષ્ટિના વલોપાતનું અંતિમ પરિણામ છે. તકલીફ એ છે કે સ્વાર્થવશ આપણે સમગ્ર સૃષ્ટિને એક એકમ તરીકે જોતા નથી. આપણે ભેદવાદી બની ગયા છીએ. આપણને ભેદ પાડવા ગમે છે. પણ પ્રકૃતિ જ્યારે પરિણામ લાવવા ઈચ્છે ત્યારે એ ભેદભાવને મિટાવી દે છે. જ્ઞાન કોઈ એક મનુષ્યમાં પેદા ન થઈ શકે. એ શક્ય જ નથી. સમગ્ર સૃષ્ટિ વલોપાત અનુભવે છે ત્યારે સૂર્યમાળા રચાય છે અને સૂર્યમાળાના વલોપાતથી સર્જાય છે પૃથ્વી. પૃથ્વી હજારો-લાખો-કરોડો-અબજો વર્ષ પોતાનું મંથન કરે છે ત્યારે જીવ ઉત્પન્ન થાય છે અને જીવ પણ અનેક સ્વરૂપે પોતાનું મંથન કરે છે ત્યારે મનુષ્ય પેદા થાય છે. મનુષ્ય પણ સતત મંથન કરે છે ત્યારે જ્ઞાન પેદા થાય છે. જ્ઞાન એક પાસેથી બીજાને મળતું રહે છે. તેમાંની અશુદ્ધિઓનો નાશ થતો રહે છે અને આખરે સમ્યક્-શુદ્ધ જ્ઞાન પ્રગટ થાય છે. અને આ પ્રક્રિયા ચાલ્યા જ કરે છે, ચાલ્યા જ કરે છે...

**અ**ને એટલે જ જ્ઞાનને કોઈ પોતા પાસે રાખી શકતું નથી. જ્ઞાનને તમારે માનવજાતને ચરણે ધરવું જ પડે. જ્ઞાન પછી માનવજીવનની કસોટીએ ચડે છે. માનવના ધ્યેય માટે એ જરૂરી હોય તો રહે છે: તેમાં વધારો, ઘટાડો, સુધારો થયા કરે છે. ક્યારેક ફેંકાઈ જાય છે, ક્યારેક સાવ નવા સ્વરૂપે પ્રગટે છે.

**જો** તમે જ્ઞાનપિપાસુ હો તો તમને એ જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આ અધિકાર એ ઈશ્વરીય કૃપા છે. જ્ઞાન પ્રાપ્ત થયાનો ગર્વ થાય તો એ અજ્ઞાન છે. મેં મેળવેલું જ્ઞાન-મારું જ્ઞાન એમ તો ફક્ત અજ્ઞાની જ કહી શકે.

**ત**મે તમારી ભાવિ પેઢીને શું આપી જવાના છો? તમે તમારા પૂર્વજો પાસેથી શું મેળવ્યું છે? ફક્ત જ્ઞાન-અનુભવ. તમે આ જ લઈ શકો અને આ જ આપી શકો. જગતમાં જ્ઞાન અને અનુભવ સિવાય આપી કે લઈ શકાય એવું કશું જ નથી. પેઢી દર પેઢી આ જગતમાં જ્ઞાનનો વધારો થતો જ રહે છે. અને આથી જ તમે એવો દાવો કેવી રીતે કરી શકો કે એ જ્ઞાન તમારું છે? જેણે પ્રથમ સંખ્યા અને પ્રથમ શબ્દનો આવિષ્કાર કર્યો છે એ તમારી શોધના ભાગીદાર છે.

**અ**ને જ્ઞાન કહેવાય કોને? અણુબૉમ્બ એ જ્ઞાન છે? અણુમાં અગાધ શક્તિનાં દર્શન




Aksharnaad.com

કરવાં એ જ્ઞાન છે? અણુ બૉમ્બ બનાવ્યા વગર તમને અણુશક્તિનો ખ્યાલ આવતો નથી. અને એટલે જ પ્રકૃત્તિ સર્જન અને સંહારનો ખેલ ખેલ્યા કરે છે. લખે છે-ભૂંસે છે, લખે છે-ભૂંસે છે. પરિણામ લાવવા માટે પ્રયોગ તો કરવા જ પડે. અને 'તે' નથી નાટક કરતો-નથી મુસાફરખાનું ખોલી બેઠો- ન તો એણે પાપીઓને સજા આપવા આ સૃષ્ટિનું સર્જન કર્યું. એની આ પ્રયોગશાળા છે. એ જ્યાં સુધી પરિણામ નહિ મેળવે ત્યાં સુધી તોડ્યા કરશે અને સર્જ્યા કરશે.

**આ**પણી સામે સર્જન અને સંહારનું કુદરતી કાર્ય બહુ સ્પષ્ટતાથી ચાલે છે. અને 'તે' કંઇ આ ફક્ત આનંદ ખાતર તો નથી જ કરતો. જે સર્જન અને સંહાર કરે છે તે અવશ્ય કશુંક અપૂર્વ સર્જવા ઇચ્છે છે. આ ઉત્ક્રાંતિ છે.

**સૃ**ષ્ટિ પર તમારા જેવા અનેક મનુષ્યો આવે છે અને જાય છે. તેમને સાંકળે છે ફક્ત જ્ઞાન. મનુષ્ય અનુભવથી વિચારે છે અને જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. આ જ્ઞાન જ એક પાસેથી બીજાને વારસામાં મળ્યા કરે છે. મનુષ્યો આ જ્ઞાનનું મંથન કર્યા કરે છે, એને શુદ્ધ કરે છે. પોતાની સૂઝ અનુસાર તે એમાં વધારો કરે છે- ફેરફાર કરે છે.

**અ**ને યાદ રાખો, જ્ઞાન સતત વૃદ્ધિ ચાહે છે અને શુદ્ધિ ચાહે છે. કોઇ પણ જ્ઞાન અંતિમ નથી હોતું તેમ તેના પર તેનો અધિકાર નથી હોતો. તમારી પાસે જ્ઞાન હોય તો એને માનવજાતને સોંપી દો. ત્યાં વલોપાત થવા દો. જ્ઞાનમાં વૃદ્ધિ ન થાય, શુદ્ધિ ન થાય તો એ સડી જાય- અજ્ઞાન બની જાય. જેમાં શુદ્ધિ કે વૃદ્ધિને અવકાશ નથી એ જ્ઞાન નથી હોતું, એ હોય છે અજ્ઞાન. અને એ કોઇના ખાનગી અધિકારનું હોય તો હોય છે ફક્ત ઉકરડો.

## સંયમ

**અ**ને જ્યારે તમે નિયમો વિશે પૂછો છો તો કહીશ કે સંયમ એ શ્રેષ્ઠ નિયમ છે. આ પ્રકૃતિએ બનાવેલો નિયમ છે. એણે સ્વીકારેલો અને સફળ રીતે અજમાવેલો નિયમ છે. આ વિશ્વમાં જે એક માત્ર કાનૂન પ્રવર્તે છે, એનું નામ સંયમ છે.

**ત**મારા કાયદા કાનૂનોની બધી જ કિતાબો ભૂંસી નાખો અને ત્યાં ફક્ત એકજ શબ્દ

Aksharnaad.com

લખો: સંયમ. જો તમે 'સંયમ' શબ્દને સમજી શકો અને તેના અર્થને જીવનમાં ઉતારી શકો તો તમારે અન્ય કોઇ નિયમને અનુસરવાની જરૂર નથી જ નથી.

અને આવો, આપણે સંયમને સમજીએ. બંને છેડાની અતિઓની મધ્યમાં જે છે તે સંયમ છે. પૃથ્વીની જે ગતિ છે, એ સંયમ છે અને આ જગતમાં જે ૠતુઓ આવે છે, તે સંયમ છે અને જન્મ અને મરણ સંયમ છે અને સર્જન અને સંહાર પણ સંયમ છે.

આ વિશ્વમાં જે કંઇ શુભ છે, તે સંયમ છે. અંધકાર અને પ્રકાશ બંને સંયમ છે. પ્રેમ અને ધિક્કાર પણ સંયમ છે. મારી સ્પષ્ટ વાતો કદાચ તમારામાં દ્વિધા સર્જે, પણ હું તમને કહેવા માગુ છું કે આ સંસારમાં જે કંઇ અસ્તિત્વ ધરાવે છે તે સંયમના નિયમને અનુસરે છે અને જેના અસ્તિત્વનો લોપ થાય છે, એ પણ સંયમને જ અનુસરે છે.

સવારે, મધ્યાહ્ને કે સાંજે સૂર્યના તાપમાં તમે ભલે વિવિધતા અનુભવો પણ હું તો એને સંયમના જ વિવિધ પ્રકાર માનુ છું. અને તમે કહેશો, પ્રચંડ તાપ વગર તમારા ખેતરોમાંના અનાજને કોણ પકવશે? અને કહેશો કે સંહાર વિંઝાયા વગર નવસર્જનની તૈયારી કેવી રીતે થઇ શકશે?

ક્યારેક શબ્દ સંયમ બને છે, તો ક્યારેક મૌન. ક્યારેક બેફામ નૃત્ય પણ સંયમને જ અનુસરે છે અને ત્યારે જ શાંત યોગ પણ સંયમને અનુસરે છે. આમાં કશું જ આશ્ચર્ય નથી.

અને જ્યારે તમે ફક્ત પ્રેમ ખાતર જ બધું કરો છો, ત્યારે સર્વ કોઇ સંયમને જ અનુસરે છે.

ફક્ત પ્રેમ ખાતર જ તમારું જીવન. પ્રેમ સિવાય કશું જ આપવું નહીં, પ્રેમ સિવાય કશું જ બોલવું નહીં, સંપૂર્ણ અસ્તિત્વનું ફક્ત પ્રેમમાં પરિવર્તન. આ સંયમ છે.

નિ:સ્વાર્થ પ્રેમ કરનારા સંયમને જ અનુસરે. કારણ કે જ્યારે તમે 'પ્રેમ' ની સર્વોપરિતા સ્વીકારો છો, ત્યારે તમારી પાસે ચર્ચા કરવા દલીલો ક્યાં છે અને તોડવા માટે કાનૂનો ક્યાં છે અને મને કહો તમે શું કોઇના દિલને જરા પણ ઠેસ પહોંચાડી શકશો ખરાં?

સંયમના નિયમથી આ વિશ્વના તાર તાર જોડાયા છે અને જ્યારે એ સજાવેલી વીણા પર તમારો હાથ સહેજ છેડાય છે, ત્યારે બધાં જ હ્રદયની વીણા પર એનો પ્રતિઘોષ સંભળાય છે.

અને ત્યારે આ જગતમાં મને સુખ કે દુ:ખ જેવું કશું જ વર્તાતું નથી. હું અનુભવું છું, ફક્ત તારો સ્પર્શ. તારી હૂંફ, તારો પ્રેમ.

અંકુરમાંથી વૃક્ષ બનીને વિકાસ અટકે છે, ત્યારે એને ફળ પ્રાપ્ત થાય છે. સૌંદર્યની સીમા આવે છે, ત્યારે એને સુગંધ પ્રાપ્ત થાય છે. અતિઓ વચ્ચે રઝળતું મારું જીવન જ્યારે સંયમનો સર્વોચ્ચ સ્વાદ ચાખે છે, ત્યારે એને નિ:સ્વાર્થ પ્રેમ પ્રાપ્ત થાય છે.

હે પ્રકૃતિ, હું તારી ઇચ્છાને અનુસરું છું અને હે પ્રકૃતિ, હું તને અનુસરું છું. એ સંયમ છે.

Aksharnaad.com

## આધ્યાત્મ

**આ**ધ્યાત્મિકતા-બહુ જ વિચિત્ર શબ્દ છે. આધ્યાત્મિકતા કોને કહેવાય? આધ્યાત્મિકતાનો સરળ અર્થ લઇએ તો આત્માની ભાવનાત્મક ઊંચાઇ અથવા એનું ઇશ્વર સાથેનું તાદાત્મ્ય. જડ અને ચેતન તત્વો પ્રેમમય ભાવનાનું સર્જન કરે એને આપણે આધ્યાત્મિકતા કહીશું. પણ જુઓ, આધ્યાત્મિકતાનો કેવો ખોટો અર્થ આ સંસારમાં થઇ રહ્યો છે!

**સં**સાર છોડી સાધુ થઇ જનારને ‘આધ્યાત્મિક’ કહેવામાં આવે છે. કાદાં-લસણ ખવાય કે નહીં તેની ચર્ચા કરનારાઓને ‘આધ્યાત્મિક’ સંત કહેવામાં આવે છે. શાસ્ત્રનો વ્યાવહારિક-અવ્યાવહારિક અર્થ કરનારાઓને ‘આધ્યાત્મિક’ કહેવામાં આવે છે અને ધર્મના નામે ભોળા લોકોના આત્મા સાથે ઠગાઇ કરનારને ‘આધ્યાત્મિક’ કહેવામાં આવે છે.


**આ**ધ્યાત્મિકતા તો સ્ત્રીના ગર્ભમાં અંકુરની જેમ માનવીના હૃદયમાં પાંગરી શકે. ઇશ્વરીય ભાવનાની સતત ઝંખના, તરસ, ભૂખ અને ઇશ્વરીય કૃપાનું એકાદ બુંદ-કશું અશક્ય નથી. સાચું પૂછો તો જીવનની આ જ એકમાત્ર શક્યતા છે. પણ અહીં તેમને સાચી આધ્યાત્મિકતાથી વંચિત રાખવામાં આવે છે. ‘બનાવટી આધ્યાત્મિકતા’ એટલી [illegible]

ઝંખના ભૂખ મરી પરવારે છે.

**તમે** પૂછો છો કે સાચી આધ્યાત્મિકતાથી તમને વંચિત શા માટે રાખવામાં આવે છે!? એક તો તેઓને ખબર નથી કે સાચી આધ્યાત્મિકતા કોને કહેવાય. બીજું તમને ‘સાચી’ આધ્યાત્મિકતાની ભૂખ ક્યારેય લાગી નથી. તમે એ ભૂખ લાગવા દેતા જ નથી. જેમ અકરાંતિયાઓ સતત અપોષક ખોરાક ખાધા કરે છે અને તેમને અન્નના સાચા સ્વાદની ક્યારેય ખબર પડતી નથી. તેઓ ચટોકદાર મસાલાઓનો જ સ્વાદ જ માણી શકે છે, એમ તમે બનાવટી ચટાકેદાર આધ્યાત્મિકતાનો સ્વાદ એટલો માણ્યો છે કે તમારી આધ્યાત્મિકતાની ભૂખ મરી ગઇ છે.

**એ**મને પોતાની સાધુતાનો ગર્વ છે, એમને પોતાના પાંડિત્યનો ગર્વ છે, અને એમને પોતાના શાસ્ત્ર, સંસ્કૃતિ અને ધર્મનો ગર્વ છે. એમને પોતાના શિષ્યનો મોહ છે, આશ્રમનો મોહ છે. એમણે પત્ની, પુત્ર અને ઘરને છોડયાં, પણ શિષ્યો અને આશ્રમ અને સાધુના ચેલાને છોડી શકે એમ નથી. મને કહેવા દો કે તેઓ ઊલમાંથી ચૂલમાં પડ્યા છે.

**સાં**સારિક પ્રપંચો તમને વિચારવાં જ દેતા નથી. આમ છતાં એક ક્ષણ એવી આવે છે જ્યારે તમે તમારા અને તેના વિશે વિચારો છો. આ ક્ષણ જો તમારા જીવનમાં આવી હોય-ન આવી હોય તો આવશે. દરેકના જીવનમાં આ ક્ષણ અવશ્ય આવે છે. એ આધ્યાત્મિકતાની ઝંખનાની શરૂઆત છે. અને એ ઝંખના જાગ્રત થાય તો એને મારી નાખવાં માટે, એ તરસને મૃગજળથી બુઝાવવા માટે તમારી આસપાસ અનેક દુકાનો ખુલ્લી છે- બનાવટી આધ્યાત્મિકતાની.




Aksharnaad.com

**એ**ક ક્ષણ માટે તમને ઈશ્વરીય પ્રેમનો અનુભવ થાય છે. તમે આ પરમ પ્રેમને સતત ઝંખવા લાગો છો. એક જમીનના ટુકડા માટે હું મારા પિતરાઈઓના જીવ કેવી રીતે લઈ શકું? આ આધ્યાત્મિકતા છે. પણ તરત જ તમને વ્યવહાર શીખવવામાં આવે છે: જમીન તારી છે-એ પાછી મેળવવી એ તારું કર્તવ્ય છે. અને તમે વ્યવહારને -તમારા સાંસારિક વ્યવહારને ધર્મ માનવા લાગો છો. સવાર-સાંજ મંત્ર-પાઠ-પૂજા-શાસ્ત્રવાચન-દેવદર્શન કંઈ કંઈ કેવા કેવા પ્રપંચો?! સાચી ભૂખ લાગી ન હોય ત્યારે જ મસાલેદાર-ચટાકેદાર ખાણાની જરૂર પડે છે.

**હૃ**દયને ખુલ્લું રાખો, સ્વચ્છ રાખો, માન્યતાઓનાં-અજ્ઞાનનાં જાળાં બાઝી ગયા હોય તેને દૂર કરો. બુધ્ધિ પરથી અંધશ્રધ્ધાના રાફડાને ઉખેડી નાખો. નિ:સ્વાર્થ-સ્વચ્છ બનો એને આવકારવાની બધી જ તૈયારી રાખીને બેસો. અને સાવધાન! જોજો એ આવે તે પહેલાં કોઈ તર્કટી ઘૂસી ન આવે. અને 'તે' આવે તો... એને ઓળખશો કેવી રીતે?

**ન** તો એ તમને ગૂંચવશે, ન તો એ તમારી અને મારી વચ્ચે દીવાલો ઊભી કરશે. એ આવશે કે ભેદભાવની-ઊંચનીચની દીવાલો આપોઆપ તૂટી પડશે. તમે તમારી જાતને પાપપુણ્યના બોજ વગરના હલકા હલકા હવાના ઝોકા જેવા અનુભવશો. કશા જ બાહ્ય ક્રિયા-કર્મ વગર તમે પ્રેમમય બની જશો. એ દિવ્ય જ્યોતિ છે અને તેના સંસર્ગથી તમે સુગંધાવા લાગશો, અને તમે ચારે તરફ છૂટે હાથે પ્રેમ-પ્રેમ-પ્રેમ ફોરમતા ફરશો.

**ન** દીક્ષા, શિક્ષા, ન ભેખ, ન વેશ, ન શાસ્ત્રો, ન શબ્દો, ન મૌન અને ન ગુરુ... અને આખરે ન અવલંબન. ઈશ્વરની કલ્પનાથી પણ મુકિત. એક ક્ષણ એવી આવે છે જ્યારે તમે જ સાક્ષાત્ નિ:સ્વાર્થ પ્રેમ બની જાવ છો. પ્રેમ ઝંખના છે. પ્રેમ તરસ છે, પ્રેમ આધ્યાત્મિકતા છે, પ્રેમ આરાધના છે, પ્રેમ ઈશ્વર છે. અને જ્યારે તમે જ ફોરમવા લાગશો ત્યારે બધું એકાકાર બની જશે.

**આ**ધ્યાત્મિકતા એવી ભૂખ છે જે તમારે જ સંતોષવી પડે. ભૂખ લાગી હોય ત્યારે તમારે જ ખાવું પડે. તમારો ગુરુ, તમારો ઈશ્વર, તમારા શિષ્ય ખાઈ લે એટલે કંઈ તમારી ભૂખ સંતોષાઈ ન શકે.

Aksharnaad.com

# રાજકારણ

**અ**ને તમે રાજકારણ વિશે મારા વિચારો સાંભળવા ઉત્સુક છો. રાજકારણ તમારા જીવનમાં વણાઇ ચૂક્યું છે. રાજકારણ સિવાય તમે જીવી શકો એમ નથી. રાજકારણ તમારા માટે અનિવાર્ય છે. હવા, પાણી અને અનાજની જેમ તમે રાજકારણ વિશે વિચારો છો અને હું કહીશ કે આ રાજકારણ માનવીય પ્રપંચ સિવાય કશું જ નથી.

**ત**મારી કાયરતા અને કોઇનો સ્વાર્થ, રાજાઓ-શાસકોનું સર્જન કરે છે. આના જ કારણે આ જગતમાં શાસક અને શોષિત, રાજા અને પ્રજા જેવા ભેદ નિર્માણ થયા છે. અને માણસ માણસ વચ્ચે કોઇ પણ પ્રકારના ભેદ હોય તે મને મંજૂર નથી.

**અ**ને તમે પૂછો છો કે તો પછી રાજા-રાજ્ય-રાજકારણ સિવાય કેવી રીતે જીવી શકાય? અને હું તમને પૂછું છું કે આ શાસકો તમને યુદ્ધ સિવાય શું આપે છે? આ શાસકો દ્વેષ સિવાય તમને શું આપે છે? અને આ શાસકો તમને શોષિત બનાવ્યા સિવાય બીજું ક્યું મહત્ત્વનું કાર્ય કરે છે? એમણે તમને કાયદાઓ આપ્યા છે તોડવા અને તમારી પાસે જ તેઓ તમારા માટે જેલો તૈયાર કરાવે છે.

**તે**ઓ તમારા પર, તમારામાં ભંગાણ પાડીને જ રાજ્ય કરી શકે. તેઓ તમને મૂઢ, મૂર્ખ બનાવીને જ તમારું શોષણ કરી શકે. આ માટે તેઓ સજાગ છે. તેઓ જ અમીર-ગરીબ, શાહુકાર-ચોર, ધર્મી-અધર્મી અને સ્ત્રી-પુરુષના ભેદ ભાવનું સર્જન કરે છે. તેઓ તમને સંસ્કૃતિનો અને ધર્મના નામે મિથ્યા માન્યતાઓનો શરાબ પીવડાવે છે.

**જ**મીનના ટુકડા ઝૂંટવવા થતાં યુદ્ધોને તેઓ ધર્મયુદ્ધ નામ આપી શકે છે. તેમના અંગત સ્વાર્થ ખાતર લખાયેલા પુસ્તકોને તેઓ પુરાણ બનાવી શકે છે. તેમના અને તેમના સાથીઓના હક્ક રક્ષવા તેઓ કાયદાઓ બનાવે છે અને તેને તેઓ 'તે'ના આદેશનું નામ આપી શકે છે. જે રાજ્ય ચોર, ખૂની સર્જી શકે તેને, તેઓને દંડ કરવાનો અધિકાર છે?

**આ**ધ્યાત્મિકતાને રાજકારણ સાથે કોઇ સંબંધ નથી. અને તમે એવા ઘેટાંના ટોળા શા માટે બનો છો જેને હાંકવા લાકડીની જરૂર પડે?

**અ**ને વિચારી જુઓ. જો આ જગતના બધાં જ મનુષ્ય સાથે તમારે પ્રેમનો સંબંધ હોય, તમારી પાસે તમારા હક્ક સિવાયનો કોઇ સંગ્રહ ન હોય, તમે કોઇનું પણ દિલ ન દુ:ખાવવાનું વ્રત લીધું હોય તો તમારે કોઇ રાજ્યકર્તાની જરૂર છે ખરી?

**ત**મે ઇશ્વર બનો તે પહેલાં તમારા રાજા બનો. આ સરળ છે. શાસિત અને શોષિત બન્નેને અતિક્રમો એટલે તમે તમારાં રાજા બની શકો. શોષિત ન બનવાનું અને શોષણ ન કરવાનું નક્કી કરો અને તમે રાજકારણને તમારામાંથી બહાર ફેંકી શકશો.

Aksharnaad.com

તમને ડર છે કે રાજા-રાજકારણ-રાજ્ય વગર વ્યવસ્થા ભાંગી પડશે. પ્રગતિ અટકી જશે. અને હું પૂછું છું કે શું આ વ્યવસ્થા છે? આ પ્રગતિ છે? અવ્યવસ્થા અને અધોગતિને તમે વ્યવસ્થા અને પ્રગતિ માનવા લાગો એ રાજકારણની સફળ પ્રપંચલીલા છે.

યુદ્ધો ફક્ત આયુધોમાં પ્રગતિ કરે છે. રાજાઓ ધરતીના ટુકડા કરે છે. તેઓ તમને હત્યારા સૈનિકો બનાવી શકે છે. તેમના ભાડુતી પંડિતો અત્યાચારને સદાચાર સાબિત કરી શકે છે.

અને અભય બનો તો તમે આ ક્ષણે જ રાજકારણના પ્રપંચમાંથી મુક્તિ મેળવી શકો. ભયના કારણે તમે રક્ષણ ચાહો છો અને રક્ષણ કરનારા આખરે તમારા પર રાજ્ય કરે છે. ઇતિહાસ જુઓ અને તમે સમજી શકશો કે માણસજાતની અધોગતિ ફક્ત રાજકારણના કારણે થઇ છે.

અને તમને આ ન આંબી શકાય એવા આદર્શની વાતો લાગે છે કારણ કે હું એક આદર્શ રાજાની શોધમાં છું, જે ક્યારેય ઇતિહાસમાં નથી પણ મારી કલ્પનામાં જરૂર છે. પ્રજા વગરનો રાજા, દંડ વગરનો રાજા, સત્તા વગરનો રાજા, યુદ્ધ વગરનો રાજા, દેશ વગરનો રાજા, દ્વેષ વગરનો રાજા.

અને આવો રાજા કંઇ અશક્ય તો નથી જ. આજે એ મારી અને તમારી કલ્પનામાં જન્મે તો એને આ ધરતી પર જન્મ લીધા સિવાય છુટકો છે? અને આત્મનિરીક્ષણ કરો, કદાચ આવા રાજા તમે પણ હો! અને કદાચ કંઇ નહીં તો તમારામાં એ શક્યતા સમાયેલી પણ હોય!

## સજા

અને હું કહીશ કે સજા કરવાનો તમને કોઇ અધિકાર નથી. કારણ કે તમે પોતે જ સજાને પાત્ર છો, તમારા ન્યાયાધીશો ગુનેગારો છે અને તમારા કાયદાઓ જ સાચા અને છુપા ગુનેગારોનું રક્ષણ કરે છે. વકીલો વેરને પોષે છે અને તમારા કાયદાના રક્ષકો જ કાયદાનું ભક્ષણ કરે છે.

કારણ કે તમારા કાયદાઓ ફક્ત મનુષ્યની 'ભૌતિકતા'ને અનુલક્ષી બનાવવામાં આવ્યા છે. તમારે ત્યાં કાયદેસર લૂંટ અને ગેરકાયદે લૂંટ એવા બે પ્રકાર છે. તમારે ત્યાં યુદ્ધમાં હત્યાઓ થાય છે જેની કોઇ સજા નથી અને તમારે ત્યાં છૂપી રીતે હત્યાઓ થાય છે જેની પણ કોઇ સજા નથી. શોષણ-ધીરે ધીરે લોહી ચૂસી લેવાને તો તમે ગુનો પણ માનતા નથી!

હક કરતાં વધુ મેળવનાર બધાં જ ગુનેગારો છે અને એમને તમારા કાયદાઓ રક્ષણ

Aksharnaad.com

આપે છે. કાયદાઓ તમે ચોક્કસ વર્ગના લાભ માટે બનાવ્યા છે. સમગ્ર મનુષ્યજાતિના લાભને અનુલક્ષી તમે કાયદાઓ બનાવી શકો તો જ તમને કોઇને સજા કરવાનો અધિકાર મળી શકે.

**અ**ને કહો શું તમે જ તેમને ગુનો કરવા પ્રેરતા નથી? જ્યારે કુદરતે બક્ષેલો હક્ક તમે તમારા કાયદાઓ દ્વારા છીનવી લેવાની કોશિશ કરો છો ત્યારે અન્યાય સર્જાય છે અને ગુનેગારો પેદા થાય છે. તમે કુદરતના કાનૂનો તોડ્યા છે અને તમે ગુનેગાર છો એ તમને ખબર છે?

**જ**યાં સુધી ગુનેગાર પેદા ન થાય એવી સમાજરચના તમે ન કરી શકો ત્યાં સુધી સજા કરવાનો તમને અધિકાર નથી. અને તમે મને કહેશો કે આ જગતના દ્રવ્ય પર અને જમીન પર તમને કોણે અધિકાર આપ્યો છે?

**સ**જા. કેટલો ઘૃણાસ્પદ શબ્દ છે આ?! માણસ માણસને સજા કેવી રીતે કરી શકે? માણસ તો કરી શકે ફક્ત પ્રેમ. તમે તમારા માર્ગ ભૂલેલા સાથીઓને સજા કરતાં પહેલાં હજારવાર વિચાર કરજો. શું એમને સજા કરવાની તમારી કોઇ લાયકાત છે? અલબત્ત તેઓને પ્રેમ કરી શકવાની લાયકાત તમારામાં છે

**અ**ને તેઓ માર્ગ ચૂક્યા છે કારણ કે તેઓ તમારા પ્રેમથી વંચિત રહ્યા છે. તમે જો એમને પ્રેમ ન આપ્યો હોય તો અસલી ગુનેગાર તમે છો. પ્રકૃતિએ સર્જેલો કોઇ મનુષ્ય ગુનેગાર હોતો નથી, તમે ઊભી કરેલી પરિસ્થિતિ એને ગુનેગાર બનાવે છે.

**અ**ને તમે તમારા અંતરાત્માને વેચી નાખ્યો છે એટલે જ તો તમારા બનાવટી કાયદાઓ, કાયદાના રક્ષકો, ન્યાયાલયો અને કારાગૃહોની જરૂર પડે છે. જાવ તમારા અંતરાત્માને શોધો. એને જાગૃત કરો, એને સતત તમારી સાથે રાખો. તમારા દરેક કાર્યનો એને સાક્ષી બનાવો અને જુઓ. ક્યાંય કશો ગુનો થવાની શક્યતા જ નથી.

**જ**યારે તમે બીજાની રોટી કોઇ પણ પ્રકારે છીનવી લ્યો છો. તમારા બનાવેલા કાયદાનુસાર યા તમારા બનાવેલા કાયદાથી વિરુદ્ધ ત્યારે તમારા અંતરાત્મા પર ચિરાડ પડે છે ખરી? જ્યારે તમે કોઇ અન્યનો હક્ક લૂંટી લેવાની કોશિશ કરો છો ત્યારે તમારો અંતરાત્મા ચિત્કાર કરે છે ખરો? પ્રકૃતિ સાથે જ્યારે તમે પ્રપંચ કરો છો ત્યારે તમારા હૃદયમાં કંપ થાય છે ખરો?

**આ** જગતમાં ન તો કોઇ ગુનેગાર છે ન કોઇ ન્યાયાધીશ. આ તમારા પ્રપંચ સિવાય કશું જ નથી. આવો આપણે આ અન્યાયને પ્રથમ મીટાવી દઇએ. તમારા ડહાપણનો ઉપયોગ ભેદભાવ મીટાવવામાં કરો. અને આ ભેદભાવમાં આરોપી અને ફરિયાદીનો પણ સમાવેશ થવા દ્યો.

**પ્ર**કૃતિ મનુષ્યનું સર્જન કરે છે અને તમે ગુનેગારો સર્જો છો, અને ન્યાયાધીશો સર્જો છો. બહેતર છે તમે મનુષ્યને મનુષ્ય રહેવા દ્યો. મનુષ્યને જે મનુષ્ય રહેવા નથી દેતા તેઓ જ ખરેખર સજાને પાત્ર છે.

Aksharnaad.com



## પુનર્જન્મ

**આ** જગતના સડસઠ ટકા લોકો પુનર્જન્મમાં માને છે. ઉપરાંત તેઓ કહે છે કે કેટલાંક શાસ્ત્રોમાં પણ પુનર્જન્મને માન્યતા આપવામાં આવી છે. વળી તેઓ કહે છે કે મોટા મોટા વૈજ્ઞાનિકો, ડૉક્ટરો અને લેખકો પુનર્જન્મ વિશે અનેક લેખો લખી રહ્યા છે, પુસ્તકો પ્રગટ કરાવી રહ્યા છે. વળી તેઓ પુનર્જન્મના અનેક કિસ્સાઓ પણ ટાંકે છે...

**જ**ગતના નવાણું ટકા લોકો અસત્યને સત્ય કહે તો મારે પણ અસત્યને સત્ય કહેવું? શાસ્ત્રોમાં સંશોધન કરવાનો મને અધિકાર છે, કારણ કે હું માનું છું કે શાસ્ત્રો માનવહિત માટે રચાયાં છે, અને માનવહિત માટેના સંજોગો દરેક યુગમાં બદલાતા હોય છે. એક હજાર વર્ષ પહેલાંનો માણસ જે પચાવી શકે એનાથી મને આજે અપચો થવાની શક્યતા કેમ નકારી શકાય?

**અ**ને મને કહેવા દો. કે પુનર્જન્મની વાતો કરનારા કાયરો હોય છે. આજથી, આ ક્ષણથી- આ જિંદગીથી જે ભાગવા ઇચ્છે છે તે આવતા જન્મની વાતો કરે છે.

**અ**ને જ્યારે માણસ ભૌતિક્તામાં રત હોય છે ત્યારે એ આધ્યાત્મિકતાને ટાળે છે, મુલતવી રાખે છે. ગપ્પાસપ્પામાં રસ લેનારો કર્મચારી કચેરીના કામને ટાળતો હોય છે એમ. એવી જ રીતે જેને સાચી મુક્તિમાં રસ નથી એ પુનર્જન્મની વાતો કરે છે. આ જિંદગીમાં પ્રાપ્ત કરવાની આધ્યાત્મિકતાને એ બીજા જન્મ સુધી મુલતવી રાખે છે. પુનર્જન્મ એ ભૌતિકતા છે, મુક્તિ એ આધ્યાત્મિકતા છે.



**જે** કાર્ય માટે તમને આ જિંદગી મળી છે એ કાર્ય પૂરું કરીને તમે મુક્તિ શા માટે નથી મેળવતા? પૂનર્જન્મમાં રસ શા માટે ધરાવો છો? આજની વાત કરવાને બદલે આવતી કાલની વાહિયાત વાતો શા માટે કર્યા કરો છો?

**આ**પણે પુનર્જન્મની વૈજ્ઞાનિક-અવૈજ્ઞાનિક વાતો નથી કરવા ઇચ્છતા. મૃત્યુની બાદ વિજ્ઞાન જઇ શકે એમ નથી. એ વિશે જે વાતો કરવામાં આવે છે તે તુક્કા કરતાં વિશેષ કશું જ નથી. આપણે તો અહીં સીધી-સાદી રીતે વિચારીએ: પુનર્જન્મનો વિચાર માનવઉત્કર્ષમાં કશો ભાગ ભજવી શક્યો છે ખરો? ફક્ત આ જ ક્ષણમાં જીવતાં શીખીએ તો વધુ સારી રીતે જીવી શકીએ.

**જ**ન્મથી મૃત્યુ સુધીના જીવનને ન સ્વીકારનાર માટે પુનર્જન્મનો વિચાર કદાચ સદીઓ પહેલાં એક સમયે જરૂરી હશે. ક્યારેક કોઇ દવા શરૂઆતમાં ફાયદો કરે પણ જ્યારે એનાથી ટેવ પડી જાય તો એ ફાયદાને બદલે ગેરફાયદો-નુકસાન પણ કરે.

**પુ**નર્જન્મના વિચારથી માણસ જ્યારે ટેવાયો- ખાસ કરીને ભારતીય હિન્દુ ત્યારે એ આળસુ બન્યો, મુલતવી રાખતાં શીખ્યો. અવતારના આગમનના વિચારથી એ નિષ્ક્રિય બન્યો. આના કારણે હિન્દુઓની કેવી દશા થઇ? એ ગુલામ બન્યા અને હજી ગુલામી માનસ આજે પણ છોડી શક્યા નથી?

**ત**મારે જિંદગીની આ ક્ષણને જીવવી છે? તમે જીવવાનો આનંદ માણવા ઇચ્છો છો? તમારે આધ્યાત્મિક બનવું છે? તમે મુક્તિ ઇચ્છો છો? તો પુનર્જન્મના વિચારને તિલાંજલિ આપી દો. જો તમે જિંદગીની આ ક્ષણને જીવતાં શીખ્યા હશો તો કદાચ પુનર્જન્મ હશે- હોય તો પણ એની ચિંતા આજે શા માટે? યાદ રાખો; તમે આવતી કાલની ચિંતામાં આજને ખોઇ રહ્યા છો. અને જે આજને આ ક્ષણને ગુમાવે છે તે બધું ગુમાવે છે.

Aksharnaad.com

તમે ભૌતિક હશો તો તમારા માટે પુનર્જન્મ અનિવાર્ય છે. તમે ચેતના હશો તો તમારો નાશ નિશ્ચિત છે, અને જો તમે શુદ્ધ ભાવના હશો તો અમરત્વ પ્રાપ્ત કરીને ઘટમાળમાંથી સદા મુક્તિ મેળવી શકશો. માટીનું કોડિયું બને છે- તૂટે છે, બને છે-તૂટે છે. એ કોડિયામાંનું તેલ શિખામાં પરિવર્તન પામી નાશ પામે છે. એનું પરિવર્તન થાય છે, પણ એ દીપકમાં પ્રગટ થયેલો પ્રકાશ તો ફેલાયા કરે છે- ફેલાયા કરે છે અને સદા માટે મુક્તિ મેળવે છે. અને અંતે એ જ 'ત્યાં' પહોંચી શકે છે.

સવાલ લોકો શેમાં માને છે અને શાસ્ત્રો શું કહે છે એ નથી. સવાલ એ છે કે તમે શું ઇચ્છો છો? તમે પુનર્જન્મ ઇચ્છો છો? તો ભૌતિકતામાં રચ્યા રહો. બનાવટી આધ્યાત્મિકતાનો નશો માણો અને ફરી ફરી જન્મ્યા કરો. અને જો તમે આધ્યાત્મિકતામાં રસ ધરાવતા હો- તમને મુક્તિ જોઇતી હોય અને જો તમે ખરેખર 'તે'ની પાસે પહોંચવા ઇચ્છતા હો તો ભૌતિકતા પુનર્જન્મથી મુક્તિ મેળવી લ્યો.

પ્રેમમય બની જાવ. મારું વચન છે, જ્યાં સુધી આ જગત હશે ત્યાં સુધી તમે રહેશો. જ્યાં સુધી આ વિશ્વ વિસ્તર્યું છે ત્યાં સુધી તમે વિસ્તરશો, ફેલાશો. અને પછી તમને ફરી ફરી જન્મવાની કોઇ આવશ્યકતા છે ખરી?

## બંધન અને મુક્તિ


તમે મુક્ત છો? સવાલ કંઇક આવો જ હતો. આપણે ત્યાં 'મુક્તિ' વિશે કંઇક બહુ રમૂજી ખ્યાલો બંધાયા છે. લોકો મુક્ત એને જ માને છે જે લંગોટી પહેરીને જંગલમાં જઇ વસે છે, સાધુ-સંન્યાસી બની જાય છે, દીક્ષા લઇ લે છે અને સંસારીઓને-સંસારને ભાંડ્યા કરે છે, અહર્નિશ ધન-દોલતની નિંદા કરે છે.

વાસ્તવમાં બંધન અને મુક્તિના ખ્યાલો ખૂબ જ બાલિશ છે. સંસારમાં રચ્યોપચ્યો મનુષ્ય પણ મુક્ત હોઇ શકે છે અને જંગલમાં રહેતો લંગોટી પહેરેલો સંન્યાસી પણ બંધનમાં બંધાયેલો હોવાની શક્યતા છે. મુક્તિ અને બંધન તમારા બાહ્ય વર્તન સાથે નહીં પણ તમારા મન સાથે સંકળાયેલાં છે. કરોડોની સંપત્તિ પર માનસિક આસક્તિ ન હોય તો તમે મુક્ત છો અને લંગોટી પર માનસિક આસક્તિ હોય તો તમે બંધનમાં છો.

એવા સંન્યાસીઓ છે જેમણે સંસાર-માબાપ, પતિ અથવા પત્ની-બાળકો બધું જ છોડ્યું છે છતાં તેઓ પોતાના સાધુ હોવાના સભાનપણાને- ગર્વને છોડી શક્યા નથી. સાધુ તરીકેની કીર્તિથી તેઓ મુક્ત થઇ શક્યા નથી અને તેમના ભક્તો અને ચેલાઓ તેમને વધુ ને વધુ બંધનમાં જકડે છે.

મન એ જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે. તમે કેટલું કમાવ છો? તમારી

Aksharnaad.com



પાસે કેટલી મિલકત છે? સવાલ એ નથી: સવાલ એ છે કે તમે આ બધામાંથી કેટલા અલિપ્ત રહી શકો છો?

સુખ દુ:ખ તમને કેટલાં સ્પર્શે છે? સુખમાં તમે બેફામ બની જાવ છો અને દુ:ખમાં વિચલિત? વાસ્તવમાં સુખદુ:ખ જેવું કશું છે ખરું? રાત્રિ અને દિવસ ન હોય તો? ઋતુઓ ન હોય તો? આ દ્વૈત જ એક અદ્વૈત સર્જે છે. અને તે છે સર્જન. સુખ અને દુ:ખ વગર, આહ અને વાહ વગર કવિતાનું સર્જન થઇ શકતું નથી. સુખ અને દુ:ખ જ્યારે બંને

Aksharnaad.com

તમને બંધન ન કરે ત્યારે જ તમે સર્જક બની શકો. તડકો અને છાંયો, ટાઢ અને ગરમી બન્નેને સભાનપણે સહન કરી શકનાર-માણી શકનાર જ ફળ અને ફૂલનું સર્જન કરી શકે.

**સ**ર્જનાત્મકતા જ મુક્તિ છે. નવસર્જન મનુષ્યને મુક્તિ અપાવે છે. એ જ એને બંધનમાંથી મુક્ત કરી શકે. જે કંઇક સર્જન કરી ગયા છે એ આજે પણ તમારી સાથે જીવે છે, કારણ કે તેઓ ત્યારે જીવનથી મુક્ત થઇ શક્યા હતા.

**આ** જગતમાં દરેક મનુષ્યમાં ઈશ્વરે સર્જકતાની શક્તિ મૂકી છે. જ્યારે એ સર્જક બને છે ત્યારે જ એ ઈશ્વરને સમજી શકે છે. એક બાળકનો જન્મ એ સર્જન છે, એક કાવ્યનો જન્મ એ સર્જન છે, એક કલ્પનાનો એક વિચારનો જન્મ એ સર્જન છે.

**અ**ને બંધનમાં નાખવા તમારી સર્જનાત્મકતાને રહેંસી નાખવામાં આવે છે. તમારા મન પર, તમારી બુદ્ધિ પર, તમારા હૃદય પર, તમારા તન પર તાળાં મારવાનું કામ સતત તમે જ કરતા રહો છો, કારણ કે તમને એ ખબર નથી કે બંધન શું છે, મુક્તિ શું છે.

**આ** અનંત અવકાશમાં જો તમે વિસ્તરી શકો તો તમે મુક્ત થઇ શકો અને જો તમારે વિસ્તરવું હોય તો આ ધરતી પરથી કમ સે કમ તમારે મોહ ઓછો કરવો જ રહ્યો. ધરતી પરનો મોહ એટલે ભૌતિકતાનો મોહ. યાદ રાખો, તમને આ ધરતી સાથે જ અનંત આકાશ પણ આપવામાં આવ્યું છે, જેની સામે તમારી આ ધરતીની કોઇ ગણના નથી.

**અ**ને તમે અનંત અવકાશમાં વિસ્તરી શકો છો- તમારી કલ્પનાશક્તિથી- કલ્પના યોગથી. કલ્પના જ એક એવી શક્તિ છે જે તમને સર્જક બનાવી શકે અને એક એવી વિશાળતા બક્ષી શકે જે તમારા અસ્તિત્વને વિરાટ વિશ્વમાં ભરી દે.

**ક**લ્પના જ તમારા બંધનને તોડી શકે, કારણ કે તમારાં બધાં જ બંધનો કાલ્પનિક છે, જે મૃત્યુના કારણે છૂટી શકે એમછે તો તમે તમારા મનથી શા માટે ન છોડી શકો? મૃત્યુ તમને ચાબુક મારી મુક્ત થવા મજબૂર કરે તે પહેલાં જ મુક્ત થઇ જવું એ આધ્યાત્મિકતા છે. અને તમારે છોડવાનું છે શું? કશું જ નહીં, ફક્ત બંધનની તમારી કાલ્પનિક માન્યતાઓ.

**આ**વો આપણે મુક્તિનો ઉત્સવ ઉજવીએ. તમારા મનના દરવાજાઓને ખોલી નાખો અને સારા આકાશને તમારા હૃદયમાં પધારવાનું આમંત્રણ આપો. સૂર્યના પ્રકાશથી તમારી બુદ્ધિને ભરી ધો અને વિશ્વના સમગ્ર ફૂલોની સુગંધી પ્રાર્થના સાથે તમારો સ્વર ભેળવો અને ફક્ત એક શબ્દ અંતરના ઊંડાણમાંથી કોઇને પણ ન સંભળાય એ રીતે બોલી શકાય તો બોલો: પ્રેમ.

Aksharnaad.com

## ભય

**ત**મે ભયમુક્ત થવા ઇચ્છો છો અને તમે ભય વિશે જાણવા ઇચ્છો છો. પ્રકૃતિએ મનુષ્યને આપેલા સ્વરક્ષણ માટેના સ્વભાવિક આચરણને આપણે વિકૃત કરી ભયમાં ફેરવ્યો છે. મૃત્યુથી બચવા મનુષ્ય જિજિવિષાને કારણે જે કરે છે તે સ્વબચાવ છે. જિજિવિષામાં સ્વાર્થ ભળે છે ત્યારે એ ભયનું સ્વરૂપ ધારણ કરે છે.

**અ**ને આ જગતમાં આપણે એકબીજાને ડરાવવા સિવાય બીજું કરીએ છીએ શું? કોઇક કોઇકને પોતાની શારીરિક શક્તિથી ડરાવે છે. કોઇક કોઇકને પોતાની બુદ્ધિથી ડરાવે છે. કોઇક કોઇકને પોતાની સંપત્તિથી ડરાવે છે. કોઇક કોઇકને ઇશ્વરથી ડરાવે છે. કોઇક કોઇકને ભૂતથી ડરાવે છે. અહીં ડરનારને સહુ કોઇ ડરાવે છે.

**આ**શ્ચર્ય તો એ છે કે તમે કોઇથી ડરો છો અને વળી તમે કોઇને ડરાવો છો પણ ખરા! તમે તમારાથી સબળથી ડરો છો અને તમે તમારાથી નિર્બળને ડરાવો છો.

**અ**હીં આ જગતમાં સહુ કોઇ બીજાના ભોગે જીવવા ઇચ્છે છે અને આ કારણે ડરના શસ્ત્રનો ઉપયોગ કરે છે. ડરનારના ભોગે ડરાવનાર પોતાનું જીવન ટકાવવા ઇચ્છે છે. આ નકારાત્મક જીવન પદ્ધતિ છે.

**ધા**ર્મિકો પાપનો ભય બતાવી તમને ડરાવે છે. રાજકારણીઓ શત્રુનો ભય બતાવી તમને ડરાવે છે અને વ્યાપારીઓ સંપત્તિના પ્રપંચ દ્વારા તમને ડરાવે છે અને તમે તમારી જાતથી ડરો છો કારણ કે તમારી આત્મશ્રદ્ધાને તમે જ હણી નાખી છે. ડરીને અને ડરાવીને.

ડરો છો શા માટે? ભય શા માટે પામો છો? કોનાથી ડરો છો? સંપત્તિ, ઇજ્જત, વગેરેના તમારા પોતાના આગવા મૂલ્યાંકનો છે. આ બધા માટે તમે સદા મથામણ કરો છો અને આ ગુમાવી બેસવાનો તમને ડર લાગે છે. સતત કંઇક ગુમાવી બેસવાના ભય સાથે તમે જીવો છો.

**મિ**ત્રો, યાદ રાખો તમારે કશું જ ગુમાવવાનું નથી. આ જગતમાં ફક્ત મૂર્ખ લોકો જ ગુમાવે છે. બુદ્ધિશાળીઓ જે આપે છે તેની સામે ચોકકસ કશું મેળવે છે. જીવન એ આપવા અને મેળવવાની 'રમત' છે. જીવન તો તમારે આખરે આપી જ દેવાનું છે. અને જીવન કરતાં મૂલ્યવાન તમારી પાસે શું છે? જીવન આપો અને તેના બદલામાં તેનાથી પણ કશુંક મૂલ્યવાન મેળવો, જે ગુમાવવાનો ભય ન હોય.

**જ્યા**રે કશું જ ગુમાવવાનું હોતું નથી ત્યારે ભય શાનો? આ વિશ્વમાં કશું જ નાશ પામતું નથી. ગુમાવવાનું હોતું નથી. અહીં ફક્ત પરિવર્તન થાય છે. પરિવર્તન અગર બહેતર થાય છે તો તમે મેળવો છો અને નિર્ભય બનો છો પણ પરિવર્તન અગર બદતર

Aksharnaad.com

થાય છે તો તમે ગુમાવો છો અને તમે ભયભીત બનો છો.

**ભ**યમાંથી મુક્ત થવાનો એક જ માર્ગ છે. અભય બનો. તમારે ભયમુક્ત બનવું જ પડે. ભયભીતો જીવતા નથી, એ ક્ષણેક્ષણે મરતા હોય છે.

**નિ**ર્ભય બનવા માટે જીવનનું સાચું મૂલ્ય સમજો. સતત જીવન વિશે વિચારો. જો તમે તમારા જીવન વિશે વિચારી ન શકો તો બીજાના જીવન વિશે વિચારો અને એક કામ પ્રથમ કરો. કોઈને ડરાવશો નહીં. ડરવા અને ડરાવવાની પ્રક્રિયાને પ્રથમ તો તમારાથી જ બંધ કરો. અન્યના જીવન પણ તમારા જેટલાં જ કિંમતી છે અને યાદ રાખો અન્યને ડરાવનારા ડરપોક હોય છે કારણ કે તેઓ અજ્ઞાની છે.

**અ**જ્ઞાનને દૂર કરો. તમારો ભય આપોઆપ નાશ પામશે, દોરડાને સાપ સમજી ડરો તો એ તમારું અજ્ઞાન છે અને સાપથી પણ શા માટે ડરવું જોઈએ? જ્યારે સાપ-સર્પ વિશે પણ તમે જ્ઞાન પ્રાપ્ત કરો છો ત્યારે જાણી શકો છો કે તમારો ભય વ્યર્થ છે. આ જગતના નવાણું ટકા લોકો ભયના જ કારણે પોતાના કિંમતી જીવનથી હાથ ધોઈ બેસે છે. કાયર લોકો ભયભીત હોય છે.

**કા**યરતાને છોડો. જ્યારે જીવનના મૂલ્યને તમે જીવીને આનંદથી જીવીને, શ્રેષ્ઠતાથી જીવીને, પ્રેમથી જીવીને, ફક્ત પ્રેમ માટે જીવીને, સમજો છો ત્યારે કાયરતા આપો આપ નાશ પામે છે. ભયભીત કરતું મૃત્યુ ગૌણ છે. જીવનનો ક્યારેય નાશ થતો નથી એ સદા યાદ રાખજો. તમારા જીવનની ક્ષણેક્ષણને પ્રેમમાં પલટી નાખો અને જુઓ તમે નિર્ભય બની જશો, કારણ કે ત્યારે તમે અન્યને પણ ડરાવતા નહીં હો.


## બ્રહ્મચર્ય

**ત**મે બ્રહ્મચર્ય વિશે જાણવા ઈચ્છો છો અને હું જાણું છું તમે બ્રહ્મચર્યનો અર્થ નથી જાણતા. અને તમે જે જાણવા ઈચ્છો છો તે, સ્ત્રીપુરુષ વચ્ચેના જાતીય સંબંધો. અને તમે નિરાશ થશો, કારણ કે બ્રહ્મચર્યનો અર્થ હું જે તેમને કહીશ એને સ્ત્રીપુરુષ જાતીય સંબંધો સાથે નિસ્બત નથી.

**આ** બ્રહ્મચર્ય એટલે સમગ્ર બ્રહ્મ સાથે એક થઈ જવું સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપી જવું, ફેલાઈ જવું, બ્રહ્મનું ચિંતન કરવું-બ્રહ્મસ્વરૂપ બની જવું. બ્રહ્મચર્યનો આ જ એકમાત્ર અર્થ છે.

**હ**જારો વર્ષથી પુરુષ સ્ત્રીને આધ્યાત્મિક પ્રગતિમાં રુકાવટ સમજતો આવ્યો છે. આ સંદતર ભૂલભરેલી માન્યતા છે. આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવાનો પુરુષ જેટલો જ અધિકાર સ્ત્રીને પણ છે. વાસ્તવમાં તો સ્ત્રી અને પુરુષ સાથે જ પ્રયત્ન કરીને આધ્યાત્મમાં આગળ

Aksharnaad.com



વધી શકે ને બ્રહ્મચારી બની શકે.

**સ્ત્રી** અને પુરુષે એમની જાતીય વૃત્તિઓને એટલી વિકૃત કરી છે કે વિકૃતિઓએ વાસનાનું સર્જન કર્યું છે, અને એ વાસના આધ્યાત્મમાર્ગમાં બન્ને માટે રુકાવટો ઊભી કરે છે. સ્ત્રી-પુરુષ જાતીય સંબંધ, સર્જનનું ઇશ્વરીય પ્રતીક છે. એ સંબંધ દ્વારા એક નવા સ્ત્રી કે પુરુષ-મનુષ્યનું સર્જન થાય છે. તમારા અજ્ઞાને આ ઇશ્વરીય કૃપાને વાસનાનું વરવું રૂપ આપ્યું છે.

**ત**મે કશુંક સર્જવા ઇચ્છો- એકાદ કવિતા, એકાદ ચિત્ર, એકાદ ઇમારત, તો તમે એ વિશે અભ્યાસ કરો છો. કાર્ય સમયે એકાગ્ર બનો છો, એ સર્જનને સંપૂર્ણ સૌંદર્ય આપવા તમારો સમગ્ર પ્રાણ એમાં પૂરો છો, અને જ્યારે તમે એક બાળકનું સર્જન કરો છો- એક નવા મનુષ્યનું સર્જન કરો છો ત્યારે?

**ત**મારી આગામી પેઢી- તમારો નવો અવતાર ફક્ત તમારા કુદરતી આવેગ અથવા વાસનાનું પરિણામ હોય તો એ વિશે ઝાઝી આશાઓ ન રાખશો. અણઘડ કલાકારની કૃતિની જેમ એ વિસરાઇ જશે. કાળના અસીમ પોલાણમાં એ ક્યાં ખોવાઇ જશે એની ખબર નહીં પડે.

**સ્ત્રી** અને પુરુષ દ્વારા કુદરત- ઇશ્વર તમને પ્રેમનો સંદેશ આપે છે અને સાથે સર્જક બનવાની તક. આ તક આપી એ તમને પોતાની પાસે ઊભા રહેવાની લાયકાત આપે છે. સ્ત્રી અને પુરુષ સંબંધ એ પ્રેમની પ્રથમ પહેચાન છે. સ્ત્રી અને પુરુષ આ જગતમાં ન હોત તો પ્રેમ જેવો શબ્દ પેદા થયો ન હોત.

Aksharnaad.com

બ્રહ્મચર્યને પ્રેમ સાથે સંબંધ છે. નિ:સ્વાર્થ પ્રેમ વગર તમે બ્રહ્મચારી ન બની શકો, અને સ્ત્રી યા પુરુષ પ્રત્યેના ધિક્કારમાંથી તમારું બ્રહ્મચર્ય જન્મ્યું હોય તો એ બ્રહ્મચર્ય નથી પણ ભ્રમચર્ય છે. અને જુઓ, તમારા મોટા ભાગના બ્રહ્મચારીઓ-ભ્રમચારીઓને જાતીય સંબંધો સામે તિરસ્કાર છે.

તમારા વિકૃત માનસો પ્રેમને વાસનામાં શા માટે પલટાવે છે? કારણ કે તમે કલાકાર નથી. જ્યાં સુધી તમે કલ્પનાશીલ નથી ત્યાં સુધી તમે કલાકાર ન થઇ શકો. કલ્પનાશીલ સ્ત્રી-પુરુષ જ એક બહેતર મનુષ્યનું સર્જન કરી શકે. અને બહેતર મનુષ્યો પ્રેમ સિવાય સર્જી શકાતા નથી.

તમારા જાતીય સંબંધો કલાની આરાધના બની જાય. તમે બન્ને એકબીજા માટે બ્રહ્મની આરાધનાનાં સાધનો બનો. તમારા બન્નેની વચ્ચે નિ:સ્વાર્થ પ્રેમ સિવાય કોઇ બંધન ન હોય અને તો તમે બ્રહ્મચર્યના પાલનના અધિકારી છો.

એક સવાલ હતો: આ કરોડો-અબજો મનુષ્ય ઇશ્વરની કૃપાથી વંચિત શા માટે આ ધરતી પર સબડે છે? ઇશ્વર શા માટે બધા જ બુદ્ધ, ઇશુ અને મહાવીર પેદા નથી કરતો? મને કહો, આ ધરતી પર સ્ત્રી-પુરુષ વચ્ચેના નિ:સ્વાર્થ પ્રેમના કારણે કેટલાં બાળકો જન્મે છે? આ ધરતી પર તમે જુઓ છો એ ફક્ત વાસનાનો પરિપાક નથી?

આમ છતાં ઇશ્વર તમને પ્રેમનું દર્શન કરાવ્યા વગર રહી શકતો નથી. એકવાર નિ:સ્વાર્થ પ્રેમની ચિનગારીનો સ્પર્શ તમને થાય છે અને તમે બધા પ્રજ્વળી ઊઠો છો અને તમારો પ્રેમ-પ્રકાશ આ બ્રહ્માંડમાં ફેલાઇ જઇ શકે છે: તમારામાં, તમારામાં અને તમારામાં આ શક્યતા છે અને તમે અવશ્ય બ્રહ્મચારી બની શકો છો.

તમારા વિજાતીય સાથીને આ ક્ષણે જ ધિક્કારવાનું બંધ કરો. સ્ત્રી-પુરુષ જાતીય સંબંધને ધિક્કારશો નહીં. એ તમારાં મા-બાપને ગાળ છે. બ્રહ્મચર્યને આ સાથે કશો જ સંબંધ નથી. નિ:સ્વાર્થ પ્રેમ વાસનાને આપોઆપ ભગાડી દેશે- અને ફક્ત એ પ્રેમ જ તમને સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત કરી શકશે.

વિસ્તરો, ફેલાઇ જાવ. સંકુચિત ના બનશો. આ જગતમાં એવી કોઇ ચીજ કુદરતે નિર્માણ નથી કરી જે તમારા આધ્યાત્મ તરફના માર્ગમાં અવરોધો ઊભા કરે. કાળા કોલસામાં જેમ પ્રકાશ પ્રગટે છે તેમ શક્ય છે કે વાસનામાંથી પ્રેમ પ્રગટે, અને કોલસા અને અગ્નિ વચ્ચેનું અંતર તમે સમજી શકો એટલી બુદ્ધિ તમારામાં પ્રગટો. અંધકારમાંથી પ્રકાશ તરફ અને અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ અને વાસનામાંથી પ્રેમ તરફ એ જ તો છે બ્રહ્મચર્ય. કારણ કે પ્રકાશ, જ્ઞાન, સુવાસ, પ્રેમ એ જ સમગ્ર બ્રહ્માંડમાં ફેલાઇ શકે. સ્ત્રી-પુરુષ સંબંધોમાં એક યાદ રાખવા જેવો અને આચરવા જેવો શબ્દ છે 'સંયમ'

Aksharnaad.com

## ભ્રમણા

તમે કહો છો તમારી અનેક કલ્પનાઓ નિષ્ફળ ગઈ છે અને તમને મારા કલ્પના એ આવતી કાલનું સત્ય છે. એ વિધાન વિશે શંકા છે, મિત્ર, પ્રથમ તો તમારે કલ્પના અને ભ્રમણા વચ્ચેનો તફાવત જાણી લેવાની જરૂર છે. કલ્પના સત્ય છે અને ભ્રમણા અસત્ય. કલ્પના તમારા પુરુષાર્થ પર આધારિત છે ભ્રમણા તમારી નિષ્ક્રિયતા પર.

અશક્ય કલ્પનાને તમે ભ્રમણા કહી શકો. અજ્ઞાન પર આધારિત કલ્પનાને તમે ભ્રમણા કહી શકો. તમારા ભૂત અને ભગવાન બન્ને ભ્રમણાઓ છે કારણ કે એ ફક્ત તમે સાંભળેલા અજ્ઞાન પર આધારિત છે. માન્યતાઓને સ્વીકારી જ્યારે તમે કલ્પના કરો છો ત્યારે એ ભ્રમણા બને છે અને ભ્રમણાઓ ભ્રમણા રહે છે, તે ક્યારેય સત્ય બની શકતી નથી. મૃગજળને જોઈ તમે એ તરફ દોટ મૂકો છો એ ભ્રમણા છે અને કૂવો ખોદવાનો પ્રયાસ અને પાણી મેળવવાની કલ્પના એ સત્ય છે. અલબત્ત, કૂવો ક્યાં ખોદવો એ જો તમને ખબર ન હોય તો તમારા પ્રયાસો પણ ભ્રમણા જ પૂરવાર થાય છે.

અને 'તે' પ્રેમ પ્રાપ્ત કરવા સિવાયની બધી જ કલ્પનાઓ ભ્રમણા માત્ર છે. 'તે' પ્રેમ પ્રાપ્ત કરવા સિવાયની તમારી બધી જ કલ્પનાઓ નિષ્ફળ જાય એમ હું ઇચ્છીશ.

તમે શ્રીમંત બનવાની કલ્પના કરો છો. તમે અકસ્માત ધનનો લાભ થાય એવી કલ્પના કરો છો. તમે તમારા શત્રુ નાશ પામે એવી કલ્પના કરો છો. તમને સત્તા પ્રાપ્ત થાય એવી કલ્પના તમે કરો છો, તમે ફક્ત સ્વાર્થી કલ્પનાઓ જ કરો છો અને આ બધી જ કલ્પનાઓ ભ્રમણા છે કારણ કે તમે જે ચાહો છો તે બધી જ ભ્રમણાઓ છે. ભૌતિકતાનું કશું જ શાશ્વત મૂલ્ય નથી.

કલ્પવૃક્ષની નીચે બેસીને ક્ષુલ્લકની કલ્પના ન કરશો. જ્યારે તમારે માગવું જ છે તો એવું માગો જેની શાશ્વતતા પૂરવાર થઇ છે.

અને એવું ય નથી કે તમારી ભ્રમણાઓ સફળ થતી નથી. ભ્રમણા સફળ થાય છે ત્યારે પણ એ સફળતાની ભ્રમણા જ રહે છે. સર્વાધિક ધનાઢ્ય થવાની તમે 'કલ્પના' સેવી અને તમારી એ ભ્રમણા સાકાર પણ થઇ તો એ ભ્રમણાથી વિશેષ શું છે?

એક ભ્રામક આકારને તમે ઈશ્વરનું નામ આપી એની ભ્રામક કલ્પનામાં રાચ્યા કરો અને કદાચ એ તમારી ભ્રમણામાં આકાર ધારણ કરે તેથી શું? તમને એથી ઈશ્વરત્વ પ્રાપ્ત થવાનું નથી.

યાદ રાખો ભ્રમણાઓ ક્યારેક કલ્પના કરતાં વધુ સરળતાથી સફળ થાય છે. અને સામાન્ય રીતે 'લોકો' ભ્રમણા પાછળ ભટકવાનું વધુ પસંદ કરે છે કારણ કે તેમને તેમની ભૌતિકતાએ જકડી રાખ્યા છે અને તેઓ સત્યનો સામનો કરવાની તૈયારીમાં નથી. અને

Aksharnaad.com

સત્ય માટેની કલ્પનાને નિષ્ફળતાનો કોઈ ડર નથી. સત્ય તરફનું એક કદમ જ સફળતા છે. આવી કલ્પના તમને સદા ફળો.

ફરીથી કહું છું ભૌતિક પ્રાપ્તિઓ માટે કલ્પનાશક્તિને વેડફશો નહીં. આ વેડફાટ તમારી શક્તિઓને હણી નાખશે. ભૌતિક લાલચોના આવેગોને રોકવા એ જ તો સંયમ છે.

જે કલ્પનામાં સ્વાર્થ ભળ્યો છે એ ભ્રમણા છે. ભ્રમણા અને કલ્પના વચ્ચે ભેદ પારખવાનો આ સરળ ઉપાય છે. સ્વાર્થ રહીત કલ્પના જ સાકાર થાવ.

જ્યાં સુધી તમે તમારી વ્યર્થ માન્યતાઓમાંથી બહાર નહીં આવો ત્યાં સુધી તમે ભ્રમણાઓના મોહમાં ફસાયેલા રહેશો. સત્યની શોધ એ ભ્રામક માન્યતાઓમાંથી મુક્તિનો ઉપાય છે.

ભ્રમણામાં ના ફસાશો. ભ્રમણા ગમે તેટલું આકર્ષક સ્વરૂપ ધારણ કરી તમારી સામે આવે તોય એના મોહમાં ના પડશો. અનેક સાધકોના માર્ગ આ ભ્રમણાએ આંતર્યા છે. અનેક સિદ્ધોને આ ભ્રમણાએ પતનની ખીણમાં ફગોળ્યા છે. ભ્રમણા શુદ્ધ કલ્પનાના માર્ગમાં અવરોધ છે.

અને ભલે તમે ભ્રમણામાં અટવાયા હો- છતાં નિરાશ ન થશો. ભ્રમણાના મોહમાંથી તમે ક્ષણમાં મુક્ત થઈ શકો એમ છો. શુદ્ધ કલ્પનાના સત્યના માર્ગ પર તમે આવી શકો એમ છો. ફક્ત આટલું કરો- તમારી ભ્રમણામાંથી તમારા સ્વાર્થને તમારા અજ્ઞાનને તમારી નિષ્ક્રિયતાને દૂર કરો.

## મનુષ્ય

તમને મનુષ્ય અવતાર શા માટે મળ્યો છે? આ તમે જાણવા ઈચ્છો છો. કશુંક જાણવાની ઈચ્છા થવી એ જ મનુષ્ય અવતારની સાર્થકતા છે. મનુષ્ય અને અન્ય જીવંત પ્રાણીઓ વચ્ચે ફરક ફક્ત એટલો છે કે મનુષ્ય કશુંક ધારી શકે છે, ધારે તેમ જીવી શકે છે અને પોતાની ધારણા અનુસાર જીવનમાં પરિવર્તન લાવી શકે છે.

અને તમને શીખવવામાં આવે છે કે આ મનુષ્ય જીવન બદતર છે અને સજા છે અને શરીર પિંજરું છે અને આત્મા મુક્ત થવા ઈચ્છે છે અને હાડમાંસ-વગેરે વગેરે વાતો. તમને તમારી જ જાત પ્રત્યે ધિક્કાર ઉત્પન્ન થાય એવું તમને ખૂબ કહેવામાં આવ્યું છે. મનુષ્યે જ મનુષ્યની વધુમાં વધુ અવહેલના કરી છે.

Aksharnaad.com

**પુ**રુષાર્થની તક ફક્ત મનુષ્યને છે. બાકી બધાં જ પ્રારબ્ધ પર જીવે છે. પ્રારબ્ધ પર જીવનારાં પશુ છે અને પુરુષાર્થના આધારે જીવનારા મનુષ્ય. મનુષ્યમાં પ્રકૃતિ એના પૂર્ણ સ્વરૂપે પ્રગટ થઇ છે. મનુષ્ય જ પ્રકૃતિનું શ્રેષ્ઠ સ્વરૂપ છે.

**અ**ને યાદ રાખો આ મનુષ્ય અવતાર એ શ્રેષ્ઠ અવતાર છે જો તમે અવતારોમાં માનતા હો અને જો તમે ઉત્ક્રાંતિમાં માનતા હો તો તમે ઉત્ક્રાંતિની ટોચ પર છો. તમને મનુષ્ય દેહ સાંપડ્યો છે એની કદર કરો, એનું ગૌરવ કરો અને ધન્યતા અનુભવો.

**ત**મને કંઇ તમારા કોઇ જન્મના હિસાબ કિતાબ અને કર્મના ફળ ચુકવવા-સરભર કરવા આ મનુષ્ય જન્મ મળ્યો નથી. દરેક બાળક આ વિશ્વમાં કોરી માટી અને કોરી કિતાબ લઇ જન્મે છે. પ્રપંચીઓ એ બાળકને ભ્રષ્ટ કરે છે અને તેની કોરી કિતાબમાં મનફાવે તેવા અક્ષરો પાડે છે.

**મ**નુષ્ય જ્યારે બીજા પર પોતાના વિચારો લાદે છે ત્યારે ઘોર અપરાધ કરે છે. એને પ્રકૃતિએ સારા અને નરસાં વિચારોને સમજવાની, સારા અને નરસાં વિચારોને અનુસરવાની શક્તિ આપી છે. આ ઉપરાંત મનુષ્ય જ એક એવું પ્રાણી છે જે સ્વતંત્ર રીતે વિચારે પણ છે.

**ત**મારી સ્વતંત્ર રીતે વિચારવાની શક્તિનો તમે શ્રેષ્ઠ ઉપયોગ કરો તો તમે મનુષ્ય હોવાની સાર્થકતાને સમજી શકો. અને જ્યારે તમે વિચારવાની શક્તિને ગિરવે મૂકો છો ત્યારે મનુષ્ય હોવું તમને દુ:ખદાયી લાગે છે. આ શ્રેષ્ઠતા અને કનિષ્ઠતાને પામવાની બન્ને શક્યતા મનુષ્યમાં છે જે અન્યમાં નથી.

**એ**ક ફક્ત મનુષ્ય જ ઇશ્વરની વધુ નજીક છે કારણ કે એ ઇશ્વર વિશે વિચારી શકે છે. એ ઇશ્વરની કલ્પના કરી શકે છે અને ઇશ્વરત્વ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરી શકે છે. મનુષ્ય જ પ્રેમને અનુભવી શકે છે અને આપી પણ શકે છે સાથે જ એ પ્રેમને વાસનાના ઝેરથી ભ્રષ્ટ પણ કરી શકે છે.

**અ**ને મનુષ્ય શ્રેષ્ઠ છે કારણ કે એ કોરો કેન્વાસ છે. મનુષ્ય શ્રેષ્ઠ છે કારણ કે મનુષ્યમાં ભાવિની બધી જ શક્યતાઓને સાકાર કરવાની ક્ષમતા છે અને એટલે જ મને મનુષ્ય ગમે છે.

**મા**નવતા પ્રત્યેની તમારી ઘોર નિરાશાને ખંખેરી નાખો. મનુષ્ય માનવતાને પ્રાપ્ત કરવા જ સર્જાયો છે. તેને પ્રાપ્ત કરવાની બધી જ શક્તિ આ મનુષ્ય દેહના કારણે પ્રાપ્ત થાય છે. માનવતા પ્રાપ્ત થવી જ જોઇએ. એ મનુષ્યનું એક માત્ર કર્તવ્ય છે.

**અ**ને હું તમને કહું છું કે મનુષ્ય દેહ કરતાં પણ તેમાં રહેલા જીવન અને મનનું અતિ વધુ મહત્ત્વ છે. જીવન તો અન્યત્ર પણ છે મન અને જીવનનું સંયોજન શ્રેષ્ઠરૂપે ફક્ત મનુષ્યમાં જ છે. મનની શક્તિના કારણે જીવનને ઇશ્વરત્વ પ્રાપ્ત થઇ શકે અને આ માટે એક માત્ર મનુષ્ય જ રથ બની શકે.

Aksharnaad.com

## મનશક્તિ

**શા**રીરિક શક્તિ, બૌદ્ધિક શક્તિ અને માનસિક શક્તિ અથવા મનશક્તિ. આ ત્રણ પ્રકારની શક્તિઓથી જ આ વિશ્વમાં તમે તમારી ઇચ્છિત પ્રાપ્તિ કરી શકો છો. શારીરિક શક્તિને મર્યાદા છે. બૌદ્ધિક શક્તિ શારીરિક શક્તિ કરતાં થોડી ચડિયાતી છે. આમ છતાં એને પણ મર્યાદા છે. માનસિક શક્તિને મર્યાદા નથી. એ અમર્યાદ છે. તમે કલ્પના કરી શકો એ કરતાં એ થોડી વધારે છે.


**મ**નની શક્તિનો પરિચય મનુષ્યને હજારો વર્ષથી છે. આમ છતાં એને મનની પૂરેપૂરી શક્તિનો ફક્ત એકાદ અંશ જ જાણમાં છે એમ કહી શકાય. વાસ્તવમાં તો એ મનની શક્તિથી આજ સુધી ડરતો આવ્યો છે. આકાશમાં વીજળી ઝબુકતી અને એ ડરતો. જ્યારે એને વીજળી વિશે જ્ઞાન થયું ત્યારે એણે અદ્‌ભુત પ્રગતિ કરી. એ જ રીતે મનની શક્તિના પરિચયથી તો કશું જ અસાધ્ય ન રહે.

**આ**જ સુધી તમે સાંભળતા આવ્યા છો, મનનું દમન કરો, મનની શક્તિને કુંઠિત કરો, મનને શાંત કરો, મનને મારો. અજ્ઞાનવશ આમ તમને કહેવામાં આવ્યું છે અથવા તો તમારી અલૌકિક શક્તિને હણવાનો આ પ્રપંચ છે. જગતની દરેક શક્તિની જેમ મન તમને મારી પણ શકે અને તારી પણ શકે. ચપ્પુ તમારો હાથ કાપી શકે, તમે એનાથી હત્યા કરી શકો, એમ એ જ ચપ્પુ વડે સર્જનાત્મક કામ પણ થઇ શકે. વીજળીથી મોત થઇ શકે, પણ એટલે કંઇ આપણે વીજળીનો ઉપયોગ આપણી પ્રગતિ અર્થે કરવાનું છોડી ન દઇ શકીએ.

**આ**વો, મનની શક્તિની આરાધના કરીએ. એક વાત યાદ રાખો: મનની શક્તિનો જો આપ દુરુપયોગ કરવા ચાહશો તો કરી શકશો, પણ એથી તમારો જ નાશ થશે. અને જો તમે મનની શક્તિનો સદુપયોગ કરવા ચાહશો તો તમે સ્નેહ બની બ્રહ્માંડમાં વિસ્તરી શકશો. તમારી માનસિક શક્તિથી તમે અન્યનું કલ્યાણ કરવાનો દંભ ક્યારેય ન કરશો. દંભી જેવા અધાર્મિક આ જગતમાં કોઇ નથી. મનની શક્તિ અધાર્મિકોનો નાશ કરે છે. તમે જ તમારી માનસિક શક્તિનો ઉપયોગ કરો.

**ગ**તિ એ શક્તિનો માપદંડ છે. ભૌતિક પદાર્થોમાં પ્રકાશ સહુથી વધુ ગતિશીલ છે અને મન તો પ્રકાશ કરતાં પણ અનેકગણું ગતિશીલ છે. તમે કલ્પના કરી શકતા હો તો એ તમારા મનની ઓળખ છે. અને સાત્ત્વિક કલ્પના દ્વારા જ તમે મનની શક્તિની આરાધના કરી શકો. આ વિશ્વમાં કલ્પના સિવાય કોઇ સર્જન શક્ય નથી. અને તમે સર્જક બનો એથી શ્રેષ્ઠ શું છે?

**નિ**ર્દંભ અને નિ:સ્વાર્થ કલ્પનાઓથી માનસિક શક્તિનો વિકાસ થાય છે. કલ્પનાયોગ દ્વારા જ સર્વશક્તિમાન સર્જક સાથે તાદાત્મ્ય સાધી શકાય છે; અને જ્યારે તમે તેની સાથે એકરૂપ બનો છો ત્યારે સર્વશક્તિમાન બનો છો. આ સહજ અને સરળ ઉપાય છે. તેને પામવાનો તમે શરીરથી, બુદ્ધિથી અને હૃદયથી પ્રયત્ન કર્યો હોય તો તમે




Aksharnaad.com

હવે તેમાં તમારા મનની શક્તિને ઉમેરો અને જુઓ!

**અ**ને તમે પૂછો છો કે આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવી આટલી સરળ છે તો આજ સુધીના ઇતિહાસમાં ફક્ત થોડાઓને જ એ શા માટે પ્રાપ્ત થઇ છે? અને હું કહીશ કે એ જે થોડાઓને પ્રાપ્ત થઇ એ પણ પ્રકૃતિનો ચમત્કાર હતો, કારણ કે તેમાંના કોઇએ સમજીને મનશક્તિનો ઉપયોગ કર્યો નથી. એમના જીવનમાં વીજળી ઝબકી અને પ્રકાશ ફેલાયો છે. માનસિક જાગૃતિ દ્વારા તમે સતત પ્રકાશના સંપર્કમાં રહી શકો. મનની ચંચળતા પ્રત્યે દુર્લક્ષ ના કરશો. સંયમનો માર્ગ જરાક ચૂક્યા કે ખીણમાં ગબડશો. સંયમ એ વીજળીના તાર પરનું અવરોધક આવરણ છે. મનની શક્તિ તમને આધ્યાત્મિકતા તરફ ઊંચે લઇ જાય તો ગર્વ ના કરશો, તમારી ઊંચાઇના મોહમાં ના પડશો, તમારી પ્રાપ્તિનો અહમ્ ના કરશો. તમારામાં મનની શક્તિ જાગ્રત થઇ હોય તો અન્યની એ જ શક્તિઓને જગાડવાનો સહજ પ્રયત્ન કરશો.

**અ**શુભ વૃત્તિના લોકો પોતાને શક્તિ પ્રાપ્ત થાય ત્યારે અન્યની શક્તિઓ હણવાનો પ્રયાસ કરે છે. બની શકે તો સાથીઓ- સહયાત્રીઓ બનાવો, અનુયાયીઓ કદી ના બનાવશો. અનુયાયી બનાવવાની પ્રવૃત્તિ શાસિત અને શાસક જેવા વર્ગભેદ ઊભા કરે છે.

**અ**ને સારી વાત તો એ છે કે તમને કોઇ તમારી માનસિક શક્તિ પ્રાપ્ત કરતાં રોકી શકે એમ નથી. મન તો આખરે તમારું મન છે. એ પર કોઇનો અધિકાર હોઇ ન શકે, કોઇ અધિકાર જમાવી ન શકે. અને કદાચ અજ્ઞાનવશ આમ બન્યું હોય તો તમારા મન પરથી એમની માન્યતાઓના રાફડા તોડી નાખો અને તમારા મન પર તમારી કલ્પનાઓ, તમારા નિશ્ચયનો ઝંડો લહેરાવા દો. અને મનની શક્તિ પ્રાપ્ત કરવી જ હોય તો મનના અતાગ સાગરમાં ખાબકો.

## નિ:સ્વાર્થ પ્રેમ

**'ત**મે આ વિશ્વમાં સહુને નિ:સ્વાર્થ પ્રેમ કરો.' અને આ વાક્ય, આ આદેશ, આ આગ્રહ તમને બીજા ઉપદેશો જેવો જ અઘરો લાગશે. અને એનું કારણ છે તમે બીજા ઉપદેશોથી હજી છૂટ્યા નથી. નિતી-નિયમોએ તમને આ જગતની ધરતી સાથે જકડી રાખ્યા છે. તમારો જન્મ, તમારું મૃત્યુ બધું જ જાણે આ માટી સાથે જકડાયું છે!

Aksharnaad.com

**છો**ડો, બધાં જ નિતી-નિયમોને તોડો અને ફક્ત સંયમનો સહુને નિ:સ્વાર્થ પ્રેમ કરવાનો નિયમ પકડો. આ જ ક્ષણથી અને જુઓ તમારામાં કેવું પરિવર્તન આવે છે! તમે સુગંધ બનશો , તમે પ્રકાશવા લાગશો, તમે પ્રેમ બની જશો અને આ જગત પણ તમને ચાહવા લાગશે.

**પ**ણ તમને આ જગત ચાહે કે ન ચાહે- એની ફિકરમાં ન પડશો. તમે આ જગતને, આ જગતની બધી જ ચીજ વસ્તુને, આ જગતના પ્રાણી માત્રને, આ જગતના મનુષ્યને સ્નેહ કરો. નિ:સ્વાર્થ પ્રેમ કરો.

**હું** આ જગતના બધાં જ સંત-પુરુષોને મળ્યો છું. જેમને મળ્યો નથી એમના લખાણો વાંચ્યા છે. ભાષણો સાંભળ્યા છે, પુસ્તકો વાંચ્યા છે, હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ, બૌદ્ધ, જૈન અને ઝેન ધર્મગ્રંથો પણ વાંચ્યા છે. બધાં જ કહે છે: પ્રેમ કરો, પ્રેમ ઇશ્વર છે પણ આમ છતાંય તેઓ માનવી પર નીતિ નિયમો લાદે છે. લાદયા જ કરે છે અને દરેક ધર્મને અનુસરનારાઓ 'પ્રેમ'થી દૂર અને દૂર ભાગે છે. એમને કદાચ ભગાડવામાં આવે છે.

**ત**મે માતાને, પિતાને, ભાઇને, બહેનને, પત્નીને, પુત્રને, પુત્રીને, પ્રેમ કરો છો, પણ ત્યાં સહેજ સ્વાર્થની છાંટ તમને દેખાય છે? આ સ્વાર્થને નિ:સ્વાર્થ બનાવો અને જુઓ તમારો પ્રેમ કેવો નિ:સ્વાર્થ બને છે.

**ત**મે કહો છો કે હું જગતમાં બધાને પ્રેમ કરું અને મને કોઇ પ્રેમ ન કરે તો? આ તેર મણના 'તો'ને તોડી ફોડી નાંખો. નિ:સ્વાર્થ પ્રેમ એટલે તમે પ્રેમ પણ પાછો મેળવવાની આશા છોડો.

**હું** જ્યારે નિ:સ્વાર્થ પ્રેમની વાત કરું છું ત્યારે તમે આકાશ સામે જુઓ છો અથવા ધરતી સામે. કારણ કે મારી વાત તમને અઘરી લાગે છે. તમને ગુરુને પગે લાગવું, મંદિરમાં જઇ પ્રાર્થના બોલી આવવી, ખુદા પાસે કંઇક માંગવું, ગરીબોને કંઇક આપવું, કોઇ જુએ એમ કોઇકની ભલાઇ કરવી, દયા બતાવવી- આ બધું કરવું ખૂબ ગમે છે પણ યાદ રાખજો- જો આમાં જરાપણ તમારો સ્વાર્થ હશે- કોઇ તમને ભલા કહે એટલો પણ-તો તમારું પતન નિશ્ચિત છે.

**અ**ને પ્રેમ સિવાય તમે પામવા શું ઇચ્છો છો? ધન-દોલત-સત્તા? તમારી બુદ્ધિ પ્રતિભાને શરમાવશો નહીં. હંમેશાં કુદરત પાસે તેના સર્વશ્રેષ્ઠ તત્વને જ માંગો.

**આ**વો આપણે નિ:સ્વાર્થ પ્રેમ કરીએ. જરા પણ સ્વાર્થ વગરનો પ્રેમ, અને જુઓ તમે કેવા એક ફૂલની જેમ સુગંધાવા લાગો છો અને સૂર્યની જેમ ચમકવા લાગો છો. મારી વાત માનજો- આ વાત મેં ફૂલ પાસેથી અને સૂર્ય પાસેથી શીખી છે અને એ આજે ફક્ત મિત્ર ભાવે તમને કહું છું. ફક્ત નિ:સ્વાર્થ પ્રેમ કરો, ફક્ત નિ:સ્વાર્થ પ્રેમ કરો, ફક્ત નિ:સ્વાર્થ પ્રેમ કરો.

Aksharnaad.com



## ગુરુ

**શા**ક્તો અશક્તોનું શોષણ કરે છે, ધનિકો નિર્ધનોનું શોષણ કરે છે, તેવી જ રીતે જ્ઞાનીઓ અજ્ઞાનીઓનું શોષણ કરે છે અને ગુરુઓ અનુયાયીઓનું શોષણ કરે છે. મારી વાત સાંભળી તમે ચોંક્યા હશો, કારણ કે આટલું કડવું સત્ય સાંભળવા તમે ટેવાયા નથી અને આ વાસ્તવિકતા છે. સત્ય નથી. કારણ કે આમ ન હોવું જોઇએ અને છતાં તેમ બને છે, કારણ કે તમને શીખવવામાં આવે છે કે તમે અનુસરવા અને અનુયાયી બનવા સર્જાયા છો. ગુરુના શરણે જા-આ વાક્ય જેટલું જૂઠું વાક્ય આ સંસારમાં બીજું કોઇ હોઇ શકે?

**આ**ધ્યાત્મમાં કોઇ ઊંચનીચ નથી, કોઇ આગળ પાછળ નથી. ભૌતિક શોષણ સાથે મારે-આપણને નિસ્બત નથી. આપણે આધ્યાત્મિકતાની વાત કરીએ છીએ, અને ત્યાં આપણે નેતા અને તેની પાછળ જનારા જેવા ભેદ ન પાડી શકીએ. અહીં ગુરુ-ચેલાનો સવાલ જ નથી. જ્યારે ગુરુ-ચેલાનો ભેદ મટે છે ત્યારે જ સાચું આધ્યાત્મ શરૂ થાય છે. ગુરુઓ ચેલાઓને ફક્ત અ-આધ્યાત્મની વાત કરી શકે.

**અ**ને એવા ગુરુ ના શોધશો, જે તમને સદાય ચેલા રાખવા જ ઇચ્છે. જે તમને સવાઇ ગુરુ બનાવી શકે એ જ ગુરુ સાચો. ચેલાઓની સંખ્યાથી પોતાની મહત્તા સિદ્ધ કરનારા ગુરુ નથી હોતા શિષ્યોની સિદ્ધિ પર આનંદિત થઇ શકે એ ગુરુ સાચો. સાચો ગુરુ શિષ્યનું માર્ગદર્શન કરે, એ એને માર્ગ પર પોતાની પાછળ ઢસડે નહીં જ. આધ્યાત્મની દુકાનો ખોલી બેઠેલા ગુરુઓથી ચેતજો. આધ્યાત્મ વેચી નથી શકાતું. આપી નથી શકાતું-ઝૂંટવી નથી શકાતું- એ ફક્ત મેળવવું પડે છે.



**અ**ને ફક્ત ગુરુકૃપાથી જ આધ્યાત્મ-પરમેશ્વર મળે એમ કહેનારાથી ખાસ ચેતજો. મારા અને મારા આધ્યાત્મ વચ્ચે, મારા અને મારા પરમેશ્વર વચ્ચે મારે કોઇ દલાલોની જરૂર નથી. હું જેમ સ્વયં શ્વાસમાં પ્રાણવાયુ ભરી લઉં છું તેમ જ તેવી જ રીતે એના પ્રેમને મારામાં ભરવા ચાહું છું અને એને મારો પ્રેમ આપવા માગું છું. સૂર્યના પ્રકાશને રાત્રે ચંદ્રમાં જોવાની ક્ષમતા મારામાં છે અને ફૂલોની સુગંધમાં અને તારાઓના પ્રકાશમાં હું તેને જોઇ શકું છું.

**જો** તમે ગુરુ બનાવવા જ ચાહો તો કોઇ ફૂલને, આકાશમાં ટમટમતા કોઇ તારાને કે ચસચસ ધાવતા કોઇ નવજાત શિશુને બનાવો, કારણ કે તેઓ જ ઇશ્વરીય સુગંધ, પ્રકાશ અને પ્રેમની ભાષા બોલે છે. એ ભાષા સમજશો તો તમે ગુરુ બની શકશો. અને ગુરુ બનો ત્યારે અન્યોને તમારા સાથી ગુરુ બનાવજો- અનુયાયી ના બનાવશો.

**ઓ** અનુયાયીઓ, તમારી મૂઢતાથી મને શરમ આવે છે. મનુષ્ય મનુષ્યને કેવી રીતે અનુસરી શકે? જે શક્યતા તમારા નેતાઓમાં-ગુરુઓમાં છે તે બધી જ શક્યતા તમારામાં છે, પણ તેઓએ તમારી શક્તિઓને હણી નાખી છે. તમારા આત્માને એમણે કચડી નાખ્યો છે. ત્યાં ઉપર બેઠેલા ઇશ્વરની વાતો કરીને એમણે તમારામાંના ઇશ્વરને ભુલાવી દીધો છે. અને તેઓ એવી ભાષા બોલે છે જે તમે સમજી શકતા નથી, કારણ કે તમારી બુદ્ધિને પણ તેઓ જ ગેરમાર્ગે દોરે છે. ફરીને કહીશ, ઇશ્વર તમને પણ તેટલો જ ઉપલબ્ધ છે.

**આ** જગતમાં સહુથી પહેલો ગુરુ જાગ્રત અંતરાત્મા હતો. એ આજે પણ છે. નિરાશ ન થાઓ, એ કંઇ સદા માટે ઊંઘતો ન રહી શકે. અજ્ઞાનના કારણે એ મૂર્છિત-નિદ્રાધીન બન્યો છે, પણ જેમ માટી ક્યારેક તો સુગંધ બને જ છે તેમ એ પણ જાગ્રત બનશે.

Aksharnaad.com

**ત**મારા અંતરાત્માને તમારી સંવેદનાને જાગ્રત કરે એ સાચો ગુરુ અને આવા ગુરુઓ પોતાને ક્યારેય ગુરુ કહેવડાવવા રાજી થતા નથી અને તમને જાગ્રત કરવા તેઓ કંઈ બૂમો પાડતા નથી, તમને ઢંઢોળતા નથી. મૌન-નિ:શબ્દ તેઓ તેમનો પ્રેમ તમારા તરફ વહાવે છે અને એ સુગંધ, એ પ્રકાશ તમને જાગ્રત કરી શકે તો તેઓ એ માટે પોતે ગર્વ લેતા નથી. સૂર્યને તમે જોયો છે જ્યારે એ વહેલી પ્રભાતે સૂતેલાઓને જગાડે છે? સૌમ્ય અને શાંત.

**સિં**હોના ધણ હોતાં નથી. આધ્યાત્મિકતા માટે સંખ્યાના ઐશ્વર્યનો કોલાહલ કરનારા ગુરુ અને ચેલાઓ નથી, તેઓ તો અંતરાત્મા વેચનારા છે. દેહ વેચનારને માફ કરી શકાય, સંવેદન વેચનારને શું કહેશો? ટોળાંઓ ક્યારેય સ્વતંત્ર રીતે વિચારી શકતાં નથી.

**આ**વો, ગુરુ બનો-લઘુ ના બનશો. આધ્યાત્મનો માર્ગ તેઓ કહે છે એવો કંઈ અટપટો નથી. તેઓ તમને ગૂંચવવા ઇચ્છે છે એટલે ડરાવે છે. આધ્યાત્મ સરળ છે. તમે જન્મ્યા ત્યારે શ્વાસ લેતાં તમને કોઇએ શીખવ્યું હતું? માની છાતીએ વળગ્યા અને અમૃત ચૂસવા લાગ્યા ત્યારે કયો ગુરુ તમારી પાસે હતો? ઈશ્વરને શ્વાસમાં ભરો અને ઈશ્વરને ચૂસો. સાવ સરળ છે. પ્રેમ જેટલી સરળ વાત, ઈશ્વર જેટલી સરળ વાત, આધ્યાત્મ જેટલી સરળ વાત, ધર્મ જેટલી સરળ વાત, સત્ય જેટલી સરળ વાત, આ જગતમાં કોઇ નથી, અને સરળ વાતને ગૂંચવનારાને તમે ગુરુ કહો છો.

## શિષ્ય

**ત**મે મારા ગુરુ વિશેના ઉદ્દગારોના અનુસંધાનમાં શિષ્ય વિશે પણ જાણવા ઇચ્છો છો તો સાંભળો, પ્રિય મિત્ર, જે સદા જિજ્ઞાસુ છે એ શિષ્ય છે. જે શીખે છે એ શિષ્ય છે. અને આ જગત એક એવું સત્ય છે જેને પામવા માટે- શીખવા માટે તમારે સતત શિષ્ય-જિજ્ઞાસુ બની રહેવું પડે.

**જ્**યારે તમારી જિજ્ઞાસા ખતમ થાય છે ત્યારે તમે શિષ્ય મટી જાવ છો. તમારી જિજ્ઞાસા સતત પ્રજ્વલિત રહો, શિષ્ય બનજો-ચેલા ના બનશો. તમારા ગુરુ તરફથી પણ તમને જે મળે એને તમે ચકાશો, સતત જિજ્ઞાસા દ્વારા. ફક્ત અનુસરનારા ચેલા ના બનશો. તમો બનો તો માર્ગદર્શક શિષ્ય બનો, માર્ગદર્શક ગુરુના.

**ન**વું અને નવું શીખવા માટે તમને આંખો, કાન, જીભ, હાથ અને પગ અને સમગ્ર શરીરની ભેટ મળી છે. જ્યાં સુધી આ શરીર છે ત્યાં સુધી તમારું શિષ્યત્વ અમર રહો. અને તમે જે કંઇ શીખો, અનુભવો તે તમે બીજાને પણ શીખવો. શીખવવાનો અર્થ બળજબરીથી શીખવો તેવો હરગીઝ ના કરશો. શીખો એટલે તમારું જ્ઞાન આપોઆપ

Aksharnaad.com

પ્રકાશવા દો. એને મહોરવા દો. એનો પમરાટ ફેલાવા દો અને અન્યમાં તમારા જ્ઞાન પ્રત્યે આકર્ષણ પ્રગટાવો.

**આ** ખાસ સાંભળજે. મારે મન ગુરુ અને શિષ્યમાં કોઇ ભેદ નથી. ગુરુ કંઇક વધુ શીખેલો શિષ્ય છે અને શિષ્ય કંઇક ઓછું શીખેલો ગુરુ છે. જ્ઞાનની સીડી પર બન્ને ઊભા છે, ફક્ત ભેદ એકાદ પગથિયાનો છે. મહત્ત્વ છે જ્ઞાનની સીડી પર આગળ વધવાનું. તમે ગુરુ હો કે શિષ્ય તેથી કોઇ ફરક પડતો નથી.

**જ્ઞા**ન વહેતા ઝરણા જેવું છે. એ સતત વહેવું જોઇએ. પ્રાપ્ત થયેલું આપવાનું અને નવું પ્રાપ્ત કરવાનું. જે નવું જ્ઞાન પ્રાપ્ત કરતો નથી એ ગુરુ-ગુરુ રહેતો નથી, એ શિષ્ય-શિષ્ય રહેતો નથી. મેળવો, મેળવ્યા કરો અને આપ્યા કરો.

**હ**વે આ જગતમાં કશું જ મારે શીખવા-મેળવવા જેવું નથી એમ કહેનાર ગુરુ, ધૂર્ત છે, અને આ જગતમાં મારી પાસે આપવા જેવું કશું જ નથી એમ કહેનાર શિષ્ય મૂર્ખ છે.

**જ્ઞા**નપિપાસુઓમાં તમે ગુરુ અને શિષ્ય એવા ભેદ શા માટે પાડવા ઇચ્છો છો? કોઇએ પોતાની તરસ થોડી વધુ છીપાવી છે, કોઇએ થોડી ઓછી-એથી શો ફરક પડે છે? અને હજી આ જગતમાં તરસ્યા પણ છે.

**અ**ફસોસ એ છે કે આજે ગુરુ અને શિષ્યનો અર્થ શોષક અને શોષિત જેવો થઇ રહ્યો છે. આ માટે ગુરુનો સ્વાર્થ અને શિષ્યની મૂર્ખતા દોષિત છે. મેળવવું, તેમાં કશુંક ઉમેરવું, મળેલાને અનુભવ દ્વારા શુદ્ધ કરવું અને તે પછી જિજ્ઞાસુને એ આપવું તે ગુરુનું કર્તવ્ય છે. આ જ કર્તવ્ય શિષ્યે પણ બજાવવાનું છે. આજનો ગુરુ ગઇ કાલનો શિષ્ય અને આજનો શિષ્ય એ આવતી કાલનો ગુરુ છે. લફંગા અને સ્વાર્થી ગુરુથી ચેતવા મેં તમને કહ્યું છે અને આજે કહું છું કે લફંગા અને સ્વાર્થી શિષ્ય પણ તમે ના બનશો. શુદ્ધ જ્ઞાન પ્રાપ્તિની જિજ્ઞાસા સિવાય તમારામાં કોઇ જ સ્વાર્થ ન રહો.


**અ**ને શિષ્ય યાદ રાખ, તું ગુરુ પાસેથી જે ચાહે છે તે જ પામે છે. ન તો ગુરુ આપનારો છે, એ તને શું આપી શકે? તું જે મેળવે છે એ તો તારી ઇચ્છાઓનું પરિણામ છે.

**ભૌ**તિક તૃષ્ણાઓ લઇને ગુરુ પાસે જનારો એ જ માગે છે. ગૂંચ અને હતાશા લઇને જનારો શિષ્ય ગુરુ પાસે એ જ પામે છે. નિર્મળ હૃદયથી, ફક્ત જીવનના ઉત્કર્ષ માટે, આધ્યાત્મિક પ્રાપ્તિ માટે જ તમારું શિષ્યત્વ હો, એવું હું ઇચ્છીશ.

**અ**ને વ્યર્થ ચર્ચાઓ કરી તમારા અધૂરા જ્ઞાનનો પરિચય તમારા ગુરુને ન આપશો. વ્યર્થ જ્ઞાનનો ત્યાગ અને સાર્થ જ્ઞાનની પ્રાપ્તિ એ સાચું શિષ્યત્વ છે. કોરી કિતાબ જેવા તમારા ગુરુ પાસે જાવ અને કાવ્યત્વની પ્રાપ્તિ કરો, બીજની જેવા નિર્દોષ ગુરુ પાસે જાવ અને સૌંદર્ય અને સુગંધ પ્રાપ્ત કરો.

**ખ**રેખર કશુંક જાણવાની જિજ્ઞાસા જાગૃત થવી એ જીવનની શ્રેષ્ઠ ક્ષણ છે. અમે બધું જ જાણીએ છીએ. એમ માનનારાઓ અને જાણવાની જિજ્ઞાસાથી રહિત પશુઓ છે. તમે શિષ્ય બનો. આવતી કાલે કદાચ ગુરુ બનો તો પણ શિષ્યત્વ છોડશો નહીં.

Aksharnaad.com



## આત્મશ્રદ્ધા

જીવવા માટે શ્રદ્ધાની આવશ્યકતા છે. અશ્રદ્ધા, અંધશ્રદ્ધા, શ્રદ્ધા કે આત્મશ્રદ્ધા વગરનો મનુષ્ય તમને આ જગતમાં મળવાનો નથી. તમારું મન એ જીવવા માટેની અનિવાર્ય શક્તિ છે અને શ્રદ્ધા-કોઇ પણ પ્રકારની શ્રદ્ધા-મનનો ખોરાક છે. મન શ્રદ્ધા આરોગ્યા વગર કામ ન કરી શકે. અશ્રદ્ધા સૌથી કનિષ્ઠ છે. એ પછી અંધશ્રદ્ધા, શ્રદ્ધા અને અંતે સર્વશ્રેષ્ઠ આત્મશ્રદ્ધા. આ ક્રમ છે.

શરીરને જીવંત રાખવા તમારે એને કશોક ખોરાક તો આપવો જ પડે છે. સત્વહીન ખરાબ ખોરાક ખાવાથી શરીરની શક્તિઓનો નાશ થાય છે, એવી જ રીતે અશ્રદ્ધાળુ મનુષ્ય એના મનની શક્તિઓનો નાશ કરે છે. તમે પૂછશો, શ્રદ્ધા કે અશ્રદ્ધા કોના પર? ઇશ્વરના વાદવિવાદમાં પડવા ન ઇચ્છતા હો તો હું તમને એટલું  જ કહીશ: જીવન શ્રેષ્ઠતા પામવા માટે છે- એ પર શ્રદ્ધા રાખો.

કરોડો મનુષ્યને, જીવન શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે છે એ પર વિશ્વાસ નથી. અને જુઓ, તેઓ કેવું સામાન્ય જીવન જીવે છે. મોટા ભાગના લોકોને ‘શ્રેષ્ઠતા’ વિશે પણ ભ્રમણા છે. તેઓ પણ પોતાનું જીવન વ્યર્થ ગુમાવે છે. તેઓ ભૌતિક શ્રેષ્ઠતા માટે જીવનનો ભોગ આપે છે. શ્રેષ્ઠતા એક જ છે- અને તે ભાવનાત્મક પરિવર્તન-પ્રેમની શ્રેષ્ઠતા. આ પામવા માટે તમારે મનને આત્મશ્રદ્ધાનો ખોરાક આપવો પડે.



Aksharnaad.com

આત્મશ્રદ્ધા શ્રેષ્ઠ છે. આત્મશ્રદ્ધા જ મનનો પૌષ્ટિક ખોરાક છે. જીવનને યથાર્થ રીતે સમજવાથી જ આત્મશ્રદ્ધા પ્રાપ્ત થાય છે. જીવનને નિર્દંભ અને નિ:સ્વાર્થ રીતે જોવાની દ્રષ્ટિ કેળવવાથી મન પર જામેલો માન્યતા અને મંતવ્યોનો કચરો નાશ પામે છે. જેમ બીમાર મનુષ્ય ધીરે ધીરે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરે છે અને એ પછી એની અભિરુચિ સ્વાસ્થ્ય પ્રત્યે જાગ્રત થાય છે. એવી જ રીતે મનને એકવાર આત્મશ્રદ્ધાના અલૌકિક સ્પર્શની ચિનગારી મળતાં જ એ સ્વસ્થ બનવા લાગે છે.

તમારું મન સતત ભૂખ્યું છે. એને કશુંક ખાવા જોઇએ જ છે. અને એટલે જ એની શક્તિ હણી નાખવા ઇચ્છનારા તમને જાતજાતના ખોટા અને હલકા અશ્રદ્ધા, અંધશ્રદ્ધા અને શ્રદ્ધાના ખોરાક પીરસ્યા કરે છે: રૂઢિગત સંકુચિત માન્યતાઓ. યાદ રાખો, જ્યાં માણસ  માણસ વચ્ચે ભેદ ઊભા કરવાની વાત હોય ત્યાં અંધશ્રદ્ધા છે. અને તમને એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે તમે એને સ્વાભાવિક રીતે સ્વીકારી લ્યો છો.

લેફ્ટ-રાઇટ અને તમારાં કદમો કૂચ કરવા લાગે છે. ચમત્કારિક વાતો અને તમારું મસ્તક ઝૂકી પડે છે. ‘ફાયર’ અને તમે કોઇની હત્યા કરી નાખો છો. અને તમારા કહેવાતા સામાજિક, રાજકીય અને આર્થિક કાયદાઓને અનુસરી તમે જ્યારે કોઇનું લોહી ચૂસો છો ત્યારે તમને સહેજ અરેરાટી પણ થતી નથી. જીવન પ્રત્યે તમે ઉદાસ બની જાવ છો અને લૂંટાઇ ગયાનો અહેસાસ પણ તમને થતો નથી. આ બધાનું એક જ કારણ છે: આત્મજાગૃતિનો અભાવ. આત્મશ્રદ્ધા એ જ આત્મજાગૃતિ છે.

જાગો અને ઊભા થઇ જાવ, તમારા પગ પર. પોતાના પગ પર ઊભેલા જ આત્મજાગૃતિનો સ્વાદ માણી શકે છે. અને જેની આત્મજાગૃતિ થઇ છે એ સર્વ મનુષ્યની

આત્મજાગૃતિને સ્વીકારે છે, કારણ કે એ જીવનથી સભાન બન્યો છે અને જીવનથી એ પ્રેમ કરે છે. અને આત્મજાગૃતિ-આત્મશ્રદ્ધા એટલે હું કહીશ કે તમારી સંવેદનાનું જાગરણ. સંવેદનાશીલતા એ જ તો આધ્યાત્મિકતા છે. જુઓ, અત્યાર સુધી તમારી સાથે શું કરવામાં આવ્યું છે. તમારી સંવેદનાને ખતમ કરવામાં આવી છે.

**આ**ત્મશ્રદ્ધા વગરનો મનુષ્ય આધ્યાત્મિકતા પ્રાપ્ત કરી શકાતો નથી. જેને ભૂખ ન લાગી હોય એ તૃપ્તિ કેવી રીતે પામી શકે? કોઇની હોડીમાં બેસીને પણ તમે ક્યાંક પહોંચો ખરા, પણ તમને જો તરતાં ન આવડતું હોય તો ડૂબવાનો અને ભટકી જવાનો ભય રહે છે. કોઇના ખભા પર સવાર થનારા મંઝિલ પર પહોંચે તો પહોંચે પણ પોતાના પગથી કદમ કદમ આગળ વધનારાનાં દરેક કદમ એક મંઝિલ બની જાય છે.

**ઈ**શ્વર સર્જક છે. સર્જકતા કલ્પનાશક્તિ સિવાય પ્રાપ્ત નથી થતી. કલ્પનાશક્તિ માટે શક્તિશાળી મનની આવશ્યકતા છે, અને સબળ મન માટે આત્મશ્રદ્ધાની.આત્મશ્રદ્ધા, અશ્રદ્ધા, અંધશ્રદ્ધા અને શ્રદ્ધાને તોડવાથી પ્રાપ્ત થાય છે. અશ્રદ્ધા, અંધશ્રદ્ધા અને શ્રદ્ધા પ્રપંચી માન્યતાઓ સિવાય કશું નથી. આવશ્યકતા છે આ પ્રપંચી માન્યતાઓનો મોહ છોડવાની.

**અ**ને તમે સત્ય માટે જિજ્ઞાસા જાગ્રત કરો. પ્રપંચી માન્યતાઓ આપોઆપ ખરવા લાગશે. અને તમે શું સુગંધ વગરના ફૂલ બનીને જીવવા ઇચ્છો છો? અને તમે શું પ્રકાશ વગરના દીપક બનીને જિંદગી વેડફી નાખવા ચાહો છો? અરેરે, પ્રેમ બન્યા વગર શું આ તમારું જીવન આમ જ તમે ખરચી નાખશો?

**આ**ત્મશ્રદ્ધા અને અન્ય શ્રદ્ધામાં સૂર્ય અને ચંદ્ર જેટલો તફાવત છે. સૂર્ય આત્મશ્રદ્ધા-સ્વયંપ્રકાશ છે. ચંદ્ર પરાવલંબી છે. એ માટે તો એને વધઘટ સહન કરવી પડે છે. અને એટલે જ કહું છું, સૂર્ય બનો. અને એ માટે સ્વયં સળગવું પડે છે. ફક્ત એકાદ ચિનગારી શોધી કાઢો. આટલું તો તમે અવશ્ય કરી શકશો.

## તમે

**અ**ને તમે કહો છો કે હું તમારા વિશે કંઇ કહું. પ્રિય મિત્ર અત્યાર સુધી હું તમારા જ વિશે કહેતો હતો અને હું મારા વિશે વધુ અને વધુ જાગ્રત થતો હતો. બહાનું તમારું હતું અને હું મારી સાથે જ વાતો કરતો હતો. માફ કરજો હું તમારા વિશે કશું જ જાણતો નથી તો હું તમારા વિશે શું કહી શકું? અલબત્ત હું મારા વિશે કહીશ અને શક્ય છે કે તમને એ તમારા વિશે જ હોય એમ લાગે!

Aksharnaad.com

**ત**મારા ચહેરામાં હું મારો ચહેરો જોતો રહ્યો અને મારા કૂરૂપ ચહેરાને સૂરૂપ ઘાટ આપતો રહ્યો. તમારા સમગ્ર શરીરમાં મારું પ્રતિબિંબ હતું અને તમારામાં ઝાંકીને હું મારું જ દેહ-વિચ્છેદન કરી રહ્યો હતો. મિત્ર, આ 'તમે' અને 'હું'ને એક કરવાના મારા પ્રયાસો જ આખરે તો પ્રજ્વલિત સમિધા છે ને?

**ત**મે એક સમિધ છો અને હું પણ એક સમિધ છું જીવનમાં શ્રેષ્ઠત્વ પામવાના એક મહાયજ્ઞના આપણે બન્ને અતિમહત્વના અંગ છીએ. અને મેં મારા અંગે અંગ છેદીને આ મહાયજ્ઞમાં સમર્પણ કર્યા છે. શક્ય છે એ તમારા અંગ હોય!

**અ**ને કેવું આશ્ચર્ય છે? તમને સમજયા વગર હું મને સમજી શકું એમ નથી અને તમે મને જયાં સુધી સમજશો નહીં ત્યાં સુધી તમે તમારી જાતને ઓળખી શકવાના નથી. અને પોતાની જાતને જ ઓળખવી એ તો કેટલી મુશ્કેલ-મુશ્કેલ અતિમુશ્કેલ વાત છે.!

**એ**ક વ્યકિતત્વ જ્યારે અન્ય વ્યકિતમાં ભળે છે ત્યારે ચમત્કાર થાય છે. કોઇક આને ધર્મ કહે છે, હું આને ઇશ્વરની પ્રાપ્તિ કહું છું. તમારું અને મારું મિલન ઇશ્વરત્વની પ્રાપ્તિ માટે થયું છે. આ વિશ્વમાં મિલનો એ ચમત્કાર છે - અકસ્માત છે - આધ્યાત્મિકતા છે અને અંતિમ સત્ય છે.

**અ**ને પ્રિય તમારું અને મારું મિલન અલૌકિક છે. એ નથી શારીરિક નથી માનસિક, નથી બૌધ્ધિક. તમારી અને મારી વચ્ચે ફક્ત પ્રેમ અને પ્રેમ સિવાય કશુંજ નથી. તમે પ્રેમથી બોલાવ્યો હું આવ્યો, તમ પ્રેમથી કશુંક બોલ્યા અને તમારી અને મારી વચ્ચે એક સંવાદ શરૂ થયો જયાં સર્વ વિવાદનો અંત આવી ગયો.

**ત**મારા દ્વારા હું મને પ્રાપ્ત થયો છું- અને જ્યારે મેં મને પ્રાપ્ત કર્યો ત્યારે એ મારી સામે ઊભો હતો. આશ્ચર્ય, એ તમારા જેવો હતો. હું તમારા જેવો હતો આપણે બધાં જ એકબીજાના પ્રતિબંબ હતા!

**કે**વી આશ્ચર્યકારક રમત છે આ! આપણે આપણા જ પ્રતિબિંબને ધિક્કારીએ છીએ અને તેને જ વળી પ્રેમ કરવા માટે વલખાં પણ મારીએ છીએ! પ્રેમમાં વાસના ભળે છે અને તમે અને હું એને પોકારીએ છીએ. આપણા પોકારોમાં પ્રાર્થનાનું જોર હોતું નથી અને આત્મશ્રધ્ધાનો પ્રકાશ હોતો નથી.

**હું** અને તું - આ તમે અને તે.આવો પ્રશ્નોના પેલે પાર ચાલ્યા જઇએ. જયાં આપણે આંખોથી ફક્ત પ્રેમની ભાષામાં વાતો કરીશું જેમાં પ્રશ્નો પણ નહીં હોય. હશે ફક્ત મૌન - પ્રેમભર્યું.

**અ**ને જુઓ ચારે તરફ આનંદ જ આનંદ છલકાઇ રહ્યો છે કારણકે હવે બધાને ખબર પડી ગઇ છે કે તમારા બહાને હું તો મારી વાત કરતો હતો અને આજે જ્યારે આપણે ત્રણેય એકબીજાની સામે છીએ ત્યારે વૃથા બકવાસ કરવાની ઇચ્છા કોને થાય ? હું તમને મારી આંખોથી - કાનોથી અને હોઠોથી પી જઇશ. હું તમારા અસ્તિત્વને મિટાવી દઇશ. હું તમારામાં ભળી જઇશ-હવે તમે મને અલગ કરી શકો એમ નથી તમારાથી.

Aksharnaad.com

# કર્મ અને કર્મ ફળ

**આ** જીવનમાં મનુષ્ય કર્મ શા માટે કરે છે? મનુષ્યે કેવાં કર્મ કરવાં જોઈએ? કર્મના ફળ કેવી રીતે મળે છે? આ છે તમારા પ્રશ્નો. આ પ્રશ્નો આજના નથી. હજારો વર્ષથી પૂછાતા આવ્યા છે અને વિવિધ રીતે આના જવાબો અપાયા છે. મારા જવાબો કદાચ તમને ચોંકાવે, કારણકે આ જવાબો તમે અત્યાર સુધી સાંભળેલા જવાબો કરતાં અલગ છે. આ છે જવાબો: તમારું જીવન જ કર્મ માટે છે. તમારો જંન્મ કર્મ કરવા માટે થયો છે. તમને જે કાર્ય માટે આ જીવન આપવામાં આવ્યું છે તે ઉમદા રીતે પાર પડે તેવાં કર્મ કરવા જોઈએ અને જેનું ફળ તાત્કાલિક મળે તેવાં જ કર્મ કરવાં જોઈએ.

**જ**વાબ પહેલો: જીવન કર્મ કરવા માટે છે. ઘણા એમ માને છે કે આ જગત મુસાફરખાનું છે, જેલખાનું છે અથવા તો નાટકશાળા છે. આ ગલત છે. જીવન પ્રયોગશાળા છે. વિશ્વમાં પદાર્થને નિ:સ્વાર્થ પ્રેમમાં પલટાવવાનો પ્રયોગ ચાલી રહ્યો છે. જગતમાં પદાર્થને પ્રકાશ અને સુગંધમાં પલટાવવાનો પ્રયોગ ચાલી રહ્યો છે. આ પ્રયોગને સફળતાં-જલદી સફળતા મળે તેવું કાર્ય એ ઉત્તમ કર્મ છે.

**મ**નુષ્યને હંમેશા કર્મ કરવાં જ પડે છે: શારીરિક કર્મો, જીવનની સાંકળને લંબાવવા અર્થેના કર્મો. આ અને આવાં બધાં કર્મો ભૌતિક કર્મો છે. ચેતન શક્તિના કારણે ભૌતિકતા પર સત્તા જમાવવાનાં કર્મોનો પણ તમે આમાં સમાવેશ કરી શકો. આ દરેક કર્મ કરવા છતાં જે પોતાની ભાવનાથી એને પ્રેમમય કર્મમાં પલટાવી શકે તો એ ઉત્તમ કાર્ય બને છે. દા.ત. ખેડૂત ખેતી કરે છે: ખેતી કરી અનાજ ઉગાડી સંગ્રહ કરી એ કાળા બજાર પણ કરી શકે અથવા તો અનાજ ઉગાડવાની પોતાની ફરજ પ્રેમપૂર્વક બજાવી માનવજાતની સેવા કર્યાનો સંતોષ મેળવી ભાવનાત્મક કર્મ કરી શકે. દેખતી રીતે એક જ કાર્ય હોવા છતાં આ બન્નેમાં જમીન-આસમાનનો ફરક છે:એક તમને નીચે પછાડે છે, બીજું તમને આધ્યાત્મિક બનાવે છે.

**ક**ર્મનું ફળ તાત્કાલિક મળે છે. હું આધ્યાત્મિક ફળની જ વાત કરું છું. મને આધ્યાત્મિક ફળ સાથે જ નિસ્બત છે. ખેડૂત અનાજ વાવે, વૃક્ષ વાવે તેને દાણો કે ફળ લાગવાને કદાચ સમય લાગે, દાણો કે ફળ એને ન પણ લાગે. પણ તમે દાણો કે વૃક્ષ વાવતાં થતા આનંદનો ક્યારેય વિચાર કર્યો છે ખરો? કવિ કવિતા રચે અને ચિત્રકાર ચિત્ર બનાવે ત્યારનાં આનંદ સાથે આધ્યાત્મિકતાને સંબંધ છે. રોકડ પુરસ્કાર અને વાહ વાહ તો તમારી ભૌતિકતાના આવિષ્કાર છે.

**ત**મારું હૃદય એના પ્રેમથી છલોછલ થઇ જાય, તમે સર્જકતાના તમારા કર્મનો આનંદ અનુભવો-આ જ તો છે તમારા કર્મનું ફળ. અને જુઓ, તમે કેવા વ્યર્થ રીતે કર્મના ફળને

Aksharnaad.com

રૂપિયા, પૈસા, ચાંદી, સોનામાં તોળી રહ્યા છો. જો કર્મનું ફળ ભૌતિક પદાર્થથી મળતું હોય તો એ કર્મ વ્યર્થ છે, તમારી શક્તિઓનો વ્યભિચાર માત્ર છે. અને હું તમને પોકાર પાડીને કહેવા ઇચ્છું છું કે તમે આવાં વ્યર્થ કર્મ અને તેના વ્યર્થ ફળની આશામાં તમારા જીવનને ખર્ચી ન નાખશો.

અને અલબત્ત, ખરાબ કર્મનું ફળ પણ તમને તાત્કાલિક મળે છે. તમે ચોરી અને હત્યા કરો અને એની તમને ભૌતિક સજા તમારા કાયદા-કાનૂનો ન આપે તો હરખશો નહીં. આધ્યાત્મિકતા ઇચ્છતા દરેકે એ માટે શરમાવું જોઇએ. આધ્યાત્મિકતાનો અર્થ છે તમારી સંવેદનાની જાગૃતિ. અને આ જાગૃતિ તમને તરત જ સજા યા મજા કરાવે છે. આધ્યાત્મિક બનવું એટલે સતત સંવેદનાને જાગ્રત કરવી.

તમારાં કર્મો અને ધર્મો તમારી સંવેદનાને કચડી નાખે છે. ફળની આશા રાખવીની વાતો કરનારા તમને અધાર્મિક બનાવે છે. કર્મ અને ફળને વિભક્ત ન કરી શકાય. દરેક કર્મ સાથે એનું ભાવનાત્મક ફળ સતત જોડાયેલું જ રહે છે. અને તમારા ભૌતિક ફળ સાથે ઇશ્વરને સંબંધ નથી. કોઇ પણ કર્મ સમયે તમે અચૂક ભાવ અનુભવો છો અને ભાવ જ ફળ-વિફળ-કુફળ બને છે અને તેના પરથી જ કર્મ-વિકર્મ-અકર્મ નક્કી કરી શકાય.

યાદ રાખો, તમારી સામાજિક, આર્થિક અને રાજકીય રચના સાથે શુદ્ધ કર્મને કશો જ સંબંધ નથી. ઇશ્વર કંઇ તમારા કર્મના બદલામાં તમને રોકડ પુરસ્કાર કે જેલની સજા આપી ન શકે. ઇશ્વર અમીરો અને ગરીબો, શાસકો અને શોષિતો સર્જતો નથી. આનંદ,



Aksharnaad.com

સંતોષ અને પ્રેમ એ જ ફક્ત સુકર્મના ફળ હોઇ શકે.

કેટલાક કર્મમુક્તિની વાત કરે છે. આ શક્ય નથી. જીવવું એ પણ એક કર્મ છે. કમસે કમ તમારે શ્વાસોચ્છ્વાસ તો લેવો જ પડે. પ્રત્યેક શ્વાસોચ્છ્વાસનું સ્નેહની ભાવનામાં પરિવર્તન એ શ્રેષ્ઠ કર્મ છે. અને તમને ક્યારેય આ કર્મમાંથી મુક્તિ ન મળી શકે કર્મમુક્તિની વાત કરનારા ઈશ્વરના ગુનેગાર છે. તમારાં કર્મોમાંથી સ્વાર્થની માત્રા ક્રમશ: ઘટવી જોઇએ, એ સાથે જ નિ:સ્વાર્થ ભાવનાનો વધારો થવો જોઇએ.

કર્મ-સત્કર્મ એ છે જે તમને વિસ્તારે. અને વિસ્તરવા માટે તો તમારે સ્નેહ જ બનવું પડે. ફરી ફરીને કહીશ કે તમારું જીવન ફક્ત સ્નેહમાં તમારા સર્વસ્વના પરિવર્તન માટે છે અને તમારું દરેક કર્મ ફક્ત એ જ સિદ્ધ કરી શકે. કર્મનું ફળ આખરે સ્નેહ સિવાય શું હોઇ શકે? અને તમે ઇચ્છશો કે આ ફળ તમને તાત્કાલિક મળે.

અને કર્મ કરો-સતત કર્મ જ- અને કર્મના સદ્ફળની આશા જ તમને જાગ્રત રાખી શકે. અમૂલ્ય જીવનના બદલામાં શ્રેષ્ઠ ફળની જ આશા રાખજો. દ્રવ્ય, ભૌતિક ઐશ્વર્ય કે મામૂલી સત્તા આપી જો કોઇ તમારાં અમૂલ્ય કર્મોને-શ્વાસોચ્છ્વાસને-જીવનને ફોસલાવવા ઇચ્છે તો એ ધુતારાઓની વાતોમાં ક્યારેય ભોળવાશો નહીં. કર્મ તમારું કર્તવ્ય છે અને ફળ તમારો હકક છે. અને આ માટે તમારા સંવેદનને સતત જાગ્રત રાખો.

## યુદ્ધ

યુદ્ધ એ સંઘર્ષનું પરિણામ છે – શાંતિ એ સંઘર્ષનું પરિણામ છે. તમે જ યુદ્ધે ચડો છો અને તમે જ શાંતિની બૂમો પાડો છો. મિત્રો જે શાંતિની બૂમો પાડે છે તેઓ યુદ્ધના ચાહક છે અને જેઓ યુદ્ધે ચડ્યા છે તેઓ શાંતિના ચાહક છે.

અને આ તમારો સ્વભાવ છે. તમે શાંતિમાં યુદ્ધની તૈયારી કરો છો અને રણમેદાનમાં તમે શાંતિની વાતો કરો છો. વાસ્તવમાં તો તમારે આ બન્નેથી મુક્તિ મેળવવાની જરૂર છે. યુદ્ધ અને શાંતિ એક સિક્કાની બે બાજુ છે. અને આ સિક્કો જે તમને અતિપ્રિય છે. તેનું નામ છે મહત્વાકાંક્ષા.

પ્રિય મિત્ર, જગતમાં કેટલાક અનિવાર્ય દ્વંદ્વ છે. દિવસ-રાત સુખ-દુ:ખ, જન્મ-મૃત્યુ, એ પ્રમાણે જ આ યુદ્ધ અને શાંતિ પણ એક અનિવાર્ય દ્વંદ્વ જ છે. યુદ્ધોના કારણે મનુષ્યની પ્રગતિ ઝડપથી થઇ છે. સ્પર્ધા મનુષ્યને આગળ ધપવા પ્રેરે છે. જગતમાં યુદ્ધો ન થયાં હોત તો માનવી આજેય પછાત હોત.

Aksharnaad.com

**અ**ને મિત્ર, તું એમ ન માની લેતો કે હું યુદ્ધની હિમાયત કરું છું. હું પણ તારા જેટલો જ શાંતિનો ચાહક છું. આમ છતાં તું મને કહી શકશે કે યુદ્ધ સિવાય શાંતિનું કોઇ અસ્તિત્વ છે ખરું? સખત પરિશ્રમ પછીના આરામ અને આરામ પછીના પરિશ્રમ જેવી જ આ યુદ્ધ અને શાંતિની પણ કથા છે.

**અ**ને યાદ રાખજે મિત્ર, એક સમયે આ જગતમાં શાંતિ સ્થાપવા માટે યુદ્ધો થશે અને આજસુધી શું શાંતિ સ્થાપવા માટે, માનવના કલ્યાણ માટે જ યુદ્ધો નથી થયાં?

**હું** હિંસાના પક્ષમાં નથી. અને હજી તમે અહિંસક યુદ્ધો શોધ્યાં નથી.

**શાં**તિ-શાંતિની બૂમો પાડી તમારી જાતને છેતરશો નહીં. તમે સતત યુદ્ધે ચડેલા છો અને શાંતિની બૂમો પાડો છો. તમે અશાંત છો અને શાંતિની બૂમો પાડો છો. તમને યુદ્ધ પ્રિય છે અને તમે શાંતિની બૂમો પાડો છો.

**અ**ને મિત્ર, યુદ્ધ કંઇ ફક્ત રણમેદાન પર ખેલાતાં નથી. યુદ્ધ તમારી બુદ્ધિમાં અને યુદ્ધ તમારા હૃદયમાં અને યુદ્ધ તમારા મનમાં ખેલાઇ રહ્યા છે. ધરતી પર શરીરથી લડાતાં યુદ્ધો કરતાં પણ તમારા આ બૌદ્ધિક અને માનસિક યુદ્ધો વધુ ખતરનાક છે.

**યુ**દ્ધના કારણે માણસ-માણસની વધુ નજદીક આવ્યો છે. યુદ્ધના કારણે જ માણસ-માણસથી વધુ દૂર પણ ગયો છે. તમે બધાં જ તમારા ઇશ્વરના નામે, તમારા ધર્મના નામે, તમારા દેશના નામે, તમારી સંસ્કૃતિના નામે અને તમારા વિચારોના નામે યુદ્ધે ચડ્યા છો. વાસ્તવમાં આમાંનું કશું જ તમારું છે ખરું?

**અ**ને હું તમને કહીશ કે યુદ્ધ અને શાંતિ બન્નેની વાતો છોડો. બન્ને ફક્ત જાતને છેતરવા માટેના સાધનો છે. શાંતિ યુદ્ધની જનેતા છે. યુદ્ધ શાંતિની. જો ખરેખર તમે આ બન્નેથી છુટકારો મેળવવા ઇચ્છતા હો તો ફક્ત પ્રેમ-નિ:સ્વાર્થ પ્રેમની વાતો કરો- ના વાતો નહીં પણ નિ:સ્વાર્થ પ્રેમ જ કરો.

**દ્વં**દ્વ થી મુક્તિ મેળવવી હોય તો સૂર્યની જેમ સળગવું પડે. ફક્ત પ્રકાશ અને પ્રકાશ. જો તમે ફક્ત પ્રેમ અને પ્રેમ આપી શકો તો યુદ્ધ અને શાંતિથી મુક્તિ મેળવી શકો. હું કહીશ કે તમે દ્વેષ સામે યુદ્ધે ચડો. તમારી પાસે પ્રેમ સિવાય કોઇ હથિયાર ન હો અને તમે વિજેતા બનો.

**ત**મે તમારી સરહદો સાચવીને વિશ્વશાંતિની વાતો ન કરી શકો. તમે તમારું અલગ વ્યક્તિત્વ સાચવીને વિશ્વબંધુત્વની વાત ન કરી શકો. સરહદો ભૂંસી નાખવાની તમારી તૈયારી છે? તમારી પરંપરાઓને, સંસ્કૃતિઓને, ધર્મને વિલીન કરી અન્ય સાથે ભળી જવાની તમારી તૈયારી છે? તમારું સ્વતંત્ર વ્યક્તિત્વ ભૂંસી તમે ફક્ત એક માનવ બની રહેવા તૈયાર છો?

**આ**વો આપણે બધું જ ભૂલીને ફક્ત મનુષ્યત્વનું ગૌરવ કરીએ. આપણા વચ્ચેની બધા જ પ્રકારની દીવાલોને તોડી નાખીએ. યુદ્ધ અને શાંતિની વાતો ભૂલી જઇએ. યાદ રાખીએ ફક્ત પ્રેમ.

Aksharnaad.com

# કલ્પનાયોગ

કલ્પના એ આવતી કાલનું સત્ય છે. કલ્પના અને સત્યમાં કોઈ ભેદ નથી. ભેદ ફક્ત સમયનો છે અને એ સમય તમારી કલ્પના કરવાની શક્તિ પર અવલંબે છે. આજે તમે જેને સત્ય માનો છો, તે એક સમયે ફક્ત કલ્પનામાં જ હતું અને આજે તમે જેની કલ્પના કરો છો તે એક દિવસ જરૂર તમારી સામે સત્ય બનીને ઊભું રહેશે.

આ જગતમાં કલ્પનાતીત કશું જ નથી. કલ્પના એ સર્જકતાની શરૂઆત છે. પ્રથમ કલ્પના અને પછી સર્જન-આ ક્રમ છે. સર્જનહાર પણ કલ્પના સિવાય કશું કરી શકતો નથી, અને કલ્પના કરી શકનાર સર્જનહાર બની શકે છે. કલ્પનાશક્તિ એ દિવ્ય વરદાન છે. મનુષ્ય જેટલી કલ્પનાશક્તિ અન્ય પ્રાણીઓમાં નથી એટલે જ મનુષ્ય અન્ય પ્રાણીઓથી શ્રેષ્ઠ છે.


કલ્પનાશીલ બનો-કલ્પનાયોગી બનો. શ્રેષ્ઠતમ પ્રાપ્ત કરવાનો આ એક માત્ર ઉપાય છે. આ જગતમાં દરેક મનુષ્ય કલ્પના કરી શકે છે, પણ સર્જક ખૂબ થોડા બની શકે છે, કારણ કે મોટા ભાગના મનુષ્યોની કલ્પના વાંઝણી રહે છે. તેમની કલ્પનામાં સર્જન કરવાની શક્તિનો અભાવ હોય છે અને વળી કેટલાકની કલ્પનાશક્તિને ખોટા માર્ગે વાળવામાં આવી હોય છે તેથી તેઓ સર્જનના બદલે સંહાર કરે છે. આમ દિવ્ય શક્તિનું આસુરી શક્તિમાં રૂપાંતર થાય છે.

તમારી કલ્પનાશક્તિનો સદુપયોગ કરતાં શીખો. આ જ સાચી આધ્યાત્મિકતા છે અને એ જ સાચો ધર્મ છે. કોઈ પણ શક્તિનો સદુપયોગ એટલે જીવનના શ્રેય માટે એનો ઉપયોગ, સત્યની શોધ માટે એનો ઉપયોગ, ખૂબ જ સંયમથી ઉપયોગ, અને ફક્ત પ્રેમમય-સ્નેહમય બનવા માટે ઉપયોગ. જીવનમાં જ્યારે શ્વાસોચ્છ્વાસની જેમ સ્વાભાવિક આ ક્રિયા ચાલે છે ત્યારે કલ્પનાયોગ સિદ્ધ થાય છે.

નિરર્થક મનોરંજન માટે થતાં સર્જન મનની શક્તિનો વિકાસ રૂંધે છે. અસંયમથી શક્તિનો ઉપયોગ કરવામાં આવે તો આ કલ્પનાશક્તિ ભ્રમણાઓ ઉત્પન્ન કરે છે. અજાણતા આ શક્તિનો સ્પર્શ થતાં તમે એને અતિન્દ્રીય શક્તિનો ચમત્કાર માની બેસો છો. કલ્પનાની અનિયંત્રિત શક્તિ દ્વારા ઉત્પન્ન થયેલી કેટલીય કાલ્પનિક ધર્મકથાઓ, સ્વર્ગ-નર્ક અને ઈશ્વરની ભ્રામક માન્યતાઓ મનુષ્યનો સંહાર પણ કરી શકે છે.

સર્જક, સંહારક અને ધારક એ ત્રણેય શક્તિઓ મનુષ્યના મનમાં છે, તેવી જ રીતે આ સૃષ્ટિના અણુઅણુમાં છે. તમારા 'એટમ' જેમ વિનાશ કરી શકે છે તેમ સર્જન પણ કરી શકે છે. અને યાદ રાખો, સર્જન કરવું એ કઠિન કાર્ય છે, પણ સંહાર સહેલો છે. અને

Aksharnaad.com



એટલે જ અધાર્મિકો સંહાર પ્રત્યે આકર્ષાય છે. યોગ્ય ઉપયોગ વગર થતો નાશ એ સંહાર છે અને યોગ્ય ઉપયોગ પછી થતું મૃત્યુ, એ વિસર્જન છે. વિસર્જન એ સર્જનની જ એક પ્રક્રિયા છે.

**વિ**સર્જન અને સર્જન એ બન્ને કલ્પનાના પુત્રો છે. સર્જન અને વધુ સારા સર્જન માટે જૂના સર્જનનું વિસર્જન કરવું પડે છે. જે કલ્પનાનો ઉપયોગ કરે છે તે શરૂઆતમાં અનેક ભ્રામક-નિરર્થક કલ્પનામાં અટવાય છે. આ ભ્રમણાઓનું વિસર્જન કરવું અને અનુભવથી વધુ શ્રેષ્ઠ કલ્પનાઓ કરવી આ પ્રક્રિયા છે. ગઇ કાલમાંથી મુક્ત બનો અને વધુ સુંદર આવતી કાલ માટે આ ક્ષણે સર્જન કરો.

**આ**જ સુધી તમને રોકવામાં આવ્યા છે. મનને મારો-બાંધો-શાંત કરો. વિચાર ના કરશો. અધાર્મિકોની આ વાણી છે. મનની શક્તિઓથી ડરેલાઓની વાણી છે. અને ડરપોક ધાર્મિક હોતા નથી. મનની ગજબનાક શક્તિઓથી ડરવાનું કોઇ કારણ નથી. એક સમયે મનુષ્ય વીજળીથી ડરતો, આજે વીજળીનો એ પોતાના ભૌતિક ઉત્કર્ષ માટે ઉપયોગ કરે છે. માનવી આજ સુધી પોતાના જ મનની શક્તિથી ડરતો રહ્યો છે. ડર શા માટે? મન તમારું સર્વશ્રેષ્ઠ મિત્ર છે. મન તમારી સર્વશ્રેષ્ઠ શક્તિ છે. કલ્પનાયોગ દ્વારા તમે આ શક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકો.

**અ**ને કલ્પનાયોગ કંઇ નવી ચીજ નથી. તમે કલ્પવૃક્ષની વાતો કરો છો તે શું છે? તમે ઇશ્વરની વાતો કરો છો તે શું છે? એ તમારી કલ્પનાઓ છે. અને આજ સુધીમાં તમે જેટલી કલ્પનાઓ સર્જી છે એ બધી જ આ કલ્પનાશક્તિના ઉપયોગના કારણે સર્જાઇ છે.

Aksharnaad.com

તમારા મનની શક્તિઓનો ઉપયોગ કરો. આ સરળ છે. યાદ રાખો, તમે મનને નિષ્ક્રિય અને શાંત ક્યારેય ન કરી શકો, વિચારહીન દશાની વાતો ફક્ત મૃત લોકો જ કરી શકે. વિચારવું એ જીવંતતા છે. તમારું નિષ્ક્રિય અને શાંત મન એ તમારી ભ્રમણા છે. વાસ્તવમાં તો એ ત્યારેય પણ કશાકની કલ્પના કરતું જ હોય છે. દા.ત. તમે ઇષ્ટદેવ અથવા તો કોઈ પ્રતીકને કલ્પીને મનને શાંત કરવાનો પ્રયત્ન કરો છો ત્યારે તમે કલ્પના સિવાય કશું જ કરતાં નથી.

મનને શાંત કર્યાથી તમે કોઈ સિદ્ધિ પ્રાપ્ત કર્યાની ભ્રમણામાં હો તો તાત્કાલિક મુક્ત થઈ જાવ. આ ભયાનક શાંતિ છે. એથી તમને નિષ્ક્રિયતા પ્રાપ્ત થાય છે અને નિષ્ક્રિયતા એટલે મૃત્યુ સિવાય બીજું શું હોઈ શકે? આજ સુધી તમને ફક્ત મનને શાંત કરતાં શીખવવામાં આવ્યું છે અને હું તમારા મનને-કલ્પનાને ઝકઝોરવા અને 'અશાંત' કરવા ચાહું છું. તેનામાં શ્રેય પ્રાપ્ત કરવાની તડપ પેદા થાવ.

ફક્ત આટલું કરો: ખૂબ જ દૃઢતાથી સર્જનાત્મક અને માનવજાત માટે શ્રેયસ્કર કલ્પના કરો. જીવનના સાર્થ પરિવર્તન માટે કલ્પના કરો. બધી જ કલ્પના ખૂબ દૃઢતાથી અને પૂરેપૂરા નિશ્ચય સાથે અને તમારા સમગ્ર અસ્તિત્વની ચાહના સાથે કરો. વિચારો, સતત વિચારો. આ જગતમાં તમે અને હું નહીં હોઈએ ત્યારે પણ આપણા વિચારો હશે. વિચારો શાશ્વત છે. સુંદર વિચારો સિવાય આ જગતમાં કશું ય અમર નથી. વિચારોરૂપે જ તમે અનંતકાળ સુધી જીવંત રહી શકશો અને તો જ તેને પામી શકશો.

## ક્રોધ

તમે ક્રોધના ગુલામ છો. તમે કહો છો તમારા પર અચાનક ક્રોધ સવાર થઈ જાય છે અને તમે કશુંક તમને ન ગમતું કરી બેસો છો અને પાછળથી તમને પસ્તાવો થાય છે. તમે ક્રોધથી છૂટવા ઇચ્છો છો અને સાથે જ તમારી લાચારી પ્રગટ કરો છો.

ક્રોધ, ભય, કામ, લોભ, મોહ વગેરે મનુષ્યની પ્રાથમિક વૃત્તિઓ છે. ક્રોધ એ વાસ્તવમાં તમારી નિષ્ફળતાનું પરિણામ છે. તમે ઇચ્છો છો એમ જ્યારે કશુંક થતું નથી ત્યારે તમને ક્રોધ આવે છે. એ સાથે જ ક્રોધના કારણે તમને નિષ્ફળતા મળે છે. નિષ્ફળતા-ક્રોધ-નિષ્ફળતા-ક્રોધ એમ આ ચક્ર ચાલ્યા જ કરે છે.

ક્રોધ એ તમારો તમારી સાથે જ રહેતો મહાન શત્રુ છે. આ શત્રુથી બચવાનો એક જ ઉપાય છે: પ્રેમ, અને પ્રેમ તમને સફળ પણ બનાવી શકે. સફળતાના કારણે તમે ક્રોધને પ્રેમમાં પલટી શકો. હું તમને ક્રોધ પર વિજય મેળવો એમ કહેવા કરતાં ક્રોધનું નિ:સ્વાર્થ પ્રેમમાં પરિવર્તન કરો એમ કહેવાનું વધુ પસંદ કરીશ.

ક્રોધ તમારો દુશ્મન નથી. ક્રોધને પણ તમે તમારો મિત્ર બનાવી શકો. પ્રકૃતિએ તમને જો કોઈ વૃત્તિઓ-ઇચ્છાઓ-આપી છે તો એ બધી જ તમારા ઉત્કર્ષ માટે આપી છે. તમે

Aksharnaad.com

જ્યારે એ વૃત્તિનો યોગ્ય ઉપયોગ નથી કરતાં ત્યારે જ એ તમારા પતનનું નિમિત્ત બને છે.

**ત**મને નિષ્ફળતાઓ પર ભલે ક્રોધ આવે. તમને મિથ્યાચાર પર ભલે ક્રોધ આવે. તમને અધાર્મિકતા પર ભલે ક્રોધ આવે. તમને અમાનવીયતા પર ભલે ક્રોધ આવે. અને હું તમને કહીશ કે આમ છતાં તમે તમારો ક્રોધ વ્યક્ત ના કરશો. ક્રોધ વ્યક્ત કરવો એ તમારી નિષ્ક્રિયતાની નિશાની છે કારણ કે તમે ક્રોધ વ્યક્ત કરવા સિવાય જેના પર તમને ક્રોધ આવ્યો છે તેને કાઢવા માટે કશું કરતા નથી અને તમે કશું કરવા ઇચ્છતા નથી એટલે જ ક્રોધ કરો છો.

**જે** લોકોને દુષ્ટતા પર 'ક્રોધ' આવ્યો છે એમણે જ દુષ્ટતાને નિર્મુળ કરવા પ્રયત્નો કર્યા છે. તમારો ક્રોધ વાંઝિયો રહે તેમ હું ઇચ્છતો નથી. તમારા ક્રોધને પ્રેમ નામનો પુત્ર પ્રાપ્ત થાય. કારણ કે દુષ્ટતાનો નાશ પ્રેમ સિવાય કોણ કરી શકે?

**જ્**યારે ક્રોધની વાત કરીએ છીએ તો કામ, લોભ અને મોહની વાત પણ કરી લઇએ. આજ સુધી તમે આ ચારને મહાન શત્રુ માનતા આવ્યા છો અને હું ફરીથી કહેવા ઇચ્છું છું કે પ્રકૃતિ ક્યારેય અવરોધ-શત્રુ પેદા કરતી નથી. આ બધાં જ તમારા મિત્રો છે- એમની સાથેનો અસંયમ તમને નુકસાન કરી શકે અને અસંયમ તો અમૃતને પણ નુકસાન કરે.

**કા**મના કારણે જ મનુષ્યનું અસ્તિત્વ છે. 'કામ'નો અતિરેક તેનો વિનિપાત કરે છે. પુત્ર-પુત્રી પ્રાપ્તિ અંગે પ્રકૃતિએ તમને કામેચ્છા આપી છે. આ કારણે જ મનુષ્યવંશ પ્રગતિ કરે છે. મનુષ્યની દુષ્ટબુદ્ધિ કામેચ્છાનો મનોરંજન માટે ઉપયોગ કરે અને નુકસાન ભોગવે  તો તમે કામેચ્છાને કેવી રીતે દોષ દઇ શકો?

**એ** જ રીતે લોભ પણ સ્વાભાવિક છે. લોભ સિવાય મનુષ્યની પ્રગતિ અશક્ય છે. પણ જ્યારે લોભ સાથે સ્વાર્થ ભળે છે ત્યારે સર્વનાશ થાય છે. તમે લોભની આરાધના પરમાર્થ માટે કરો. સમગ્ર મનુષ્યજાતિના ઉત્કર્ષ માટે તમારામાં લોભ પેદા થાવ.

**મો**હ. તમને જીવન પ્રત્યે મોહ થાવ. તમને ઇશ્વરત્ત્વ પ્રત્યે મોહ થાવ. તમને સર્વ શુભ પ્રત્યે મોહ ઉત્પન્ન થાવ. મોહ વગર ઇચ્છા થતી અને ઇચ્છા વગર કલ્પના શક્ય નથી અને કલ્પના સિવાય તમે સત્યને પામી ન શકો, સત્યને પામવાનો મોહ તમારામાં ઉત્પન્ન થાય એમ હું ઇચ્છીશ.

**ત**મે ફક્ત જ્યારે 'સ્વ'ને કેન્દ્રમાં રાખીને અને ફક્ત 'સ્વ' ખાતર જ કોઇ પણ કર્મ, કામ, ક્રોધ, લોભ, મોહ અથવા એનાથી વિપરિત આચરો છો ત્યારે એ તમને નુકસાન કરે છે. પ્રકૃત્તિએ તમારું સર્જન પ્રકૃતિના ઉત્કર્ષ માટે કર્યું છે અને એ ત્યજીને જ્યારે તમે ફક્ત 'સ્વાર્થ' કરો છો ત્યારે તમે પ્રકૃતિથી વિપરિત વર્તન કરો છો.

**ત**મે પ્રકૃતિની સાથે રહી શકો અથવા તેની સામે,જ્યારે તમે પ્રકૃતિની સાથે હો છો ત્યારે આ વિશ્વમાં એવું કોઇ કર્મ નથી જેની સામે તમારે ક્રોધ કરવો પડે, કારણ કે ત્યારે ખુદ પ્રકૃત્તિ પણ તમારી સાથે ચાલે છે, તમને સફળતા પ્રાપ્ત થાય છે અને તમારી દરેક પ્રવૃત્તિ આખરે નિ:સ્વાર્થ પ્રેમમાં પરિણમે છે.

Aksharnaad.com

# પ્રાર્થના

**ત**મારી પ્રાર્થનાઓ ડરના કારણે છે અને તમારી પ્રાર્થનાઓ ખુશામત છે. ઈશ્વરને ખુશામત પસંદ નથી તેમ જ એને કાયરો પણ ગમતા નથી. અને યાદ રાખો, ભૌતિક કામના માટેની પ્રાર્થના સાથે એને કોઈ સંબંધ નથી. જુઓ, તમે લોકોને ડરાવીને ધાર્મિક ન બનાવી શકો કે તમે એમને લાલચ આપીને પણ ધાર્મિક ન બનાવી શકો.

**સ્વ**ર્ગ લાલચ છે અને નર્ક ધમકી. મંદિરોમાં જઈ જેઓ શોર કરે છે અને તારી પાસે કૃપણની જેમ માગતા ફરે છે તેમની પ્રાર્થના તું સાંભળતો નથી. અને તેમની પ્રાર્થનાઓમાં ક્યાં તેમનાં હૃદય ભળ્યાં છે? અને તેમની પ્રાર્થનાઓમાં ક્યાં તને પામવાની ઝંખના છે? તેઓ તારી સ્તુતિ કરે છે અને તારી ક્ષમા પણ માગે છે. તારી પાસે દયા યાચતા એમના દંભી ચહેરાને જો!

**તે**ઓએ તારી સામે દીપક પ્રગટાવ્યા છે અને સુગંધી દ્રવ્યો અને પુષ્પો તારા ચરણોમાં ધરે છે. એમના જીવનમાં અંધકાર છે. અને જીવનસુગંધની એમને ક્યાં ખબર છે? તેમની પ્રાર્થનાઓમાં ઉચ્ચારાયેલા શબ્દો બોદા છે. કોલાહલ છે- ચીસો છે, અને તને ઠગ્યાનો સંતોષ! તારી આંખે પ્રાર્થનાના પાટા બાંધીને તેઓ તારો જ શિકાર કરે છે અને પ્રપંચોના કારણે પ્રાપ્ત થયેલા ભૌતિક સુખના ટુકડાઓને તેઓ પ્રસાદ માની પોતાની જાતને છેતરે છે.

**ફ**ક્ત નિર્ભયને પ્રાર્થના કરવાનો અધિકાર છે. ફક્ત નિ:સ્વાર્થને પ્રાર્થના કરવાનો અધિકાર છે. અને તેઓ કંઈ પ્રાર્થના કરતા નથી. એમનું સમગ્ર જીવન જ તારી પ્રાર્થના બની જાય છે. હરેક શ્વાસોચ્છ્વાસ સાથે તારાં ગીતો સ્ફૂરે છે. અને જ્યારે તેઓ સર્જન માટે હાથ ચલાવે છે ત્યારે આપોઆપ તારી આરતીનો પ્રારંભ થાય છે.

**તું** અમારા પ્રેમનો સ્વીકાર કર. બદલામાં અમે તારી પાસેથી કશું જ ઈચ્છતા નથી. સ્વયં પ્રેમ બનીને જ વાળી શકીએ. આભારના ઠાલા શબ્દો અમારા મુખમાં ક્યારેય ન આવો. અને ઓ તેજસ્વી! તારી સામે દીવો ધરવાની મૂર્ખતા અમે ક્યારેય ન કરીએ. અને ઓ સુગંધ! તને તારાં જ ફૂલો ચડાવી અમે ક્યારેય ન છેતરીએ.

**અ**નામી, તારા નામની મને ખબર નથી, તો તારા નામનો જાપ હું કેવી રીતે કરી શકું? અને હું તને શોધવાની મૂર્ખતા પણ નહીં કરું, કારણ કે તું ક્યાંય છુપાયો નથી એની મને ખબર છે. વિશાળ આકાશમાંથી મંદિરના ભંડકિયામાં તને પૂરવાની ધૃષ્ટતા મારાથી ક્યારેય ન થાય.

**મા**રા સમગ્ર અસ્તિત્વમાંથી તારી પ્રાર્થનાના મૌન પ્રગટી રહ્યા છે. હું જ્યોત બની ગયો છું અને હું સુગંધ બની ગયો છું અને સ્નેહ બની રહ્યો છું. તને પામ્યા પછી મારી


Aksharnaad.com

પાસે કોઇ કામના બાકી નથી, કારણ કે તું જ તો મારી અંતિમ કામના છે.

**દ**યાળુ અને કૃપાળુ એવા શબ્દોથી મને ઘૃણા થઇ ગઇ છે. આ હવા અને આ પાણી, આ ધરતી અને આ આકાશ, અને આ મારું તારામય બની રહેલું અસ્તિત્વ તારી કરુણાને અનુભવે છે. હું પોકાર પાડીને કહેવા ઇચ્છું છું કે મારા હરેક કૃત્યની સજા અને મજાનો અનુભવ મને થાય. આ અનુભવો વડે જ હું તને ઓળખી શકું એમ છું. મને તારી દયા, કૃપા અને કરુણાની જરૂર નથી. મારે તો તને ઓળખવો છે, કારણ કે મારું સમર્પણ એ સિવાય શક્ય નથી.

**પ્રાર્થ**નાઓ કરે છે- તેઓ પ્રાર્થના સિવાય બીજું કશું જ કરી શકતા નથી. અને જ્યારે પ્રાર્થના તારી અને મારી વચ્ચે આવે છે ત્યારે આપણા બે વચ્ચે એક દીવાલ ઊભી થઇ જાય છે. તને તો ખબર છે કે તારી અને મારી વચ્ચે કોઇ ઔપચારિકતાની દીવાલો પણ હોય એ મને પસંદ નથી.

**અ**ને હું કોની પ્રાર્થના કરું? તારી? જ્યારે આજે મેં તારામાં અને મારામાં કશો જ ભેદ નથી એવું અનુભવ્યું છે ત્યારે હું પ્રાર્થનાનો દંભ કેવી રીતે કરી શકું? શું હું મારી જ પ્રશંસા કરું? શું હું મારી જ પાસે યાચનાઓ કરું? પ્રાર્થનાઓ તો એ કરે, જેમને કશું પામવાની ઇચ્છા હોય. અને જ્યારે તું મળી જાય પછી કશું ય માગવાનું બાકી રહે છે ખરું?



Aksharnaad.com

જે ભાષાઓમાં પ્રાર્થના લખાઈ છે એ ભાષા તને આવડતી નથી. અને જે તેં અમને ખુલ્લા હાથે આપ્યું છે. આપી જ ચૂક્યો છે એને તારી પાસે માગવામાં મૂર્ખતા સિવાય બીજું શું છે? આ જીવન, આ ધરતી, આ આકાશ, આ હવા, આ શ્વાસ, આ સૂર્ય, આ જળ અને તારા માટેની ઝંખના-તડપ-તરસ આ બધું જ શું પર્યાપ્ત નથી?

તને હું પામી ચૂક્યો છું અને છતાંય તારા માટેની ઝંખના ક્ષણે ક્ષણે પ્રબળ બનતી જાય છે. તું એવું અમૃત છો જે પીતાં અમે ક્યારેય તૃપ્તિ ન અનુભવીએ. જામ ભરીભરીને તને ગટગટાવવો- એક અનંત ક્ષુધા! એક અનંત તલસાટ! તું મને ઝંખના અને તૃપ્તિના બન્ને રૂપે પસંદ છો. તું સખત ભૂખ પછીના આહાર અને આહાર પછીની ભૂખની જેમ જ મને ગમે છે. તું રાતરૂપે મારી નિદ્રામાં આવે છે અને દિવસરૂપે મારી આંખોમાં પ્રકાશ બની જાય છે.

કેવું આશ્ચર્ય! આજે મને ખબર પડી કે તું મને ઝંખતો હતો. તું મને પ્રાર્થતો હતો. તું મને શોધતો હતો. તું કલાકાર અને હું તારી કલાકૃતિ. તું એક સંપૂર્ણ-સુંદર-સર્વોત્તમ કલાકૃતિ સર્જવા ઇચ્છે છે એની તો મને આજે જ ખબર પડી અને જા હવે, આજે હું તને વચન આપું છું કે હું તારી કલ્પનાની સંપૂર્ણ-સુંદર-સર્વોત્તમ કલાકૃતિ બનીને જ રહીશ. હે કલાકાર! આ મારી પ્રાર્થના નથી, આ મારું વચન છે!

## સ્પર્ધા

સ્પર્ધાઓ તમારી પ્રગતિ પણ કરી શકે છે અને અધોગતિ પણ. સવાલ છે, સ્પર્ધાઓ પાછળની તમારી ભાવનાનો. જો તમે મનુષ્યજાતિના ઉત્કર્ષ માટે સ્પર્ધાઓ યોજો તો એ પ્રગતિ કરી શકે અને જો તમે ફક્ત મનુષ્ય મનુષ્ય વચ્ચે સ્પર્ધાઓ યોજો તો એ તમને અધોગતિ તરફ દોરી જાય.

અને સ્પર્ધાઓમાં તમે તમારા દેશને, જાતિને, ધર્મને શા માટે સંડોવો છો? દેશ, જાતિ, ધર્મ કરતાં પણ તમે માનવીય શક્તિઓનું ગૌરવ કરતાં ક્યારે શીખશો? આ દેશ અને તે દેશ અથવા આ ધર્મ અને તે ધર્મ જ્યારે સ્પર્ધામાં પ્રવેશે છે ત્યારે માનવતા હારે છે.

સ્પર્ધા આગળ વધવાની વૃત્તિ- એ મૂળભૂત માનવીય ગુણ છે કારણ કે તમે પ્રકૃતિના

Aksharnaad.com

સંતાન છો. અને આ ગુણ આવશ્યક છે. દરેક મનુષ્ય સમાન એ ભાવના આગળ વધવા માટે ઉપયોગી નથી. અલબત્ત, તમે સ્પર્ધામાં આગળ હો તો પાછળ રહી ગયેલાઓનો ઉપહાસ ન કરશો.

**આ**ગળ વધો. હજી આગળ વધો. તમને વધુ ને વધુ શક્તિ પ્રાપ્ત થાવ. તમને વધુ ને વધુ બુદ્ધિ પ્રાપ્ત થાવ અને તમારી માનસિક શક્તિઓનો તમને બોધ થાવ. આ માટે સ્પર્ધા કરો. ખૂબ સ્પર્ધા કરો.

**અ**ને તમે ફક્ત ચંદ્રકો માટે સ્પર્ધામાં ના ઉતરશો. એ તમારા આનંદને ઝૂંટવી લેશે. માનવીય પ્રગતિમાં સાથ આપવા માટે અવશ્ય સ્પર્ધા કરો અને અપૂર્વ આનંદ મેળવો.

**જ્યા**રે તમે આનંદ માટે નહીં પણ તમારા દેશ કે તમારી જાતિ કે તમારા ધર્મ માટે સ્પર્ધા કરો છો ત્યારે તેમાં કાવાદાવા ભળે છે. અને આ કારણે મનુષ્ય મનુષ્ય વચ્ચે વૈમનસ્ય ઊભું થાય છે. આગળ ધપવાના આ તંદુરસ્ત લક્ષણો તો નથી જ.

**સ્પ**ર્ધા કરો. કોઇ ઉચ્ચતર ધ્યેય માટે. આ ભૌતિક સિદ્ધિઓ કંઇ કાયમ રહેવાની નથી. તમારા વિક્રમો તૂટવા માટે નિર્માય છે. તમે ખૂબ દોડ્યા, તમે ખૂબ લડ્યા, તમે ખૂબ કૂદ્યા પણ તેથી શું?

**ત**મારી સ્પર્ધાઓ કશુંક પ્રાપ્ત કરવા માટે છે અને તેથી જ તો એ નિરર્થક છે. તમે કશું આપવાની સ્પર્ધા શા માટે નથી કરતાં? કશુંક એવું જે ક્યારેય નાશ ન પામે, કશુંક એવું જેની કોઇ કિંમત ન હોય- અમૂલ્ય હોય. સિદ્ધિઓની સ્પર્ધા તમે કરી શકો?

**અ-** સિદ્ધિઓની સ્પર્ધા એટલે જ્યાં સર્વોત્તમ સિદ્ધિ છે, અને છતાં કોઇ સિદ્ધિ નથી. ફક્ત 'તે'ને પ્રાપ્ત કરવાની દોડ. ફક્ત 'તે'ને પ્રાપ્ત કરવા માટે કૂદકો અને ફક્ત 'તે'ને પ્રાપ્ત કરવા માટે... બધું જ બધું.

**સ્પ**ર્ધાઓથી તમને તન અને મનની વૃદ્ધિ પ્રાપ્ત થાવ, શુદ્ધિ પ્રાપ્ત થાવ અને સિદ્ધિ પ્રાપ્ત થાવ અને એ જ તો ઈશ્વરત્વ છે.

**અ**ને તમે કહો છો કે સ્પર્ધાના કારણે અસમાનતાનું નિર્માણ થાય છે અને હું તમારી સાથે સમ્મત નથી. સ્પર્ધા એ તો અસમાનતાથી સમાનતા તરફ જવાની પ્રક્રિયા છે. તમે જ્યાં ઊભા છો, એ અસમાનતાનું સ્તર છે. ત્યાં જ્યાં પહોંચવાનું છે, ત્યાં સમાનતા છે. કારણ કે એ ટોચ છે અને ત્યાં પહોંચવા માટે તમે અવશ્ય સ્પર્ધા કરો.

**અ**ને ત્યાં પહોંચ્યા પછી સ્પર્ધાનો કોઇ સવાલ ઉત્પન્ન થતો નથી. કારણ કે ત્યાં પહોંચ્યા પછી કશું જ મેળવવાનું બાકી રહેતું નથી. ત્યાં સમાનતા છે. જ્યાં અને જ્યારે તમે તમારું બધું જ આપી દીધું છે.

**એ** અસીમ છે અને ત્યાં કોઇ જીતરેખાઓ દોરવામાં આવી નથી. ક્ષુલ્લક ચંદ્રકો નહીં પણ એ અદ્‌ભુત પ્રાપ્તિ છે. લોહિયાળ સ્પર્ધાઓમાંથી તમે તંદુરસ્ત રમતો તરફ વળ્યાં છો. તો હજી થોડા આગળ વધો- આગળ વધો. ફરીથી કહું છું અપ્રાપ્તિની સ્પર્ધા કરો.

Aksharnaad.com

## સાક્ષાત્કાર

**આ**ધ્યાત્મ વિશે મેં કહ્યું અને તમે સાંભળ્યું, મેં લખ્યું અને તમે વાંચ્યું, પણ તેથી શું? ફૂલોની સુગંધ વિશે હું યુગો સુધી બોલતો રહું તેથી શું અને પ્રેમની આપણે વાતો કર્યા કરીએ તેથી શું? આખરે તો આ અનુભવવાનો, પ્રતીતિ કરવાનો વિષય છે. વાનગીઓનું લિસ્ટ વાંચવાથી પેટ નથી ભરાતું. અને હું ઇચ્છું છું કે તમે સાક્ષાત્કાર કરો.

**અ**ને સાક્ષાત્કારના નામે આ જગતમાં જેટલાં ધતિંગ ચાલ્યાં છે એટલાં શાયદ કોઇ બીજાના કારણે ક્યારેય નથી ચાલ્યાં. અહીં જાદુગરો-મદારીઓ છે જે તમને જાદુઇ થાળીમાં ભોજન બતાવે છે અને તમને ભૂખ્યા રાખે છે. ખયાલી પુલાવ અને ખયાલી ભગવાન! ન તમારા શરીરની ભૂખ ભાંગી શકે, ન તમારા આત્માની.


**સા**ક્ષાત્કાર એટલે હું તમને ફક્ત નિઃસ્વાર્થ પ્રેમની અનુભૂતિ કરાવવા ઇચ્છું છું. એ પ્રેમાળ હોય તેથી શું? આધ્યાત્મ તો એ છે કે તમે પ્રેમ બનો. તમને સખત ભૂખ લાગે છે અને અન્નની ઝંખના પ્રબળ બને છે. આ સમયે તમે અને અન્ન બન્ને અલગ અસ્તિત્વ ધરાવો છો. અને જ્યારે તમે અન્નને આરોગો છો ત્યારે અન્ન તમારામય અને તમે અન્નમય બની જાવ છો.

**કો**ડિયું છે, વાટ છે, તેલ છે. બધું જ છે છતાં જ્યાં સુધી સળગવાની તમન્ના નથી ત્યાં સુધી પ્રકાશ શક્ય નથી. અને જેવા તમે સળગ્યા કે પ્રકાશ પ્રગટ થાય છે અને કોડિયા, વાટ અને તેલનો લોપ થાય છે. સળગો-આ સાક્ષાત્કાર છે. તમે સૂર્યને જુઓ છો એ સૂર્યનો સાક્ષાત્કાર છે. તમે જ્યારે સ્વયં સૂર્ય બનો છો- સ્વયં પ્રકાશ બનો છો- સ્વયં પ્રેમ બનો છો ત્યારે જ સાક્ષાત્કાર સંભવે છે.

**એ**ક માટી જ્યારે સુગંધનો સાક્ષાત્કાર કરવા ઇચ્છે છે ત્યારે એ સ્વયં ફૂલ બને છે. દર્શન એ સાક્ષાત્કાર નથી, એ છલના છે. દૂધમાં સાકરની જેમ તમે તેનામાં ભળી જાવ ત્યારે સાક્ષાત્કારનો સંભવ છે. ભોજન જેમ તમારા શરીરના સમગ્ર કોષમાં વ્યાપી જાય છે તેમ તમે આ સમગ્ર વિશ્વના અણુઅણુમાં વ્યાપી જાવ ત્યારે જ સાક્ષાત્કારનો સંભવ છે. અને હું તમને કહીશ કે તમે તેનું ભોજન છો. એને એક પ્રબળ-પ્રચંડ ભૂખ લાગી છે પ્રેમની! અને એ જ્યારે તમને આરોગે ત્યારે એને તૃપ્તિ પ્રાપ્ત થાય એટલો પ્રેમ તમારામાં હોય.

**અ**ને મારી વાતો સરળ છે. અત્યાર સુધી તમે જે કંઇ સાંભળ્યું છે તેનાથી અલગ છે એટલે તમને કદાચ ન ગમે. પણ હું તમને કહું છું, તમે જ વિચારો અને તમે જ નિર્ણય કરો. તમને કહેવામાં આવ્યું છે તમે એને શોધો. હું તમને કહું છું- એ તમને શોધે છે. આજ સુધી તમે પ્રેમ-પ્રેમ પોકારતા ભટકતા રહ્યા છો. હું તમને કહું છું, તમે સ્વયં જ પ્રેમ બની

Aksharnaad.com



જાવ. અને આજ સુધી તમે સાક્ષાત્કારની લાલસામાં મૃગજળની પાછળ ભાગ્યા છો. હું તમને કહું છું એને તમારો સાક્ષાત્કાર થવા દો.

**જ**ગત-વિશ્વ સકારણ છે. આ જગતમાં કશું જ અકારણ નથી. કલ્પના સિવાય કશું જ સર્જન-વિસર્જન શક્ય નથી અને મન સિવાય કલ્પના સંભવિત નથી. એ સર્વોત્તમ ઇચ્છાશક્તિએ પોતાના સમગ્ર તત્ત્વનું સર્વશ્રેષ્ઠ ભાવનામાં રૂપાંતર ચાહ્યું અને આ યોગ-પ્રયોગની પરંપરા શરૂ થઇ. ભૌતિક પદાર્થોમાં ચેતનાએ પ્રવેશ કર્યો અને વિસ્તરવા માટે વિસ્ફોટની પરંપરાનું સર્જન થયું.

**પ**દાર્થ અને શક્તિ, ભૌતિકતા અને ચેતના ભાવનાનું સર્જન કરે છે. અને આ સમગ્ર વિશ્વમાં અને તમારામાં શું થઇ રહ્યું છે? ભાવના સિવાય તમે શેની અભિવૃદ્ધિ કરી રહ્યા છો? આ વિશ્વના બધા જ પદાર્થોનું પરિવર્તન ફક્ત પ્રકાશમાં યા તો અંધકારમાં, સુગંધમાં યા તો દુર્ગંધમાં, પ્રેમમાં યા તો વાસનામાં જ શક્ય છે. અને આ જ અંતિમો છે.

**અ**ને આજ સુધી માનવતાની અસ્મિતાને ભૂંસવા સિવાય તમે શું કર્યું છે? કેવા કેવા પ્રપંચ! અને આ પણ સકારણ છે, કારણ કે ભૌતિકતા જડ રહેવા ચાહે છે. સ્વાભાવિક જ મનુષ્યમાં જડ તત્ત્વ વધારે છે. અને તમારા સમગ્ર પ્રપંચ એ જડ તત્ત્વને વળગી રહેવાના છે. અને હું મશાલ લઇને તમારી સામે ઊભો છું. હું મશાલ બની ગયો છું. અને હવે મારા માટે તમને પ્રકાશનું ભાન કરાવવું- તમારા અસ્તિત્વને પ્રગટાવવું અનિવાર્ય બની ગયું છે!

**હ**વે હું જ્યાં જાઉં ત્યાં પ્રકાશ ન ફેલાય એ શક્ય નથી. હવે હું જે માટીમાં પગ મૂકું ત્યાં સુગંધિત ગુલાબો ન ખીલે એ સંભવિત નથી, અને હવે હું તમને મળું અને તમારામાં પ્રેમ પ્રગટ ન થાય એ શક્ય નથી, કારણ કે મને હવે આત્મસાક્ષાત્કાર થયો છે. હવે હું મને

Aksharnaad.com

ઓળખી ગયો છું અને મેં મને જ જોયો છે.

**આ**નંદ-આનંદ-આનંદ. આજે બધું કેવું અદ્દભુત અદ્દભુત લાગે છે! તારા અને મારા વચ્ચેનો સંવાદ હવે પૂરો થયો છે અને હું અને તું એક બની ગયા છીએ. હું મૌન બની જાઉં? જ્યારે મેં જાણ્યું કે હું જ તારી ઇચ્છા હતો ત્યારે હવે શું ઇચ્છું? અરે પ્રેમ! હવે હું તો કેવો સાવ ઓગળી ગયો છું! કશું જ નથી, કશું જ નથી!

**હ**વે તું મારામાં સમાઇ ગયો છે. તું મારામય બની ગયો છે. અને હું- મારું ક્યારેય અસ્તિત્વ જ હતું ખરું? ફક્ત એકાકાર-એકાકાર-રાખ બધી જ હવામાં ઊડી ગઇ અને આ તારી ધરતી પર ફેલાઇ ગઇ. સળગવા જેવી જે કંઇ ચીજ મારામાં હતી એ સળગીને પ્રકાશ બની ગઇ અને હવે પાછળ ફક્ત રહ્યો છે પ્રેમ. વિસ્તર્યા કરે છે, વિસ્તર્યા કરે છે. અને હવે તો આ તારું બ્રહ્માંડ પણ મને કેવું નાનું નાનું લાગે છે!- ખોબા જેવું.

**અ**ને હવે ફક્ત મૌન. હવે જે કંઇ તારા અને મારા વચ્ચે સંભવી રહ્યું છે તે હું શબ્દમાં વર્ણવી શકું એમ નથી. તારા અને મારા વચ્ચે હવે જે કંઇ સંભવે છે એ જો તેઓ જાણવા ઇચ્છતા હોય, માણવા ઇચ્છતા હોય તો તેમને કહે કે તેઓ આપણી જેમ પ્રગટે, સળગે, મહેકે અને પ્રેમ બનીને વિસ્તરે. તમને સાક્ષાત્કાર થાવ- તમારો.

## ભાગ્ય

**ત**મે જ્યોતિષશાસ્ત્ર વિશે જાણવા ઇચ્છો છો, તમને આવતી કાલની ચિંતા છે અને તમારે આકાશમાં ફરતા ગ્રહો વિશે જાણવું છે કારણ કે તમે આજ વિશે કશું જાણતા નથી- કારણ કે તમને આ ક્ષણની ચિંતા નથી. કારણ કે તમને તમારી જાત વિશે કશી જ ખબર નથી.

**દૂ**ર બેઠેલા ગ્રહોને તમારી જરા પણ ચિંતા નથી. તેઓ પોતાનું કર્તવ્ય બજાવે છે. તેઓ તમને શા માટે લાભ કે હાનિ કરે? વ્યક્તિગત રીતે તમારું શું મહત્ત્વ છે એમની પાસે? ગ્રહો એમની રીતે યુગોથી સૂર્યની પ્રદક્ષિણા કરે છે. જો માનવ જીવન એ પ્રદક્ષિણા પર આધારિત હોત તો એ યુગો પહેલાં જેવું હતું તેવું જ આજે પણ રહ્યું હોત.

**સા**માન્ય રીતે માનવીને પરાવલંબી થવું ગમે છે. જ્યારે એને જીવનનું રહસ્ય મળતું નથી ત્યારે એ તુક્કાઓ લગાવીને જીવનના સંબંધો ગમે ત્યાં ગમે તેની સાથે જોડી દે છે. જ્યોતિષશાસ્ત્ર આ તુક્કાઓ પર આધારિત છે અને તુક્કાઓ સિવાય કશું નથી.

**અ**ને જ્યારે તમે તુક્કાઓ પર વિશ્વાસ મૂકો છો ત્યારે એ તુક્કાઓ તમારા માટે સર્વસ્વ બની જાય છે. યાદ રાખો તમારો વિશ્વાસ સર્વોપરી છે. તુક્કાઓ પરના તમારા વિશ્વાસના કારણે તુક્કાઓ પણ વિશ્વસનીય બને છે.

Aksharnaad.com

તમે નક્કી કરો છો કે કોઈ ગ્રહ કોઈ રાશિમાં જવાથી તમને નુકસાન થશે, તમે એ ગણતરી પર વિશ્વાસ કરો છો અને એ વિશ્વાસના કારણે જ તમને નુકસાન થાય છે. એ જ રીતે જ્યારે તમારી ગણતરીઓ લાભનો હિસાબ માંડે છે ત્યારે ક્યારેક તમને લાભ પણ થાય છે. અને તમને આ આશ્ચર્યજનક લાગે છે.

જ્યારે આ બધો વિશ્વાસનો જ ખેલ છે તો તમે તમારી જાત પર જ વિશ્વાસ શા માટે નથી કરતા? પ્રકૃત્તિએ તમને નિષ્ફળ બનાવવા જીવન નથી આપ્યું. એ તમારી પાસે સફળતાની આશા રાખે છે. દરેક મનુષ્ય સફળ થવા માટે જ સર્જાયો છે. સફળતાની દરેક શક્યતા તમારામાં છે.

તમે તમારી સફળતા અને નિષ્ફળતાનો આધાર ભૌતિક સંપત્તિના આધારે કરવા ચાહો છો? તો તમને તુક્કાઓ મુબારક. કરોડોની સંપત્તિ, સત્તા એ કંઈ સફળતા નથી. સફળતા છે સંતોષમાં. કરોડોની સંપત્તિ અને બેસુમાર સત્તાથી તમારો અસંતોષ ભડકે બળે છે કારણ કે તમે વધુ અને વધુ પ્રાપ્તિની પાછળ લાગ્યા છો અને જ્યારે તમને ઠોકર લાગે છે ત્યારે તમે આકાશના સિતારાઓ તરફ નજર નાખો છો.

તમારી કુંડળીઓ અને હાથની રેખાઓને તમે, માર્ગદર્શક તરીકે સાથે રાખો છો. શા માટે? તુક્કાઓને કારણે બનેલા નકશાઓ મંઝિલ પર પહોંચવા કામ લાગતા નથી. અને તમારી હાથની રેખાઓ તો ફક્ત તમારો ચહેરો છે. તમારા જ ચહેરાને જોઈ તમે શું મેળવશો? યાદ રાખો, હાથની રેખાઓ તમને નથી દોરતી તમે હાથની રેખાઓ દોરો છો.

અને આવતી કાલની ચિંતા તમે આજે શા માટે કરો છો? આવતી કાલની ચિંતા જ તમને નિર્બળ બનાવે છે. આવતી કાલ માટે આજે પુરુષાર્થ કરો. એ તમારી આવતી કાલનું નિર્માણ કરશે.


તમારી સફળતા જોવા માટે આકાશના બધા જ ગ્રહો અને સિતારાઓ આતુર છે. કાલે સૂર્ય ઉગવાનો છે. એક દિવસ કાલનો પડકાર બની એ તમારી સામે ઊભો રહેશે. આ પડકારને ઝીલવો એ તમારું કર્તવ્ય છે. અને જે મનુષ્ય કર્તવ્ય બરાબર પાર પાડે છે તેનું ભાવિ ઉત્તમ છે.

તમને ખબર છે તમારું ભવિષ્ય તમારા ભૂતકાળ અને વર્તમાન પર આધારિત છે? અને તમારા ભૂતકાળ અને વર્તમાનના તમે જ માલિક છો એ કેમ ભૂલી જાવ છો? ભવિષ્ય પણ વર્તમાન બને છે અને પછી ભૂતકાળ.

અને તમારી હાથની રેખાઓ તમારા પંજામાં છે અને તમારો હાથ પુરુષાર્થનો પ્રતીક છે, કારણ કે તમારું પ્રારબ્ધ પુરુષાર્થ પર આધારિત છે.

તમારા જીવન અને દૂરના ગ્રહોની ચાલ વચ્ચે તાલમેળ બેસાડનારા તુક્કાબાજો જીવનથી ભાગનારા છે. જવાબદારીઓથી ભાગનારા છે અને પુરુષાર્થથી ભાગનારા છે. એવો પુરુષાર્થ કરો કે આકાશમાં દેખાતા ગ્રહો અને સિતારાઓ તમને અનુકૂળ બની ચાલવા લાગે. આ જ તમારું ભાગ્ય બને.

Aksharnaad.com



## સર્જન

**મ**ન અને મનની શક્તિઓ વિશે માણસ થોડું જાણતો હતો અને વધુ અજ્ઞાન હતો. આ જગતમાં મનની શક્તિથી મોટી કોઇ શક્તિ નથી. મનુષ્યે જે કંઇ પ્રાપ્ત કર્યું છે તે એની મનની શક્તિના કારણે. મન જ મનુષ્યને પ્રગતિ કરવા ધકેલે છે. એ કારણે જ એને જ્ઞાનની ઝંખના જાગૃત થઇ જાય છે. મનુષ્ય કલ્પના ન કરી શકતો હોત તો? એ આજે જ્યાંનો ત્યાં જંગલી અવસ્થામાં જ હોત. આમ છતાં મન એ શક્તિ છે અને અલૌકિક શક્તિ છે. એ વિશે સદીઓ પહેલાં પણ એ અજાણ નહોતો. અને શક્તિ હંમેશાં બેધારી તલવાર હોય છે. ઉપરાંત મનની શક્તિ તો આ જગતના દરેક મનુષ્ય પાસે છે. પિસ્તોલ, છરી કે અણુબૉમ્બ પર પ્રતિબંધ મૂકી શકાય. એ મેળવવા મુશ્કેલ, પણ મન? એના પર પ્રતિબંધ કેવી રીતે મૂકવો? મનની શક્તિ સર્જન પણ કરી શકે અને સંહાર પણ.

**અ**ને એટલે જ મનુષ્ય મનથી ડરતો રહ્યો. નિર્વિકલ્પતા અને નિર્વિચારિતા એ મનની નિષ્ક્રિયતા છે. એક નાનું બાળક ચેતનાથી ધબકે છે. એ સતત ઉછળ-કૂદ કરે છે, તોફાનમસ્તી પણ કરે છે. તમે એને ધમકાવો છો- મારો છો અથવા લાલચ આપો છો અને એ શાંત બની જાય છે. કદાચ તમે રાજી થાવ બાળકને શાંત કર્યાથી પણ તમને ખબર છે કે તમે તમારા બાળકની શક્તિઓને હણી નાખી?!

**આ** જ રીતે તમે મનને નિર્વિકલ્પ-નિર્વિચાર કરો છો ત્યારે તેની શક્તિઓને હણી નાખો છો. તમને આમ શીખવવામાં આવ્યું છે તેનાં બે કારણો હોઇ શકે: એક તો શીખવનારનું અજ્ઞાન અથવા પ્રપંચ.

**યા**દ રાખજો, આ જગતમાં વિશ્વમાં મનના આવેગને કોઇ રોકી ન શકે. મનની શક્તિને તમે નાથો છો અને પોતાના જ હાથપગ કાપી નાખો છો. આ પ્રચંડ શક્તિનો રચનાત્મક-સર્જનાત્મક ઉપયોગ કરતાં શીખો તો તમે શું ન કરી શકો?

**નિ**ર્વિચાર અને નિર્વિકલ્પ અવસ્થા શક્ય જ નથી. ભટકતા મનને એકાગ્રતાના નામે તમે કોઇ ખીલે બાંધો છો અને કેટલું ગુમાવો છો?

**અ**નેક મનુષ્યો નિર્વિચાર અને નિર્વિકલ્પ અવસ્થાથી ભોળવાય છે. તેમના કહેવા પ્રમાણે તેઓ ગજબનાક શાંતિ અનુભવે છે. પણ મને કહેવા દો કે આ સ્મશાનની શાંતિ છે. ચૂપચાપ નિષ્ક્રિય બેઠા રહેવાથી જે શાંતિ મળે છે એ કરતાં, તમે ક્યારેય કોઇને સર્જન કરતાં જોયો છે? એ જે શાંતિ અને આનંદનો અનુભવ કરે છે એ તમે માણ્યો છે? કોઇ ચિત્રકારને પૂછો, કોઇ કવિને પૂછો, કોઇ શિલ્પકારને પૂછો-સર્જન એને કેવી અનુપમ શાંતિ આપે છે!

**જે** મન સર્જન નથી કરતું એ વિસર્જન કરે છે. મનુષ્યો આ જગતમાં કંઇક ને કંઇક સર્જવા મથતા જ હોય છે. પૈસા મેળવવાના હવાતિયાં તમે જોયાં છે? કીર્તિ મેળવવાની ઝંખના પાછળ ભટકતા માણસો તમે જોયાં છે? સત્તા માટે સાઠમારી કરતા મનુષ્યોથી તમે અજાણ છો? અને વાસના પાછળ ભૂરાયા થયેલા મનુષ્યોનો તમને શું અનુભવ નથી?


Aksharnaad.com

નિર્વિકલ્પ અને નિર્વિચારની વાતો કરનારા તમારા પર બોજ થઇ પડ્યા છે, જે મનુષ્ય કશું સર્જતો નથી એને આ સૃષ્ટિ પર રહેવાનો અધિકાર નથી. જે સર્જન નથી કરતો એ સર્જનહાર સાથે કદમ મેળવી શકવાનો નથી. એ તેની સાથે આંખ મેળવી શકવાનો નથી.

નિર્વિકલ્પ-નિર્વિચાર એ પણ કલ્પના અને વિચાર જ છે, પણ મૃત. એનો શો અર્થ છે? આ કાયરતાથી વિશેષ કશું જ નથી. તમે તમારી જાતે જ વિચારો. તમારું સર્વસ્વ ભલે કોઇ લૂંટી લે, તમારા વિચારોની શક્તિને લૂંટાવા ના દેશો.

કહો-કરોડો, અબજો મનુષ્યો આ જગત પર થઇ ગયા- મરી ગયા. તેમના દેહનો પત્તો નથી- ફક્ત બાકી રહ્યા છે એમના વિચારો. શા માટે? કારણ કે ફક્ત વિચારને જ અમરત્વ પ્રાપ્ત છે. તમે જે 'ધર્મ'ની વાતો કરો છો, તમે જે 'વાદ'ની વાતો કરો છો, એ મૂળમાં વિચાર સિવાય છે શું?

અહીં કશી જ દ્વિધા નથી. એક અને એક બે જેટલી જ સ્પષ્ટ વાત છે. સત્વશીલ સર્જન સારું કે નિષ્ક્રિયતા? અલબત્ત, ખતરનાક વિચારો ન કરશો. સાથે જ તમારી વિચારશક્તિનો નાશ ન કરશો. એને ધીરે ધીરે સર્જક બનાવો. પાણીના પૂરમાં લાખો નાશ પામે છે તેથી શું તમે પાણી પીવાનું છોડી શકશો?


જે લોકો વીજળીને નાથી નથી શકતા તેઓ અંધારામાં રહે છે. તેઓ અંધકારની ગમે તેટલી પ્રશસ્તિ કરે તેથી શું? પ્રકાશને આવકારો, વિચારોને આવકારો, સુંદર કલ્પનાઓ માટે તૈયાર થાવ. સર્જક બનો- જો તમારે 'તે' બનવું હોય તો.

## જિંદગી

કારણ કે તમે જિંદગીને આશીર્વાદ નહીં, એક અભિશાપ તરીકે સ્વીકારી છે. જિંદગીને તમે જે રીતે સ્વીકારો છો એ રીતે જ એ તમારી સામે આવે છે. તમારી જિંદગી તમારા વિચારોનું, તમારી માન્યતાઓનું પ્રતિબિંબ છે. જિંદગી તો કાચી માટી, કોરો કેન્વાસ કે પછી કોરો કાગળ છે. એના પર તેવા જ ઘાટ ઘડાવાના, ચિત્ર બનવાના કે શબ્દ ઊપસવાના જેવા તમે વિચારો છો.

જિંદગી વિશે તમે ક્યાં વિચાર્યું છે. તમે તો કોઇના શબ્દો સાંભળીને આંધળો વિશ્વાસ મૂકવા સિવાય કશું જ કરતા નથી. પ્રથમ તો જિંદગીના મહત્વને સમજો. જિંદગી કંઇ પાપની સજા નથી. જિંદગી કંઇ કોઇને શોધવા માટે વ્યર્થ ગુમાવી દેવા માટે નથી. જિંદગી એટલી અમૂલ્ય છે કે તમારી સમગ્ર ભૌતિક સંપત્તિ પણ કોઇ વિસાતમાં નથી.

Aksharnaad.com



**અ**ને તમારી હતાશાનું કારણ તમારી પરંપરા છે. જિંદગીને યુગોથી તમે ફક્ત 'આવનજાવન' માનો છો. જિંદગીની આ ક્ષણની કિંમત તમને સમજાવવામાં આવી જ નથી. તમે તો તમારા ભૂતકાળ અને ભવિષ્યકાળમાં જ એવા ખોવાયા છો કે જિંદગીના વર્તમાનને માણી શકતા પણ નથી. જિંદગી ઉત્સવ છે, એને ઊજવો. આવતી કાલે આવનારા મૃત્યુનો માતમ આજે શા માટે મનાવો છો?

**જિં**દગી પ્રત્યેનો અભિગમ બદલો, મિત્ર, જિંદગી પ્રેમથી જીવો. તમારા દરેક કાર્યમાં પ્રેમ ભરો. મહત્ત્વનું એ નથી કે તમે ડૉક્ટર છો કે મોચી, મહત્ત્વનું એ નથી કે તમે શેઠ છો કે મજૂર: મહત્ત્વ ફક્ત એનું છે કે તમે તમારું કાર્ય કેવી રીતે પાર પાડો છો, જોડા સીવવાના કાર્ય પ્રત્યે તમને પ્રેમ હોય તો સર્જરી-ફક્ત વ્યાવસાયિક રીતે સર્જરી-કરતા ડૉક્ટર કરતાં તમે મહાન છો. અને જો તમારી મજૂરીમાં પ્રેમ ભર્યો હશે તો તમે જીવન જીવી રહ્યા છો.

**અ**ને હું જ્યારે પ્રેમ કરવાની વાત કરું છું ત્યારે તમને નિષ્ક્રિય થવાનું નથી કહેતો. તમે બૅન્કમાં ક્લાર્ક હો તો કોઈ ખાતેદાર સાથે પ્રેમથી વર્તી જુઓ. તમારા સહકાર્યકર સાથે

Aksharnaad.com

પ્રેમથી ક્યારેય વર્ત્યા છો? નિ:સ્વાર્થ ભાવે ફક્ત પ્રેમ ખાતર તમે કોઈ કાર્ય કર્યું છે? ફક્ત સ્વાર્થ ખાતર તમે જીવો છો. અન્ય સાથે તમારો વ્યવહાર ફક્ત સ્વાર્થનો જ છે, અને તો તમારા સ્વાર્થને સહજ ઠેસ વાગશે અને તમે નિરાશ થશો.

નિ:સ્વાર્થ પ્રેમ ફક્ત આપે છે. એ બદલામાં સામી વ્યક્તિ પાસે પ્રેમની આશા પણ શા માટે રાખે? તમારી પત્ની કે પતિ સાથે પણ તમે નિ:સ્વાર્થ પ્રેમ નથી કરતા. મા પણ પુત્ર પાસે આશા રાખે છે. અને પછી તમે હતાશ-નિરાશ થાવ એ સ્વાભાવિક છે. આશા રાખો છો તો નિરાશ થવું પડે છે.

તમારી હતાશાનું કારણ તમારો સ્વાર્થ છે. અને તમે કહેશો કે સ્વાર્થ વગર જીવવામાં સ્વાદ ક્યાંથી આવવાનો? મિત્ર, આ એટલી સૂક્ષ્મ વાત છે કે હું તમને શબ્દોમાં કેવી રીતે સમજાવું? હું તો એટલું કહીશ કે ફક્ત એકાદવાર જેને સ્વાદ વગરની નિ:સ્વાર્થતા કહે છે એનો સ્વાદ તું માણી જો. આ જગતમાં શુદ્ધ પાણીના સ્વાદ કરતાં કોઈ ચઢિયાતો સ્વાદ નથી. અને છતાં માણસે આ શુદ્ધ જળને અનેક રીતે અશુદ્ધ કર્યું છે: શરબત અને શરાબ.

અશુદ્ધતા-સ્વાર્થ-વગર જીવી જ ન શકાય એમ તમે સ્વીકારી લીધું છે. નિરાશા અને હતાશા તમારી આ માન્યતાનાં ફરજંદ છે. સ્વાર્થને નિષ્ફળતા મળે છે.

જિંદગી પ્રત્યેના નકારાત્મક અભિગમથી હતાશાનો જન્મ થાય છે. અજ્ઞાનના કારણે નકારાત્મક અભિગમ જન્મે છે. તમારે ક્યાં જવું છે એ જ તમને ખબર ન હોય તો તમે કેવી મુશ્કેલીમાં મુકાવ? જ્યારે મુસાફરી શરૂ કરો છો ત્યારે તમે મંઝિલ નક્કી કરો છો અને પછી ત્યાં પહોંચવાનો માર્ગ. પણ મંઝિલ જ નક્કી ન હોય અને તમે ભટકો ત્યારે નિરાશા જન્મે.

જિંદગીના પ્રવાસમાં સામેલ જ થયા છો તો પછી એ પ્રવાસનો આનંદ શા માટે નથી લૂંટતા? જીવનની ક્ષણક્ષણના બદલે આનંદ મેળવતાં શીખો. હર કાર્ય આનંદથી-પ્રેમથી કરો. જ્યારે તમે તમારા દરેક કાર્યના બદલામાં શુદ્ધ પ્રેમ મેળવતાં શીખશો ત્યારે તમારી સામે હતાશા ઊભી પણ નહીં રહે.

જિંદગી તો આશીર્વાદ છે. તમે એને અભિશાપ તરીકે સ્વીકારી છે. વિશ્વના સર્વોત્તમ આનંદ- પ્રેમને પામવાની શક્તિ ફક્ત તમારી જિંદગીને મળી છે. તમારી આસપાસ તમે બાંધેલી નિરાશાની દીવાલો તોડીને બહાર નીકળો. જુઓ, ખુલ્લું આકાશ અમર્યાદ તમને પોકારી રહ્યું છે. અને ત્યાં છે ફક્ત આનંદ.

નિરાશા-હતાશા એ ધાર્મિકતા છે. ભૌતિકતા પામવાની દોડમાં કોઈ આગળ પાછળ રહી શકે. પણ જે ધાર્મિકતા-આધ્યાત્મ-પ્રેમ ઈચ્છે છે ત્યાં કોઈ સ્પર્ધા નથી. અને જો તમે હતાશ થવા ન ઈચ્છતા હો તો ફક્ત પ્રેમનો વ્યવહાર કરો. પ્રેમ આપો, આપો અને આપો. બદલામાં કશું જ નહીં. ફૂલ ખીલે છે, સુવાસ ફેલાવે છે અને ખરી પડી માટીમાં ભળી જાય છે. પણ એ જીવન અપ્રતિમ છે અને એ જ આનંદ છે.

Aksharnaad.com

## કળિયુગ

અને તમે કહો છો કે આ કળિયુગ છે. કારણ કે તમે નિરાશાવાદી છો, કારણ કે તમે આશાને જીરવી શકો એમ નથી. મનુષ્યને સહજ નિરાશાવાદી થવું ગમે છે. કારણ કે એમાં કશો પ્રયત્ન કરવો પડતો નથી. આશા રાખવી, એને સિદ્ધ કરવી એ માટે પુરુષાર્થ કરવો પડે છે.

તમે નિરાશાવાદી હો તો તમારા માટે આ કળિયુગ છે. અને જો તમે આશાવાદી-પુરુષાર્થી હો તો તમારા માટે આ સર્વોત્તમ યુગ છે. ભૂતકાળના નિરાશાવાદી દૃષ્ટાઓએ ભાવિને અંધકારમય કલ્પ્યું હતું અને એટલે જ એમણે ક્રમશ: માનવજાતની અધોગતિના દર્શન કર્યા હતા.

આમ છતાં માણસે પ્રગતિ કરી છે. એ વધુ શાણો બન્યો છે. એ વધુ ને વધુ માનવીય બનતો રહ્યો છે. અને એણે પોતાનું લક્ષ્ય ઈશ્વરત્ત્વ તરફ રાખ્યું છે. અલબત્ત એમની લઘુમતી છે. છતાં તેઓ જ માનવીય જીવનના સાચા પ્રતીક છે. આજે માણસ માણસને વધુ સારી રીતે સમજે છે અને આજે માણસ માણસની વધુ નજીક આવ્યો છે.

અને જે કંઇ ખરાબી જોઇને આજે તમે કહો છો કે, અરેરે, ઘોર કળિયુગ- એ બધી જ ખરાબીઓ વધુ ખરાબ સ્વરૂપે અને વધુ મોટા પ્રમાણમાં ત્યારે હતી, આજે છે અને ભવિષ્યમાં રહેશે, જો તમે આવા જ નિરાશાવાદી રહ્યા તો.

એમણે તો માનવજાતનું ભાવિ ખરાબ છે એમ ધારીને મનુષ્યને ખરાબ ભાવિના હવાલે કરી દીધો. તમે એવું શા માટે કરો છો? માનવીનું ભાવિ ઉજ્જવળ છે. માનવી એ આ પ્રકૃતિની સર્વોત્તમ કૃતિ છે અને તેનું ભાવિ સર્વોત્તમ છે. પ્રકૃતિ જેટલો આશાવાદી કોઈ નથી અને આશાવાદી જ સર્વોત્તમ રચના કરી શકે છે.

કાળ ક્યારેય પાછો ફરતો નથી. એ હંમેશા આગળ ધપે છે. અને આગળ ધપનારા નિરાશાવાદી હોતા નથી. તેઓ સદા સર્વોત્તમને પ્રાપ્ત કરે છે. અને યાદ રાખો કાળ-તમને નથી ઘડતો તમે કાળને ઘડો છો.

કળિયુગ શબ્દ નિરાશાવાદીઓની ઢાલ છે. કળિયુગ શબ્દથી તેઓ પોતાની નિષ્ફળતાના ઉકરડાઓને ઢાંકે છે.

અને યુગ આખરે ઓળખાય છે કોના થી? માનવીથી. માનવી ધારે તો યુગને પલટી શકે છે. ચાલો આપણે યુગને પલટીએ. અને આ કંઇ અઘરું નથી. જ્યારે માણસ માણસથી દૂર હતો, જ્યારે માણસનું જગત સીમિત હતું ત્યારે પણ કેટલાક વીરલાઓએ સફળ પ્રયત્ન કર્યો છે તો આજે તો યુગ પલટવા માટે ખૂબ અનુકૂળતા છે.

Aksharnaad.com

**અ**ને આ કામ માટે તમે અવતારોની આશા રાખી બેઠા છો. શા માટે? શક્યતા છે કે તમે જ એ અવતાર હો. શક્યતા નહીં, મને તો ખાતરી છે. ઈશ્વરત્વ હવે કંઈ એક વ્યક્તિમાં ન અવતરી શકે. એ આપણા બધામાં જ અવતરી શકે. અવતારોની આશા એ તમારી વ્યક્તિગત નિરાશા છે.

**આ** કળિયુગ છે એ વાત તમે ભૂલી જાવ. જે યુગમાં તમારું અસ્તિત્વ હોય એ કળિયુગ કેવી રીતે હોઈ શકે? આ યુગને કળિયુગ કહેવા માટે જે કંઈ કારણો તમારી પાસે છે એ બધાં જ તમારી નિરાશાએ સર્જ્યાં છે. એ માટે તમે જ અને તમારા પૂર્વજો જ જવાબદાર છો.

**ત**મારો કળિયુગ એ તમારું સર્જન છે. એ માટેની બધી જ જવાબદારી તમારી છે. તમે કળિયુગ માગ્યો હતો અને એ તમને મળ્યો છે. મને તમારા કળિયુગ સાથે કોઈ સંબંધ નથી. કારણ કે હું તો આને સર્વોત્તમ યુગ માનું છું અને એ મેં માગ્યો છે અને મને મળ્યો છે. કળિયુગ તમને ગમતો હોય તો રાખો ન ગમે તો છોડી દો અને... સર્વોત્તમ યુગને સ્વીકારો.

Aksharnaad.com